# ગ્રહોના શુભ અશુભ ફળ અને કારકત્વ



લેખક
શક્તિ પ્રસાદ રાવલ
ગોલ્ડ મેડાલીસ્ટ (એમ. એ. આર. પી.)

Scanned with CamScanner

# ગ્રહોના શુભ અશુભ
# ફળ અને કારકત્વ




લેખક

**શકિતપ્રસાદ રાવલ**

**ગોલ્ડ મેડાલીસ્ટ (એમ. એ. આર. પી.)**



કિંમત – રૂા. ૧૫૦/–

પરદેશ માટે :– **$ 20/-**



Scanned with CamScanner

મુદ્રક : કોમ્પ્યુટર રાઇઝડ કરનાર
ટારગેટ કોમ્પયુટર સેન્ટર
વાંકાનેર.
પ્રાપ્તી સ્થાન : ટારગેટ કોમ્પ્યુટર
વાંકાનેર.
પ્રકાશક : ડી. એસ. રાવલ
વાંકાનેર - ૩૬૩૬૨૧.
પ્રિન્ટેડ બાય : **રેઈન્બો કોમ્પ્યુટર & ગ્રાફિક્સ**
સદ્દગુરૂ સાનીધ્ય કોમ્પ્લેક્ષ, ઓફિસ
નં. ૧૧૦, સંતકબીર રોડ, રાજકોટ-૩.
ફોન : ૬૦૪૨૨૦

# લેખકના અન્ય પુસ્તકો

(૧) નાડી અંશ ગણિત વિભાગ
(૨) નાડી અંશ - ફલિત સિધ્ધાંત
(૩) ગ્રહોના શુભ - અશુભ ફળ અને કારકત્વ

## લેખક પરીચય



લેખક શ્રી શક્તિપ્રસાદ મૂલશંકર રાવલ જયોતિષ શાસ્ત્રના મૌલિક દષ્ટ્રા અને સરળ શૈલીના લેખક છે. લેખકના પિતાશ્રી મૂલશંકર ભાઇશંકર રાવલ (ગણિત જયોતિષ શાસ્ત્રી - બનારસ) જયોતિષશાસ્ત્રના વયોવૃધ્ધ પ્રખર વિદ્વાન છે.

લેખકે જયોતિષ શાસ્ત્રનો પિતાજીનો વારસો જાળવી રાખવાના હેતુથી આ શાસ્ત્રનુ જ્ઞાન મેળવવાની શરૂઆત સને ૧૯૭૨ - ૭૩ ના વર્ષથી કરી. અને બહોળા અભ્યાસ અને સંશોધનો દ્વારા સને ૧૯૭૮ - ૭૯ માં લેખક તરીકે પ્રસિધ્ધી મેળવી. જયોતિષ દીપ (સંપાદક - મહેશરાવલ ) જન્મભૂમિ પંચાગ, સિમંધર પંચાગ, ભૂવનેશ્વરી પંચાગ - ગોંડલ વગેરે પ્રખ્યાત મેગેજીન - પંચાગોમાં જયોતિષ શાસ્ત્રના ગુઢ સિધ્ધાતો અને રહસ્યો વાંચક વર્ગને ઉપયોગી થાય તેવી સરળ શૈલીમાં રજુ કરેલ છે.

લેખકને જુદી-જુદી સંસ્થાઓ જેવી કે ઓલ ઇન્ડીયા એસ્ટ્રોલોજર્સ ફેડરેશન - અમદાવાદ, ઇન્ટરનેશનલ એસ્ટ્રોલોજીકલ એકેડમી - મુંબઇ, બૃહદ ગુજરાત એસ્ટ્રોલોજીકલ સોસાયટી - અમદાવાદ, એસ્ટ્રોલોજીકલ રીસર્ચ પ્રોજેકટ - કલકત્તા જેવી વિશાળ સંસ્થાઓ દ્વારા બહુમાન થયેલ છે.

આર્યભટ્ટ એવોર્ડ, નક્ષત્રાચાર્ય, ગોલ્ડ મેડલ, દ્વારા બહુમાનીત શ્રી શકિત્ત પ્રસાદ રાવલ આંતર રાષ્ટ્રીય સંસ્થા એશીયન એસ્ટ્રોલોજીકલ કોંગ્રેસના સદસ્ય છે.

લેખકે તેમના નાડીઅંશ પુસ્તકમાં નાડી શાસ્ત્રમાં આપવામાં આવેલ ફળકથનને નાડીઅંશના ગણિત દ્વારા રજુ કરી લુપ્ત થઇ ગયેલ નાડી અંશનું ગણિત જયોતિષ શાસ્ત્રના ચાહકો માટે પુસ્તક દ્વારા રજુ કરેલ છે. આ પુસ્તક જયોતિષ શાસ્ત્ર ને એક અનુપમ પ્રદાન છે.

ગુરૂ ગમ્ય જ્ઞાનથી પુસ્તકો - લેખો દ્વારા જયોતિષ શાસ્ત્રના વાચક વર્ગ, ચાહક વર્ગ અને જનતા ને સારૂ એવું માર્ગદર્શન આપનાર શ્રી શકિત્તપ્રસાદ રાવલ જયોતિષ શાસ્ત્રની ઉમદા સેવા કરે છે.

*રાજકોટ* — *કરમશી લવજી ખારેચા*
તા.૧૪-૭-૯૯ — ( જયોતિષ રત્નાકર )

Scanned with CamScanner

# પુસ્તક પરીચય

॥ જય માતાજી ॥

ઉત્તર ભારતમાં ભૃગુ સંહિતા, રાવણ સંહિતા, સુર્ય સંહિતા વગેરે સંહિતાઓ પ્રચલિત છે. તેવીજ રીતે દક્ષિણ ભારતમાં નાડી ગ્રંથો પ્રચલિત છે. સપ્તઋષિ નાડી, ચંદ્રકળા નાડી પ્રસિધ્ધ છે.

નાડીનો સામાન્ય અર્થ જયોતિષ શાસ્ત્ર મા 'સમય' એવો થાય છે. આર્યુવેદમાં નાડીનો અર્થ 'રગ' થાય છે. જયોતિષ શાસ્ત્રના નાડી ગ્રંથોમાં ફળાદેશ આપવામાં આવેલ છે. પરંતુ નાડીઅંશોનું ગણિત આપવામાં આવેલ નથી. સ્વ. જગન્નાથ ભસીનનાં ચંદ્રકળા નાડી નામના પુસ્તકમાં જણાવ્યા મુજબ નાડી અંશોનુ ગણિત ઉપલબ્ધ નથી.

'નાડી અંશ' નામના આ પુસ્તકોમાં લેખકે ષોડષ વર્ગ અને નાડી અંશનું ગણિત રજૂ કરેલ છે. નાડી ગ્રંથોમાં નાડી અંશ અને ષોડષ વર્ગ, પૂર્વ ભાગ કે ઉત્તરભાગનો ઉલ્લેખ સાથે ફળકથન કરેલુ જોવા મળે છે.

દા.ત. ચંપકાશે પૂર્વભાગે કર્કટે તુ પ્રજાયતે, શુક્ર ત્રિશાંશકે જાતસ્તૃતીયો ભવતિ ધ્રુવમ્

''કર્ક લગ્ન હોય, ચંપક નામના નાડી અંશના પૂર્વ ભાગમાં જે જાતકનો જન્મ હોય તેનું શુક્રનું ત્રિશાંશ હોય છે. આ જાતક ત્રીજા ગર્ભથી ઉત્પન્ન થયેલ હોય છે. આ પ્રકારે નાડી ગ્રંથોમાં ફળ કથન થયેંલુ જોવા મળે છે.

નાડીઓના નામ ૧૫૦ છે. અને ષોડશવર્ગનું કોષ્ટક પણ ૧૫૦ થાય છે. પૂર્વભાગ અને ઉત્તરભાગ તથા ૧૫૦ નાડી અંશ અને ષોડશ વર્ગ તમામ નો સમન્વય કરતા દર ચાર સેકન્ડે નાડી અંશ ફળકથન કરે છે. જેની સ્પષ્ટતા ગણિત દ્વારા લેખકે કરેલ છે. જેના ઉપયોગથી વાચકવર્ગને નાડી ગ્રંથોમાં આપવામાં આવેલ ફળકથન નો સંપૂર્ણ ગણિતથી આધાર મળી રહેશે. જયોતિષ શાસ્ત્રના વિદ્વાન વાચકવર્ગને 'નાડીઅંશ' આ પુસ્તક ઘણુ જ ઉપયોગી નીવડશે તથા નાડી ગ્રંથોમાં આપેલ ફળકથન નું ગણિત સહેલાઇથી મેળવી શકાશે.

નાડી ગ્રંથના પુસ્તકો ઉપલબ્ધ છે. પણ કોઇપણ પુસ્તકમાં ગણિત વિભાગ આપવામાં આવેલ નથી. ઘણા બધા લેખકોએ નાડી ગ્રંથોના પુસ્તકોનો અનુવાદ કરેલ છે. પરંતુ ગણિત આપેલ નથી. આ પ્રથમ પુસ્તક છે જે નાડીગ્રંથોમાં આપવામાં આવેલ ફળકથન ગણિત દ્વારા શ્રી શક્તિપ્રસાદ રાવલ વકાંનેરવાળા એ સમજાવવા નો પ્રયત્ન કરેલ છે.

રાજકોટ
તા.૩૦-૬-૯૯

કરમશીભાઈ ખારેચા
( જયોતિષ રત્નાકર )
જયોતિષ શાસ્ત્રના ચાહક

# અર્પણ



પરમ પૂજય
મારા માતા-પિતા
તથા જયોતિષ શાસ્ત્રનું જ્ઞાન
આપનાર પિતા-ગુરૂના ચરણોમાં અર્પણ

Scanned with CamScanner

# ઋણ સ્વીકાર



જ્યોતિષ શાસ્ત્રના જ્ઞાનમાં આગળ વધવા માટે
તન–મન–ધન થી પ્રોત્સાહીત કરનાર
કે. રસીકલાલ & કું.ના આદ્ય સ્થાપક વડીલ
સ્વ. શ્રી રસીકલાલ સી. દવે
(રસીક કાકા)

**લેખક**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં |
|---|---|---|
| (૧) | ફળાદેશમાં નવમાંશનું મહત્વ | ૧ |
| (૨) | ગ્રહોના શુભ/અશુભ ફળ અને કારકત્વ (મેષ થી કર્ક) | ૧૦ |
| (૩) | ગ્રહોના શુભ/અશુભ ફળ અને કારકત્વ (સિંહ થી મીન) | ૧૮ |
| (૪) | છાયાગ્રહ રાહુ એક અભ્યાસ | ૩૩ |
| (૫) | નક્ષત્રપધ્ધતિથી ભવિષ્ય | ૪૭ |
| (૬) | નસીબ અને કલીમેક્ટ્રીકલ વરસો | ૫૭ |
| (૭) | શનિનું ફળ/એક અભિનવ પધ્ધતિ | ૬૩ |
| (૮) | નક્ષત્ર પધ્ધતિએ ગ્રહોનું સ્થાન ફળ | ૭૨ |
| (૯) | નક્ષત્ર પધ્ધતિથી યોગો અને ફળાદેશનાં સિધ્ધાંતો | ૮૩ |
| (૧૦) | ગ્રહોનો વિંશોંતરી ગોચર સમય | ૯૧ |
| (૧૧) | લગ્ન તારીખ આ પધ્ધતિથી શોધી શકાય છે. | ૯૯ |
| (૧૨) | ધંધા રોજગાર મેળવવાનો સમય આ પધ્ધતિ વડે નકિક કરી શકાય છે. | ૧૦૩ |
| (૧૩) | ગ્રહોનું નક્ષત્રફળ | ૧૦૮ |
| (૧૪) | નવમાંશ કોષ્ટક (નાડીઅંશ) | ૧૨૬ |
| (૧૫) | ગ્રહથી ગ્રહના બાર ભાવમાં શુભ અશુભ ફળ | ૧૨૮ |
| (૧૬) | અષ્ટક વર્ગ કોષ્ટક | ૧૩૯ |


Scanned with CamScanner

## ફળાદેશમાં નવમાંશનું મહત્વ

જયોતિષ વિદ્યાનું એક મહત્વનું સ્થાન એટલે નવમાંશ, અને તેના દ્વારા દરેક જયોતિષી પોતાના ફળાદેશમાં કેટલી સચોટતા લાવી શકે છે તેનું યથાયોગ્ય નિરુપણ અત્રે કરવામાં આવેલ છે. વાચક વર્ગ પણ પોતાના પ્રશ્નોના ઉતર આ માર્ગે મોકલી શકે તે વિચારીને આ લેખને અત્રે પ્રસ્તુત કરીએ છીએ.

ફળાદેશ મેળવવા માટે જયોતિષ શાસ્ત્રંમાં અનેક પધ્ધતિઓ પ્રચલીત છે. જેમાં જવમાંશ કુંડળી પણ મહત્વનો ભાગ ભજવે છે. જન્મકુંડળીમાં કોઈ ગ્રહ ઉચ્ચનો, સ્વક્ષેત્રી, મિત્રક્ષેત્રી, હોય પરંતુ નવમાંશ કુંડળીમાં જો નીચેનો, શત્રૂક્ષેત્રી થતો હોય તો અશુભ ફળ આપનાર બને છે. જન્મકુંડળીમાં કોઈ ગ્રહ નીચેનો, શત્રૂક્ષેત્રી હોય પરંતુ નવમાંશ, મિત્ર નવમાંશ, સ્વ નવમાંશ હોય તો શુભ ફળદાતા બને છે.

ગ્રહ જે નક્ષત્રાં હોય તે નક્ષત્રપતિ નવમાંશ કુંડળીમાં જે સ્થાનનો અધિપતિ હોય તથા જે સ્થાનમાં રહેલો હોય તેનું ફળ આપતો પણ જોવા મળે છે.

નવમાંશ તૂલ્ય રાશિ અને રાશિ તુલ્ય નવમાંશ પ્રમાણે કુંડળી મેળવતાં ફળાદેશમાં સચોટતાં અનુભવાય છે. આ સિધ્ધાંત આધારે નીચેના નિયમ મુજબ કુંડળી બનાવી શકાય છે. (૧) જન્મકુંડળીમાં જે લગ્ન હોય તે લગ્ન પ્રમાણેની કુંડળીમાં જેતે ગ્રહ નેતે રાશિમાં મુકવાં. (૨) સ્પષ્ટ લગ્ન ગ્રહો પ્રમાણે નવમાંશ કુંડળીમાં મુકવી. (૩) નવમાંશ પ્રમાણે કુંડળી મુકી જન્મ/પ્રશ્ન સમયના ગ્રહો પ્રમાણે જેતે ગ્રહો જેતે રાશિમાં મુકવાં. (૪) જન્મ લગ્ન પ્રમાણે કુંડળી મુકી સ્પષ્ટ ગ્રહો પ્રમાણે જેતે જે



Scanned with CamScanner

નવમાંશ રાશિમાં હોય તેમાં મુકવાં.

આ પ્રમાણે નવમાંશ તુલ્ય રાશિ અને રાશિ તુલ્ય નવમાંશની કુંડળી મેળવી શકાય છે.

સામાન્ય રીતે જન્મ/પ્રશ્ન કુંડળીમાં જે રાશિ જે સ્થાનમાં હોય તે નવમાંશમાં રહેલ ગ્રહ તે સ્થાનનું ફળ આપે છે. દા. ત. કર્ક લગ્નમાં લગ્ન ગુરુ હોય અને સિંહ નવમાંશ ગુરુ હોય તો ગુરુ ધનાંશ કહેવાય અને ધન સ્થાનનું ગુરુ ફળ આપનાર બને છે. આ પ્રમાણે જ.

કર્ક લગ્નમાં બારમે બુધ મિથુન રાશિમાં તથા વૃશ્ચિક નવમાંશમાં હોય તો બુધ પાંચમા સ્થાનનું ફળ આપનાર બને છે. અહીં બુધ પોતાની રાશિથી ૩ અને ૬ઠે હોવાથી શુભ ફળ આપનાર બને છે. કારણ કે પારાશરના નિયમ મુજબ ૩, ૬, ૮, ૧૨ નો સ્વામિ પોતાની રાશિ ૩, ૬, ૮, ૧૨ સ્થાનમાં શુભ ફળ આપનાર બને છે.

ગ્રહ જે નવમાંશમાં રહેલો હોય તે નવમાંશ રાશિ જન્મકુંડળીમાં જે સ્થાનમાં હોય તે સ્થાનનું શુભ–અશુભ ફળ આવે છે. તેવો સિધ્ધાંત પણ પ્રચલીત છે. નવમાંશ તુલ્ય રાશિ અને રાશિ તુલ્ય નવમાંશનો એવો પણ અર્થ થઈ શકે કે જન્મની કુંડળીમાં નવમાંશ પ્રમાણેના જેતે ગ્રહો મુકવા. તથા નવમાંશ કુંડળીમાં જે રાશિમાં જે ગ્રહો હોય તે પ્રમાણે મુકી ફળ તારવવા, આમ થતાં ચાર કુંડળી બને છે.

(૧) જન્મકુંડળી (૨) નવમાંશ (૩) જન્મલગ્નની કુંડળી (૪) નવમાંશ પ્રમાણેની કુંડળીમાં રાશિ પ્રમાણેના ગ્રહો. આ ચારેય કુંડળીના સમન્વય બાદ યોગ્ય ફળાદેશ તારવવું.

દૈવજ્ઞ વલ્લભે કહ્યુ છે કે



લગ્ને શુભેપિ યદ્યશઃ ક્રુરઃ સ્થાન્નેષ્ટ સિધ્ધિદઃ લગ્ન ક્રુરેપિ સૌમ્યાશઃ શુભર્દોશો બલિ યતઃ

લગ્ન શુભ હોય છતાં જો અંશ(નવમાંશ) ક્રુર હોય તો તે ઈષ્ટ સિધ્ધિને આપતો નથી અને લગ્ન ક્રુર હોય છતાં અંશ સૌમ્ય હોય તો શુભકારક છે. કારણકે અંશ જ બળવાન છે. તેમજ ક્રુર અંશ(નવમાંશ) માં રહેલો સૌમ્ય ગ્રહ પણ ક્રુર થાય છે અને સૌમ્ય અંશમાં રહેલો ક્રુર ગ્રહ પણ સૌમ્ય થાય છે. ક્રુર અંશમાં રહેલો સૌમ્ય ગ્રહની દૃષ્ટિ પણ દૃષ્ટ થાય છે અને સૌમ્ય અંશમાં રહેલ ક્રુર ગ્રહની દૃષ્ટિ પણ શુભ(સૌમ્ય) થાય છે.

લગ્નં ફલં તારાંકે સ્પષ્ટમ્

લગ્નનું ફળ અંશકમાં(નવમાંશ) માં સ્પષ્ટ છે. તેથી નવમાંશનું ઘણું જ મહત્વ છે.

રાશિના ગોચરથી શુભ ગ્રહ હોય તો પણ નવમાંશ ગોચરમાં જો શુભ હોય તો જ તે શુભ થાય છે.

મેષ લગ્નમાં–રાશિમાં સાતમો અને નવમો નવમાંશ, વૃષભ રાશિમા– લગ્નમાં પાંચમો અને ત્રીજો, મિથુન રાશિમાં–લગ્નમાં છઠ્ઠો, કર્કમાં પહેલો અને ત્રીજો, સિંહમાં છઠ્ઠો, કન્યામાં ત્રીજો, તુલામાં આઠામો અને નવમો, વૃશ્ચિકમાં ચોથો, ધનમાં છઠ્ઠો, સાતમો અને નવમો, મકરમાં પાંચમો, કુંભમાં છઠ્ઠો અને આઠમો, તથા મીનમાં પહેલો અને ત્રીજો આટલા નવમાંશમાં ચાર વર્ગ, પાંચ વર્ગ કે છ વર્ગ હોય, તે શુભ છે. પાંચ અને છ વર્ગની શુધ્ધિ તો કેટલાએક નવમાંશમાં સંપૂર્ણ રીતે છે. અને કેટલાએકમાં થોડા અંશે જ છે. (આરંભસિધ્ધિના મતે)



Scanned with CamScanner

નાડીગ્રંથોમાં નવમાંશ કુંડલી અને નવમાંશ ગોચરને ઘણું જ મહત્વ આપવામાં આવે છે.

જન્મકુંડળી અને નવમાંશ કુંડળીમાં જે ગ્રહની ત્રિકોણરાશિમાં નવમાંશમાં શનિ–રાહુ–મંગળ જેવા પાપગ્રહો રહેલા હોય તે ગ્રહના કારત્વ અંગેનું તથા તે ગ્રહ જે સ્થાનનો માલિક થોત હોય તેનું અશુભ ફળ
આપનાર બને છે. તથા જન્મકુંડળી અને નવમાંશ કુંડળીમાં જે ગ્રહની ત્રિકોણ રાશિમાં નવમાંશમાં ગુરુ–શુક્ર જેવા શુભ ગ્રહો રહેલા હોય, તે ગ્રહો ના કારત્વ અંગેનું તથા તે ગ્રહ જે સ્થાનનો માલિક થતો હોય તેનું શુભ ફળ આપનાર બને છે. દા.ત. શનિ મીનરાશિમાં છે અને ગુરુ કર્ક નવમાંશમાં છે અને/ અથવા શનિ મીન નવમાંશમાં છે અને ગુરુ કર્ક રાશિમાં છે અને/ અથવા શનિ મીન નવમાંશમાં છે અને ગુરુ કર્ક નવમાંશમાં છે. તો શનિના કારત્વ અંગેનું અને શનિ જે સ્થાનનો માલિક થતો હોય તથા જે સ્થાનમાં રહેલ હોય તેનું શુભ ફળ ગુરુ આપે છે. તથા ગુરુ ના કારત્વ અંગે અને ગુરુ જે સ્થાનમાં રહેલ હોય, જે સ્થાનનો માલિક હોય તેનું અશુભ ફળ શનિ આપનાર બને છે. ગુરુ સાથે અથવા ત્રિકોણમાં રહેલો શનિમોટી ઉંમરે સંતાન અંગેની ચિંતા આપનાર બને છે. સંતાન–વિદ્યા–ધન અંગે શનિ બાધક બને છે.

રાશિ તુલ્ય નવમાંશ અને નવમાંશ તુલ્ય રાશિ નીચે મુજબની ઉદા. કુંડળી પરથી સ્પષ્ટ થશે. ઉ.દા. કુંડળી જન્મ તારીખ ૨૭–૭–૧૯૫૯ સમય સવારના ૮–૧૫ કલાકે અક્ષાંશ ૧૮ ઉતર રેખાંશ ૭૦–૫૬ પૂર્વે

સ્પષ્ટ લગ્ન અને ગ્રહો



| | રાશિ–અંશ–કલા–વિક | ન.પતિ | ઉપપતિ | નવમાંશ |
|---|---|---|---|---|
| લગ્ન | ૦૪–૦૫–૪૫–૧૮ | કેતુ | રાહુ | ૨ |
| સૂર્ય | ૦૩–૧૦–૦૯–૩૮ | શનિ | શુક્ર | ૭ |
| ચંદ્ર | ૦૦–૦૪–૪૯–૦૨ | કેતુ | મંગળ | ૨ |
| મંગળ | ૦૪–૧૦–૫૮–૧૪ | કેતુ | શનિ | ૪ |
| બુધ | ૦૩–૨૫–૨૫–૨૧ | બુધ | રાહુ | ૧૧ |
| ગુરુ | ૦૬–૨૯–૦૧–૧૩ | ગુરુ | સૂર્ય | ૩ |
| શુક્ર | ૦૪–૧૯–૦૯–૧૨ | શુક્ર | રાહુ | ૬ |
| શનિ | ૦૮–૦૮–૨૮–૩૨ | કેતુ | ગુરુ | ૩ |
| રાહુ | ૦૫–૧૩–૫૩–૩૯ | ચંદ્ર | ગુરુ | ૨ |
| કેતુ | ૧૧–૧૩–૫૩–૩૯ | શનિ | રાહુ | ૮ |

ભોગ્યો વિશોતરી દશા કેતુ , વર્ષ–૫માસ–૧૯દિવસ

| | જ.કું. | ન.કું. | જ.લ. | નવ.લ. |
|---|---|---|---|---|
| નવ. | કુંડળી | નવ.ગ્રહો | જ. ના. | નવગ્રહો |
| લગ્ન | ૫ | ૨ | ૫ | ૨ |
| સૂર્ય | ૪ | ૭ | ૭ | ૪ |
| ચંદ્ર | ૧ | ૨ | ૨ | ૧ |
| મંગળ | ૫ | ૪ | ૪ | ૫ |
| બુધ | ૪ | ૧૧ | ૧૧ | ૪ |
| ગુરુ | ૭ | ૩ | ૩ | ૭ |
| શુક્ર | ૫ | ૬ | ૬ | ૫ |
| શનિ | ૯ | ૩ | ૩ | ૯ |
| રાહુ | ૬ | ૨ | ૨ | ૬ |
| કેતુ | ૧૨ | ૮ | ૮ | ૧૨ |

સમજઃ વચ્ચેના અંક જે તે ગ્રહની ચોકકસ રાશિ સૂચવે છે.



Scanned with CamScanner

દા.ત. ૫=સિંહ, ૧૧=કુંભ, ૧૨=મીન

સૂર્ય– કર્ક અને તુલા રાશિમાં છે તેથી ૧૨, ૩, ૪, ૬, ૧, સ્થાનનું ફળ આપનાર બને છે. ચંદ્ર–મેષ અને વૃષભ રાશિ–નવમાંશમાં છે તેથી ૧૦,૧૨, ૩, ૧૦ સ્થાનનું ફળ આપનાર બને છે. મંગળ–કર્ક–સિંહ રાશિ નવમાંશમાં છે તેથી ૧, ૪, ૯, ૩, ૭, ૧૨ સ્થાનનું ફળ આપનાર બને છે. ગુરુ–મિથુન–તુલારાશિ નવમાંશમાં છે તેથી ૧, ૩, ૧૦, ૫, ૬, ૨, ૪ સ્થાનનું ફળ આપનાર બને છે. શનિ–કર્ક–ધન રાશિ નવમાંશમાં છે તેથી ૫, ૬, ૭, ૩, ૯, ૧૦, ૮, ૧૨ સ્થાનનું ફળ આપનાર બને છે. રાહુ–બુધ તથા શુક્ર–ચંદ્રનો પ્રતિનિધી થાય છે અને કન્યા–વૃષભ રાશિ નવમાંશમાં છે તેથી જે ગ્રહનો પ્રતિનિધી થાય છે તેનું તથા ૨, ૧, ૧૦, ૫ સ્થાનનું ફળ આપનાર બને છે. કેતુ–ચંદ્ર–ગુરુ તથા મંગળનો પ્રતિનિધી થાય છે અને મીન–વૃશ્ચિકરાશિ નવમાંશમાં છે.તેથી જે ગ્રહની પ્રતિનિધી થાય છે તેનું તથા ૭, ૮, ૪, ૧૧ સ્થાનનું ફળ આપનાર બને છે.

નક્ષત્ર પધ્ધતિથી ફળદેશ મેળવવા માટે ગ્રહ જે નક્ષત્રમાં રહેલો હોય, તે નક્ષત્રપતિ જે સ્થાનમાં હોય તથા તેની રાશિ અને નવમાંશરાશિનું ફળ આપનાર બને છે.

દા.ત. કોઈપણ ગ્રહ સૂર્યના નક્ષત્રમાં રહેલો હોય તો સૂર્ય ૧૨, ૩, ૪, ૬, ૧, ૨ સ્થાન સાથે સંબંધમાં ઓવાથી સૂર્યના નક્ષત્રમાં રહેલ ગ્રહ ૧૨, ૩, ૪, ૬, ૧, ૨ સ્થાનનું ફળ આપે છે.

સામાન્ય રીતે નક્ષત્ર પધ્ધતિમાં નક્ષત્રપતિ જે સ્થાનમાં રહેલો હોય તથા નક્ષત્રપતિની જે સ્થાનમાં રાશિ હોય તેનું ફળ



ગ્રહ આપે છે. એવો સિધ્ધાંત રહેલો છે.

પરંતુ અનુભવે એવું જણાય છે કે નવમાંશમાં કુંડળી તથા રાશિ તુલ્ય નવમાંશ અને નવમાંશ રાશિતુલ્ય પ્રમાણેના નક્ષત્રપતિના આવતાં સ્થાનોનું ફળ ગ્રહ આપે છે. અનુભવે આ સિધ્ધાંત ઘણો સચોટ છે. વાચકો અનુભવ કરે.

નાડીગ્રંથ પ્રમાણે ગ્રહ પોતે જે રાશિ–નવમાંશમાં રહેલો હોય તેનું ફળ આપે છે. તથા ગ્રહની નવમાંશ રાશિ જન્મકુંડળ l–પ્રશ્નકુંડળીમાં જે સ્થાનમાં આવતી હોય તેનું ફળ આપે છે.

સ્પષ્ટ નવમાંશ જે પ્રમાણે આવે તે પ્રમાણે લગ્ન મુકી જન્મ/પ્રશ્ન સમયના ગ્રહો જે તે રાશિ પ્રમાણે મુકવાથી ફળ ાદેશ સાચું મેળવી શકાય છે. દા.ત. સિંહ લગ્નમાં વૃષભ નવમાંશ હોય તો વૃષભ લગ્ન મુજબ ગ્રહો મુકી ફળાદેશ તારવી શકાય છે. અને સાચું આવે છે.

નવમાંશ હોય તો વૃષભ લગ્ન મુજબ ગ્રહો મુકી ફળાદેશ તારવી શકાય છે. અને સાચું આવે છે.

વિષેશ :

ઉદા. ની કુંડળી જાતકનું લગ્ન શક્રની દશા–બુધની અંતરદશા તા.૧૬–૧–૮૦ થી તા. ૧૬–૧૧–૮૨ માં થયું. આ સમય દરમ્યાન પ્રથમ સંતાનોનો જન્મ થયો.

શુક્ર પોતાના નક્ષત્રમાં તથા બુધ પોતાના નક્ષત્રમાં છે. શુક્ર ૧–૩–૧૦–૫–૬–૨–૧૧ અને બુધ ૨–૧૧–૧૨–૫–૧૦–૭–૩ સ્થાન સાથે સંબંધ ધરાવે છે.

૨–૭–૧૧ સાથે સંબંધ હોવાથી લગ્ન થાય.

૨–૫–૧૧ સ્થાન સાથે સંબંધ હોવાથી પ્રથમ સંતાન થયું. મહાદશા કરતાં અંતરદશાનું મહત્વ ઘણું જ વધારે છે.



Scanned with CamScanner

ગ્રહ જે રાશિ–નવમાંશમાં રહેલો હોય તેનું મહત્વ વધારે છે. શુક્ર–બુધ સિંહ લગ્ન પ્રમાણે શુક્ર કન્યા નવમાંશમાં હોવાથી ૭માં સ્થાનનું પ્રબળ ફળ આપે છે.

બુધની મિથુન–કન્યા રાશિ છે. તેમાં શુક્ર–ગુરુ રાશિ–નવમાંશમાં છે. તથા ગુરુની ધન–મીન રાશિ છે. તેમાં શનિ કેતુ છે. સ્ત્રી ગ્રહોનું પ્રબળ ઘણું હોવાથી સંતાનમાં પુત્રી થાય. શનિ–રાહુ પાંચમા સ્થાન સાથે સંબંધમાં હોવાથી ધાર્મિક–નાગદોષ–પિતૃકાર્ય કરાવવાથી પુત્ર જન્મ શકય બની શકે. સાતમા ભાવ ઉપર મંગળનો ઘણો જ પ્રભાવ હોવાથી જાતકનો પતિ ગુસ્સેલ સ્વભાવનો, ઉતાળીઓ, જિદ્દી, ગુરુનો પ્રભાવ હોવાથી માયાળુ, લાગણીશીલ હોય.

સૂર્યની દશામાં ચંદ્રની અંતરદશા તા. ૫–૫–૧૯૮૪ થી તા. ૪–૧૧–૧૯૮૪ સુધી રહે છે. તે સમય દરમ્યાન જાતકને ઘરનું મકાન થયુ ચંદ્ર, કેતુના નક્ષત્રમાં છે. તેથી ૪–૧૨–૧૧ સ્થાનનું ફળ આપનાર બનેલ છે. અહીં પણ અંતરદશા મશત્વ સાબીત થાય છે.

સૂર્યની દશામાં ગુરુની અંતરદશામાં તા. ૪–૨–૧૯૮૬ થી ૨૩–૧૧–૧૯૮૬ સુધી રહે છે. આ સમય દરમયાન જાતકને બીજા સંતાનની પ્રાપ્તિ થઈ જેમાં બીજી દિકરીનો જન્મ થયો.

સિંહ લગ્નમાં ધન સ્થાનનો તથા લાભસ્થાનનો સ્વામિ બુધ છે. તથા વૃષભ લગ્નમાં ધનસ્થાનનો સ્વામિ બુધ અને લાભસ્થાનનો સ્વામિ ગુરુ છે. બુધ મિત્રનવમાંશમાં છે. તથા બુધ–ગુરુ નવમાંશમાં ત્રિકોણમાં છે. જે જીવનમાં ધનસુખ અને લાભ સારે આપનાર બને.

સિંહ લગ્નમાં ચંદ્ર બારમા સ્થાનનો તથા વૃષભ લગ્નમાં



ચંદ્ર ત્રીજા સ્થાનનો સ્વામિ થાય છે. શુક્ર ૩–૧૦ નો સ્વામિ થાય છે. વૃષભ લગ્નમાં ૧–૬ સ્થાનનો સ્વામિ શુક્ર થાય છે. ચંદ્ર–શુક્રના ત્રિકોણમાં શનિ–મંગળ–રાહુ છે. તેથી આરોગ્યની વારંવાર ફરીયાદ રહે. માતા તથા બહેનને કષ્ટ રહે. સાથોસાથ ચંદ્ર–શુક્રના ત્રિકોણમાં શનિ–મંગળ–રાહુ છે. તેથી જમીન–મકાન–સંતાન–સુખ–પતિસુખ રહે.

આ પ્રમાણે ફળાદેશમાં નવમાંશ કુંડળીનું તથા રાશિ તુલ્ય નવમાંશ અને નવમાંશ તુલ્ય રાશિનું ઘણું જ મહત્વ છે.

વાચક વર્ગને આ લેખ ઘણો જ ઉપયોગી થશે તેવી આશા સાથે વીરમું છું.



Scanned with CamScanner

# ગ્રહોનાં શુભાશુભ ફળ અને કારકત્વ

મહર્ષિ પારાશરના સિધ્ધાંત મુજબ પ્રથમ, પાંચમા અને નવમા ભાવના સ્વામીઓ શુભ ફળ આપનાર બને છે. ત્રીજા, છઠ્ઠા અને અગિયારમા ભાવના સ્વામી અશુભ ફળ આપનાર બને છે. ચોથા, સાતમા અને દશમા કેન્દ્ર સ્થાનના માલિક પોતાના સ્વભાવને ભૂલી જાય છે. નૈસર્ગિક પાપગ્રહ પોતાના સ્વભાવ પ્રમાણે (અશુભ) ફળ આપવાનું ભૂલી જાય છે અને નૈસર્ગિક શુભ ગ્રહ પોતાના સ્વભાવ પ્રમાણે (શુભ) ફળ આપવાનું છોડી દે છે. બીજા અને બારમા ભાવના સ્વામી ('સ્થાનાન્તરાનુગુણ્યેન ભવેયું. ફલદાયકો') ની બીજી રાશિ જે ભાવમાં આવે અથવા આવતી હોય તે ભાવ પ્રમાણે શુભ–અશુભ ફળ આપે છે. જન્મકુંડળીમાં પ્રથમ, બીજો, ચોથો, પાંચમો, સાતમો, નવમો, દસમો અને અગિયારમો ભાવ શુભ ગણાય છે. ત્રીજો, છઠ્ઠો, આઠમો, બારમો ભાવ અશુભ ગણાય છે. હવે દરેક લગ્ન પ્રમાણે કયા કયા ગ્રહો શુભ–અશુભ ફળ આપનાર બને છે તે જોઈએ.

મેષ લગ્ન

સૂર્ય પંચમેષ ત્રિકોણના સ્વામી તરીકે શુભ ફળ આપનાર બને છે. તેથી પાંચમા ભાવથી જોવાતી બાબતો અને સૂર્યના કારકત્વ ઉપરથી જોવાતી બાબતોનું શુભ ફઈ આપનાર સૂર્ય બને છે.

ચંદ્ર ચોથા સ્થાનના અધિપતિ તરીકે શુભ ફળ આપવાનું છોડી દે છે. ચંદ્ર પથમાં બળવાન હોય, મિથુન, સિંહ, કન્યા, કર્ક, વૃષભ રાશિમાં હોય, શનિ, રાહુ, કેતુથી યુકત અથવા દૃષ્ટ ન હોય તો શુભ ફળ આપનાર બને છે. ચંદ્ર ચોથા સ્થાનની



જોવાતી બાબતે, અને ચંદ્રના કારકત્વ મુજબની બાબતોનું ફળ આપનાર બને.

મંગળની મૂળ ત્રિકોણ રાશિ લગ્નમાં ત્રિકોણ સ્થાનમાં આવતી હોવાથી મેષ,મકર, સિંહ, ધન, મીન રાશિમાં શુભ ફળ આપનાર બને છે. વૃશ્ચિક રાશિમાં આરોગ્ય માટે અવરોધરૂપ થાય, મિથુન, કન્યા, કર્ક રાશિમાં નબળો થવાથી શુભફળ આપનાર બને છે.

બુધ ત્રીજા અને છઠ્ઠા ભાવનો અધિપતિ થવાથી અશુભ ફળ આપનાર બને છે. બુધ શત્રુક્ષેત્રી–નીચેનો હોય તો આર્થિક બાબતનું શુભ, શારિરીક બાબતનું અશુભ તથા ભાઈ–બહેન માટેનું અશુભ ફળ આપનાર બને છે.

ગુરુ : નવમા અને બારમા ભાવનો માલિક–થાય છે. તેથી મિત્રક્ષેત્રી, ઉચ્ચનો, હોય તો શુભ ફળ આપનાર બને છે.

શુક્ર : બીજા અને સાતમા ભાવનો માલિક થાય છે. ધન માટે પાપ પ્રભાવ અથવા શત્રુક્ષેત્રી શુક્ર શુભ ફળ આપી શકે છે. મિત્રક્ષેત્રી અથવા શુભપ્રભાવ આર્થિક માટે અશુભ અને બીજી બાબતોનું શુભ ફળ આપી શકે છે.

શનિ દસમા અને અગિયારમા ભાવનો માલિક થાય છે: શનિની મૂળ ત્રિકોણ રાશિ કુંભ અગિયારમાં ભાવમાં આગતી હોવાથી શનિ અશુભ ફળ આપનાર બને.

રાહુ કેતુ માટે – શનિવત્ રાહુ કુંજવત્ કેતુ તથા (લઘુપારાશરી–૫૦ મુજબ) રાહુ–કેતુ કેન્દ્રમાં હોય અને ત્રિકોણેશ સાથે સંબંધમાં હોય, ત્રિકોણમાં હોય અને કેન્દ્રેશ સાથે સંબંધમાં હોય તો શુભ યોગકારક ગણાય.

વૃષભ લગ્ન :



Scanned with CamScanner

સૂર્ય ચોથા ભાવનો સ્વામી થતો હોવાથી મિત્રક્ષેત્રી, શુભ પ્રભાવમાં સૂર્ય હોય તો ચોથા ભાવ સંબંધી અને પોતાના કારકત્વ અંગેનું શુભ ફળ આપનાર બને છે.

ચંદ્ર ત્રીજા ભાવનો માલિક થતો હોવાથી શત્રુક્ષેત્રી, પાપયુકત પાપદૃષ્ટ હોય તો શુભ ફળ આપનાર બને છે. મિત્રક્ષેત્રી, શુભયુકત–દૃષ્ટ હોય તો સાધારણ ફળ આપે છે.

મંગળ સાતમા અને બારમા ભાવનો માલિક બને છે. બારમા ભાવનો સ્વામી મંગળ થાય છે. બારમાના માલિક તરીકે મંગળ સ્થાનાન્તર રાશિ જે સાતમા ભાવમાં આવે છે તે ભાવનું ફળ આપનાર મંગળ બને. કેન્દ્રના માલિક તરીકે મંગળ અશુભ ફળ આપવાનું છોડી દે છે. જો મંગળ શુભયુકત–દૃષ્ટ મિત્રક્ષેત્રી–ઉચ્ચનો હોય તો શુભ ફળ આપનાર બને છે. મંગળ પોતાના કારકત્વ અને રાશિ પ્રમાણેના ભાવમાંથી જોવાતી બાબતોનું ફળ આપનાર બને છે.

બુધ બીજા અને પાંચમા ભાવનો માલિક બને છે.ત્રિકોણના અધિપતિ તરીકે બળવાન બુધ શુભ ફળ આપનાર બને છે. નિર્બળ બુધ અશુભ ફળ આપે છે. ગુરુ, આઠમા અને અગિયારમા ભાવનો માલિક થાય છે. બંને શુભ ભાવોના માલિક તરીકે ગુરુ અશુભ ફળ આપનાર બને છે. લાભ સ્થાનમાં માલિક તરીકે ગુરુ આર્થિક બાબતનું શુભ ફળ આપનાર બને. આ શુભ ફળ ગુરુ બળવાન હોય ત્યારે જ મળે છે.

શુક્રની મૂળ ત્રિકોણ રાશિ છઠ્ઠા ભાવમાં આવે છે. શુક્ર થોડું શુભ ફળ આપનાર બને છે. શુક્ર અને છઠ્ઠો ભાવ જો નિર્બળ હોય તો આર્થિક શુભ ફળ આપનાર બને છે. મહર્ષિ પારાશર શુક્રને વૃષભ લગ્ન માટે પાપગ્રહ ગણે છે.



શનિ :– કેન્દ્ર અને ત્રિકોણના સ્વામી તરીકે બળવાન શનિ ઘણું જ શુભ ફળ આપનાર બને. નિર્બળ શનિથી લાભ થોડો – ઓછો થાય છે.

મિથુન લગ્ન :–

સૂર્ય ત્રીજા ભાવના માલિક તરીકે અશુભ ગણાય છે. ચંદ્ર બીજા ભાવના માલિક તરીકે બળવાન હોય તો શુભ ફળ આપનાર બને છે. નિર્બળ ચંદ્ર દ્વિતીયેશ તરીકે અશુભ ગણાય છે.

મંગળ છઠ્ઠા અને લાભ સ્થાનનો માલિક થાય છે. બંને ભાવ અશુભ ગણાય છે. તેથી મંગળ અશુભ ફળ આપનાર બને.

બુધ લગ્નેશ અને ચતુર્થેશ બને છે, બળવાન બુધ શુભ ફળ આપનાર બને. નિર્બળ બુધ જનતાનો શત્રુ અથવા જાહેરજીવનમાં તકલીફ આપનાર બને છે.

ગુરુ કેન્દ્રનો માલિક છે તેથી નિયમ મુજબ છઠ્ઠા, આઠમા, બારમા, બીજા ભાવમાં નિર્બળ ગુરુ અરોગ્યની હાનિ આપનાર બને છે. બળવાન ગુરુ શુભ ફળ આપનાર બને છે. શુક્ર ત્રિકોણ સ્થાનનો સ્વામી બને છે તેથી બળવાન શુક્ર વિદ્યા, પુત્ર ભાગ્ય વ.નું શુભ ફળ આપનાર બને. નિર્બળ શુક્ર અશુભ ફળ આપનાર બને.

શનિ અષ્ટમેશ અને ભાગ્યેશ બને છે. મૂળ ત્રિકોણ રાશિ 'કુંભ' નવમા ભાવમાં આવે છે. તેથી બળવાન શનિ શુભ ફળ આપે છે. અશુભ સ્થાનમાં શત્રૂક્ષેત્રી, અશુભ યુકત–દૃષ્ટિ શનિ અશુભ ફળ આપનાર ગણાય છે.



Scanned with CamScanner

કર્ક લગ્ન –

સૂર્ય બીજા સ્થાનનો માલિક થાયછે. બળવાન સૂર્ય શુભ ફળ આપે છે. નિર્બળ સૂર્ય અશુભ ફળ આપે છે. ચંદ્ર લગ્નેશ હોવાથી ઘણો જ શુભ છે. શુભયુકત–દૃષ્ટ મિત્રક્ષેત્રી વગેરે હોય તો શુભ ફળમાં વધારો કરનાર બને છે. શત્રુક્ષેત્રી, અશુભયુકત–દૃષ્ટ વગેરે હોય તો કષ્ટ, છાતીમાં તકલીફ રકતવિકાર, અપયશ જેવું અશુભ ફળ આપનાર બને છે. મંગળ યોગકારક બને છે. નીચેનો મંગળ શુભ ફળ આપે છે. બુધ–બારમા અને ત્રીજા ભાવનો માલિક થાય છે. તેથી અશુભ ફળ આપનાર બને છે. પાંચમા ભાવ સાથે સંબંધમાં બુધ હોય, અશુભ દૃષ્ટ હોય, શુભ પ્રભાવ ન હોય તો આર્થિક–ધન માટે ઘણું જ શુભ ફળ બુધ આપનાર બને છે. ગુરુની મૂળ ત્રિકોણ રાશિ છઠ્ઠામાં આવે છે તોપણ છઠ્ઠા ભાવની અશુભતા કરતાં નવમાં ભાવની શુંભતા વધુ હોવાથી બળવાન ગુરુ શુભ ફળ આપનાર બને છે.

શુક્ર અશુભ ફળ આપનાર બને છે. બળવાન શુક્ર આર્થિક સુખ આપનાર બને છે. નિર્બળ શુક્ર આરોગ્ય અને ધન અંગેની તકલીફ આપનાર બને છે.

શનિ અશુભ ફળ આપનાર બને છે. નિર્બળ શનિ આર્થિક સુખાકારી આપે છે. પરંતુ પોતાની અને સ્ત્રીની તંદુરસ્તી અને આયુષ્યમાં હાનિ આપે છે.

આ પ્રમાણે દરેક લગ્નમાં કયા ગ્રહો શુભ–અશુભ ફળ આપે છે તે ટુંકમાં સમજીએ..

મેષ, કર્ક, સિંહ, વૃશ્ચિક, ધન, મીન, લગ્નમાં મંગળ, ચંદ્ર, સૂર્ય, ગુરુ, શુભ ફળ આપનાર બને છે. વૃષભ–તુલા લગ્નમાં



શનિ–રાહુ–બુધ શુભ ફળ આપે છે.

મિથુન કન્યા લગ્નમાં શુક્ર–બુધ શુભ ફળ આપે છે. મકર કુંભ લગ્નમાં શુક્ર–બુધ શુભ ફળ આપે છે.

મિત્રક્ષેત્રી, ઉચ્ચનો, સ્વગૃહી ગ્રહ પોતાના કારકત્વ અંગેનું તથા પોતે જે સ્થાનનો અધિપતિ હોય તેનું શુભ ફળ આપે છે. શત્રુક્ષેત્રી નીચેનો ગ્રહ પોતાના કારકત્વ અંગેનું તથા પોતે જે સ્થાનનો અધિપતિ હોય તેનું અશુભ ફળ આપે છે. ગ્રહ અને ભાવના કારકત્વનું કોષ્ટક જોઈએ જે નીચે આપેલ છે.

ભાવ ગ્રહો કારકત્વ

પ્રથમ ભાવ – સૂર્ય આત્મા, ચંદ્ર શરીર.

બીજો ભાવ – ગુરુ નાણાં, બુધ વાણી, શુક્ર કુટુંબ.

ત્રીજો ભાવ – મંગળ ભાઈ અને હિંમત, શનિ દુઃખ, ચંદ્ર–શુક્ર બહેન.

ચોથો ભાવ – ચંદ્ર માતા, બુધ વિદ્યા, શુક્ર ગાડી–વાહન.

પાંચમો ભાવ – ગુરુ સંતાન, બુધ બુધ્ધિ, રાહુ દાદા(પિતાના પિતા).

છઠ્ઠો ભાવ – મંગળ શત્રુ, શનિ દેણું–માંદગી, બુધ મામા.

સાતમો ભાવ – શુક્ર પત્ની, મંગળ કામશકિત, પતિ, ગુરુ.

આઠમો ભાવ – શનિ આયુષ્ય, માનસિક, શારીરિક દુઃખ કષ્ટ.

નવમો ભાવ – ગુરુ ધાર્મિક વિદ્યા, સૂર્ય પિતા, ગુરુ ભાગ્ય.

દશમો ભાવ – સૂર્ય સતા અને હોદ્દો, શનિ



Scanned with CamScanner

નોકરી–અજીવિકા.

અગિયારમો ભાવ – ગુરુ લાભ મોટા ભાઈ.

બારમો ભાવ – શનિ, દેણું, કેતુ મોક્ષ, મંગળ કેદ, ગુરુ જ્ઞાન, શુક્ર ભૌતિક સુખ સગવડ, કેતુ નાના (માના બાપ)

મિત્ર ગ્રહો – (૧) સૂર્ય, ચંદ્ર, મંગળ, ગુરુ પરસ્પર મિત્રો છે.

(૨) શનિ–શુક્ર, બુધ, રાહુ પરસ્પર મિત્રો છે.

(૩) કેતુનો મિત્ર ગુરુ ગણાય છે.

શત્રુ ગ્રહો – સૂર્ય, ચંદ્ર, મંગળ, ગુરુના શનિ, શુક્ર, બુધ, રાહુ, પરસ્પર શત્રુ ગણાય છે.

ફળાદેશ મેળવવા માટે નીચેના સિધ્ધાંતો ઘણાં જ જરૂરી ગણાય છે.

(૧) રાશિપતિ પોતાની રાશિમાં રહેલ ગ્રહ કે ગ્રહોના ગુણધર્મને આધિન ફળ આપે છે.

(૨) સૂર્ય, શનિ, રાહુ તથા વ્યયેશ અલગતા જનક પ્રભાવ પાડે છે.

(૩) પાપાગ્રહો જે ગ્રહસ્થાનથી ત્રીજા–છઠ્ઠા, આઠમા સ્થાનમાં ભ્રમણ કરે અથવા સ્થાનમાં રહેલ ગ્રહ કે રીશપતિના નક્ષત્રમાં ભ્રમણ કરે ત્યારે અશુભ ફળ આપે છે.

ગ્રહોના કારકત્વ પ્રમાણે ફળાદેશ મેળવવાનું ઘણું જ સહેલું છે. જે ગ્રહ સ્વગૃહી–ઉચ્ચનો મિત્રક્ષેત્રી હોય તે પોતાના કારકત્વની બાબતનું શુભ ફળ આપનાર બને છે. શનિ જ્યારે કોઈ પણ ગ્રહથી છઠ્ઠા–આઠમા–ત્રીજા સ્થાનમાંથી કે તેમાં રહેલ રાશિ કે ગ્રહના નક્ષત્રમાંથી પસાર થાય છે ત્યારે અશુભ ફળ આપનાર બને છે. ગ્રહોના કારકત્વ મુજબ ફળાદેશ મેળવવા માટે સિધ્ધાંતોની જરૂરિયાત રહે છે. તેમાં દર્શાવેલ નિયમો પ્રમાણે કુંડળીઓ જોતા ફળાદેશ આપોઆપ ગોઠવાય જાય છે.



આમ ગ્રહો અને કારકત્વ પ્રમાણે તથા ભાવ–ગ્રહ–કારકત્વ પ્રમાણે ફળાદેશ મેળવવા અંગેના સિધ્ધાંતો વાચકો સમક્ષ રજૂ કરી વિરમુ છું.



Scanned with CamScanner

# ગ્રહોના શુભ–અશુભ ફળ અને કારકત્વ

સંવત ૨૦૪૪ના જન્મભૂમિ પંચાંગમાં રાશિચક્રનાં પ્રારંભિક ચર લગ્નોમાં દરેક ગ્રહ શુભ કે અશુભ ફળ કેમ આપી શકે તેની ચર્ચા કરવામાં આવેલ છે. આ લેખમાં સિંહથી મીન લગ્નોમાં દરેક ગ્રહ શુભ કે અશુભ ફળ કેમ આપી શકે તેની વિગતો જોઈએ.

## સિંહ લગ્ન

લગ્નેશ અને ત્રિકોણ સ્થાનનો એકસાથે સ્વામી થતો હોવાથી ઘણું જ શુભ ફળ આપનાર બને છે. બળવાન સૂર્ય પોતાની દશા–ભુકિતમાં ધન, આરોગ્ય, યશ, વગેરેનું શુભ ફળ આપનાર બને છે.

ચંદ્ર–સિંહ લગ્નમાં ચંદ્ર વ્યયેશ બને છે. દ્વાદશેશ પોતાના બળ પ્રમાણે ફળ આપવાનું કાર્ય કરે છે તેથી ચંદ્ર પક્ષબળી અને શુભ પ્રભાવમાં હોય તો શુભ ફળ આપે છે. નિર્બળ ચંદ્ર આંખમાં તકલીફ–અપયશ વગેરે પોતાની દશા–ભુકિતમાં ફળ આપે છે.

મંગળ–સિંહ લગ્નમાં મંગળ ચોથા તથા નવમા ભાવનો સ્વામી થાય છે. તેથી યોગકારક બને છે. ધન – માન – ભાગ્યોદય, જમીન–મકાન વગેરેનું શુભ ફળ બળવાન મંગળ પોતાની દશા–ભુકિતમાં આપનાર બને. નબળો મંગળ હોય તો ફળ આપવાની બાબતનું પ્રમાણ ઘટી જાય છે.

બુધ–સિંહ લગ્નમાં બુધ ધનેશ અને લાભેશ બને છે. બીજા ભાવનો માલિક થયો હોવાથી નિયમ અનુસાર લાભસ્થાનનું ફળ આપનાર બને. આરોગ્ય માટે બુધ નબળો



બને છે. બળવાન બુધ આર્થિક સુખ સારું આપે. નિર્બળ બુધ ધનહાનિ, કુટુંબમાં તકલીફ, અભ્યાસમાં અવરોધ, માતાની મોટી બહેનને તકલીફ આપનાર બને.

ગુરુ–સિંહ લગ્નમાં પાંચમાં અને આઠમા ભાવનો માલિક થાય છે. ગુરુની મુળ ત્રિકોણ રાશિ પાંચમા ભાવમાં આવતી હોવાથી બળવાન ગુરુ શુભ ફળ આપનાર બને. નિર્બળ ગુરુ પુત્ર પ્રાપ્તિમાં અને/અથવા પુત્રસંતાનમાં તકલીફ આપનાર બને. પિતાને કષ્ટ, ભાગ્યોન્નતિમાં અવરોધ પોતાની દશા–ભુકિતમાં આપનાર બને.

શુક્ર–સિંહ લગ્નમાં ત્રીજા અને દશમા ભાવનો માલિક થાય છે. કેન્દ્રના માલિક તરીકે શુભતાનો અભાવ આવે છે અને ત્રીજા સ્થાનના માલિક તરીકે પાપ ફળ આપનાર બને છે. નિર્બળ શુક્ર આર્થિક સધ્ધરતા આપે, પરંતુ સ્ત્રીના આરોગ્ય સંબંધી, મિત્રો, નાની બહેન, રાજ્ય સંબંધી અશુભ ફળ જ આપે છે.

શનિ–સિંહ લગ્નમાં શનિ સાતમા તથા છઠ્ઠા સ્થાનનો સ્વામી બને છે. કેન્દ્રના માલિક તરીકે શનિની અશુભતાનો અભાવ હોય છે, પરંતુ છઠ્ઠાના અધિપતિ તરીકે અશુભ હોવાથી પોતાની દશા–ભુકિતમાં રોગ, દેણદાર, આર્થિક ખેંચ, આર્થિક નુકશાન આપનાર બને.

## કન્યા લગ્ન

સૂર્ય–કન્યા લગ્નમાં સૂર્ય વ્યયેશ બને છે. બળવાન સૂર્ય શુભદૃષ્ટયુકત હોય તો શુભ ફળ આપે. નિર્બળ સૂર્ય આંખની તકલીફ, ઘણો જ ખર્ચ કરાવાનાર, રાજ્ય સંબંધી તકલીફ પોતાની દશા–ભુકિતમાં આપે. ચંદ્ર–કન્યા લગ્નમાં ચંદ્ર લાભેશ



Scanned with CamScanner

થાય છે. લાભેશ આરોગ્ય માટે શુભ ગણવામાં આવતો નથી. બળવાન ચંદ્ર ઘણો જ લાભ આપનાર બને.

મંગળ–કન્યા લગ્નમાં મંગળ ત્રીજા અને આઠમા ભાવનો માલિક થાય છે. બંને સ્થાન અશુભ છે. બળવાન મંગળ આયુષ્ય માટે શુભ ગણાય છે. પરંતુ ધન માટે નહિ. નબળો મંગળ આયુષ્ય માટે અશુભ ગણાય છે. પરંતુ ધન માટે શુભ, મિથુન રાશિમાં દસમાં સ્થાનમાં મંગળ પોતાની રાશિથી ત્રીજે અને આઠમે થતો હોવાથી અશુભ થાય તેથી આયુષ્ય માટે શુભ ગણાય નહિ, પરંતુ મંગળ ઉપર શુભ પ્રભાવ ન હોય તો ધન માટે શુભ ગણાય.

બુધ–કન્યા લગ્નમાં બુધ લગ્નેશ તથા દશમેશ થાય છે. કેન્દ્રના માલિક તરીકે બુધ પોતાની શુભતા ગુમાવે છે, પરંતુ લગ્નેશ ત્રિકોણેશ થતો હોવાથી શુભ બને છે. લગ્નેશ થવાથી કેન્દ્રાધિપતિનો દોષ લાગતો નથી. બળવાન બુધ શુભ ફળ આપનાર બને.

ગુરુ–કન્યા લગ્નમાં ગુરુ ચોથા અને સાતમા ભાવનો માલિક થાય છે. 'કેન્દ્રાધિપતિ દોષસ્તુ બળવાન ગુરુશુક્રયો : પારાશરના સિધ્ધાંત અનુસાર દોષયુકત બને છે. કેન્દ્રેશ થવા ગુરુ પોતાની શુભતા ગુમાવે છે. ૬–૮–૧૨ ભાવમાં ગુરુ અશુભ ફળ આપે. નિર્બળ ગુરુ રોગ અને રાજ્ય સંબંધી અશુભ ફળ આપે.

શુક્ર–કન્યા લગ્નમાં શુક્ર બીજા અને નવમા ભાવનો માલિક થાય છે. દ્વિતીયેશ થવાથી નવમા ભાવનું ફળ આપનાર બને. બળવાન શુક્ર પોતાની દશા–ભીુકતમાં ધન, ભાગ્યવૃધ્ધિ, ઉન્નતિ, વિલાસ વગેરેનું શુભ ફળ આપે. નિર્બળ–અશુભ શુક્ર



આ બાબતોનું અશુભ ફળ આપનાર બને.

શનિ–કન્યા લગ્નમાં શનિ પાંચમા અને છઠ્ઠા ભાવનો માલિક થાય છે. પાંચમો ભાવ એટલો જ સારો છે જેટલો છઠ્ઠો ભાવ ખરાબ. પરંતુ શનિની મૂળ ત્રિકોણ રાશિ કુંભ છઠ્ઠા ભાગમાં આવે છે, તેથી શનિ–કન્યા લગ્ન માટે થોડો અશુભ બને છે.

## તુલા લગ્ન

શુક્ર–તુલા લગ્નમાં શુક્ર લગ્નેશ અને અષ્ટમેશ બને છે. શુક્રની મૂળ ત્રિકોણ રાશિ લગ્નમાં આવે છે તથા કેન્દ્ર અને ત્રિકોણસ્થાન લગ્ન બનતું હોવાથી બળવાન શુક્ર શુભ ફળ આપનાર બને.

સૂર્ય–તુલા લગ્નમાં સૂર્ય લાભેશ બને છે. લાભેશ આરોગ્ય માટે અશુભ તથા દાન માટે શુભ. બળવાન સૂર્ય પોતાની દશા–ભૂકિતમાં રાજય સંબંધી, લાભો મેળવવામાં શુભ ફળ આપનાર બને.

ચંદ્ર–તુલા લગ્નમાં ચંદ્ર કેન્દ્રના માલિક તરીકે શુભતા ગુમાવે છે. તેથી બળવાન ચંદ્ર હોવો જરૂરી ગણાય. તો જ પોતાની દશા–ભૂકિતમાં શુભ ફળ આપનાર બને.

મંગળ–તુલા લગ્ન માટે મંગળ ધનેશ અને સપ્તેશ બને છે. દ્વિતીયેશ તથા સાતમા ભાવનો માલિક થવાથી બળવાન મંગળ શુભ ફળ આપે. બે મારકસ્થનના માલિક તરીકે મંગળ ૨–૬–૮–૧૨ ભાવમાં ગંભીર રોગ પોતાની દશા–ભુકિતમાં આપનાર બને.

ગુર–તુલા લગ્નમાં ગુરુ બે અશુભસ્થાન ત્રીજા અને છઠ્ઠા ભાવનો માલિક બને છે. ધનના કારક તરીકે ગુરુ અને બે ઉપચયસ્થાનોના સ્વામી તરીકે ગુરુ સામાન્ય શુભ ફળ આપનાર



Scanned with CamScanner

બને.

શનિ–તુલા લગ્નમાં ચોથા અને પાંચમા ભાવનો માલિક બને છે. કેન્દ્ર અને ત્રિકોણનો અધિપતિ થતો હોવાથી યોગકારક શનિ શુભ ફળ આપે. નિર્બળ શનિનું શુભ ફળ આપવાનું પ્રમાણ ઘટી જાય છે.

બુધ–તુલા લગ્નમાં બુધ બારમા અને નવમા ભાવનો માલિક થાય છે. વ્યયેશ 'સ્થાનાન્તર' નું ફળ આપે છે. ભાગ્યેશ તરીકે બુધ શુભ ફળ આપનાર બને છે. બળવાન બુધ ભાગ્ય, ધન, ધર્મ, પરોપકાર વગેરે શુભ ફળ પોતાની દશા–ભુક્તિમાં આપનાર બને છે. નબળો બુધ અચાનક ભાગ્યહાનિ આપનાર બને છે.

## વૃશ્ચિક લગ્ન

મંગળ–લગ્નેશ તથા ષષ્ઠેશ મંગળ બને છે. છઠ્ઠા સ્થાનના માલિક તરીકે મંગળ અશુભ ગણાય પરંતુ(કેન્દ્ર અને ત્રિકોણ) લગ્નેશ તરીકે મંગળ, પોતાની મૂળ ત્રિકોણ રાશિ છઠ્ઠા ભાવમાં આવતી હોવા છતાં થોડું શુભ ફળ આપનાર બને છે.

ગુરુ–વૃશ્ચિક લગ્નમાં બીજા અને પાંચમા ભાવનો માલિક ગુરુ થાય છે. ગુરુ પંચમેશ હોવાથી ઘણું જ શુભ ફળ આપે. નિર્બળ ગુરુ પુત્ર–ભાગ્ય–વિદ્યામાં તકલીફ આપે.

શનિ વૃશ્ચિક લગ્ન માટે શનિ ચોથા અને ત્રીજા ભાવનો માલિક થાય છે. કેન્દ્રાધિપતિ થવાથી શનિ અશુભતા ગુમાવે છે તો ત્રીજાના માલિક તરીકે અશુભ ફળ આપનાર બને. શનિ પાપ પ્રભાવ, નિર્બળ, ધનસુખ માટે શુભ ગણાય.

બુધ–આઠમા અને લાભસ્થાનનો માલિક બને છે. બુધ આરોગ્ય માટે અશુભ અને ધન માટે શુભ ગણાય.



શુક્ર–શુક્ર સાતમા અને બારમા ભાવનો માલિક થાય છે. તેથી જાતકને ભોગી અને વિલાસપ્રિય બનાવે. નિર્બળ શુક્ર આર્થિક શુભ ફળ આપે.

સૂર્ય–દશમાધિપતિ તરીકે નૈસર્ગિક અશુભ ગ્રહ સૂર્ય, શુભ પ્રભાવ અને બળવાન થવાથી યશ, પ્રતિષ્ઠા, ધન, ઉન્નતિ, નિર્બળ સૂર્ય રાજ્ય સંબંધી, પિતાના ધન અંગે, અપયશ વગેરે અશુભ ફળ આપે.

ચંદ્ર–ભાગ્યેશ ચંદ્ર થોડો બળવાન થવાથી શુભ ફળ આપે. નિર્બળ ચંદ્ર ભાગ્યહાનિ વગેરે અશુભ ફળ આપે.

## ધન લગ્ન

ગુરુ –લગ્નનો સ્વામી થતો હોવાથી 'કેન્દ્રાધિપત્ય' નો દોષ લાગતો નથી. કારણકે લગ્નનો સ્વામી થવાથી યોગકારક બને છે. તેથી બળવાન ગુરુ સુખ, ધન, જનપ્રિયતા, વાહન વગેરેનું શુભ ફળ આપે.

શનિ–ધનેશ તથા ત્રીજા ભાવના માલિક તરીકે શનિ નિર્બળ હોય તો ધન માટે ઉતમ ફળ આપે. ત્રીજા ભાવના માલિક તરીકે અશુભ ફળ આપે છે.

બુધ–કેન્દ્રાધિપતિ થવાથી બુધ શુભતા ગુમાવે છે. ૨જા, છઠ્ઠા, ૮મા, ૧૨મા ભાવમાં બુધ આરોગ્ય માટે અશુભ ગણાય. સાતમા અને દસમા ભાવનો માલિક બુધ બળવાન હોય તો રાજ્ય સંબંધી, સ્ત્રી સંબંધી શુભ ફળ આપે.

મંગળ–ધન લગ્નમાં મંગળ પાંચમા અને બારમા ભાવનો માલિક થાય છે. પંચમેશ મંગળ બળવાન હોય તો શુભ ફળ આપે. નિર્બળ મંગળ પુત્રપ્રાપ્તિ, પુત્ર, સંતાનચિંતા આપે.

શુક્ર–ધન લગ્ન માટે શુક્ર છઠ્ઠો અને ૧૧મા ભાવનો માલિક



Scanned with CamScanner

થાય છે. ૬ અને ૧૧ ભાવ અશુભ છે. આરોગ્ય સંબંધી શુક્ર અશુભ ફળ આપે. બળવાન શુક્ર શુભ.

સૂર્ય–ધન લગ્નમાં ભાગ્યેશ સૂર્ય શુભ ફળ આપનાર બને છે. રાજ્ય સંબંધી ધાર્મિક, ભાગ્યોદય વગેરેનું શુભ ફળ બળવાન સૂર્ય આપે. નબળો સૂર્ય પિતા–ધન–ભાગ્ય–રાજ્ય સંબંધી અશુભ ફળ આપે.

ચંદ્ર–સૂર્ય અને ચંદ્રને અષ્ટમેશ તરીકેનો દોષ લાગતો નથી. ધન લગ્નમાં ચંદ્ર આઠમા સ્થાનનો માલિક થાય છે. બળવાન ચંદ્ર શુભ ફળ આપે.

## મકર લગ્ન

શનિ–મકર લગ્નમાં લગ્નેશ અને ધનેશ શનિ બને છે. સ્થાનાંતરના સિધ્ધાંત અનુસાર ધનેશ શનિ લગ્નનું ફળ આપે અને શુભ ફળ આપે.

બુધ–મકર લગ્નમાં ૬ઠ્ઠા અને ૯મા ભાવની શુભતા વધારે છે. તથા બુધની મૂળ ત્રિકોણ રાશિ 'કન્યા' નવમા ભાવમા આવે છે તેથી શુભ ફળ આપે. નબળો બુધ શત્રુઓ દ્વારા હાનિ, પિતાને કષ્ટ વગેરે અશુભ ફળ આપે.

શુક્ર–મકર લગ્નમાં શુક્ર પાંચમા અને દસમા ભાવનો માલિક થાય છે. પાંચમો ભાવ ત્રિકોણ છે અને દસમો ભાવ કેન્દ્ર છે. તેથી શુક્ર યોગ કારક બને છે. થોડા પણ બળવાન શુક્ર ધન, ભાગ્ય, વિદ્યા, રાજ્ય, સંબંધી શુભ ફળ પોતાની દશ–ભુકિતમાં આપે.

સૂર્ય–મકર લગ્નમાં આઠમા ભાવનો માલિક સૂર્ય થાય છે. અષ્ટમેશ તરીકેનો દોષ સૂર્ય–ચંદ્રને લાગતો નથી. તેથી બળવાન સૂર્ય શુભ ફળ આપે. નબળો સુર્ય ધન અને આયુષ્ય



સંબંધી અશુભ ફળ પોતાની દશા–ભુકિતમાં આપે.

ચંદ્ર–મકર લગ્નમાં ચંદ્ર સપ્તેશ થાય છે. કેન્દ્રના અધિપતિ તરીકે ચંદ્ર શુભતા ગુમાવે છે. તેથી બળવાન ચંદ્ર શુભ ફળ આપે.

ચંદ્ર–મકર લગ્નમાં ચંદ્ર સપ્તેશ થાય છે. કેન્દ્રના અધિપતિ તરીકે ચંદ્ર શુભતા ગુમાવે છે. તેથી બળવાન ચંદ્ર શુભ ફળ આપે.

મંગળ–મકર લગ્નમાં મંગળ ચોથા અને અગિયારમા સ્થાનનો માલિક બને છે. કેન્દ્રના અધિપતિ તરીકે અશુભતા ગુમાવે છે તો લાભેશ તરીકે અશુભ બને છે. તેથી મંગળ આરોગ્ય સંબંધી અશુભ ફળ આપે. બળવાન મંગળ આવક માટે શુભ, ગણાય.

ગુરુ–મકર લગ્નમાં ગુરુ વ્યયેશ અને તૃત્યાંશ બને છે. વ્યયેશ સ્થાનાન્તરનું ફળ આપે છે. તેથી ગુરુ અશુભ પ્રભાવમાં ધન માટે શુભ ગણાય.

## કુંભ લગ્ન

સૂર્ય–સપ્તમેશ સૂર્ય કેન્દ્રનો માલિક થાય છે. તેથી અશુભતા ગુમાવે છે. થોડા શુભ પ્રભાવમાં સૂર્ય શુભ ફળ આપે.

ચંદ્ર–છઠ્ઠા સ્થાનનો માલિક થાય છે. તેથી અશુભ ફળ આપે છે.

મંગળ–દસમા અને ત્રીજા સ્થાનનો અધિપતિ બને છે. કેન્દ્રના માલિક તરીકે અશુભતા ગુમાવે છે. તો ત્રીજા ભાવના માલિક તરીકે અશુભ બને છે. પાપ પ્રભાવ નિર્બળ મંગળ ધન સંબંધી શુભ ફળ આપે.

બુધ–કુંભ લગ્નમાં બુધ અષ્ટમેશ તથા પંચમેશ બને છે.



Scanned with CamScanner

વિદ્વાનોએ કુંભ લગ્ન માટે બુધને 'સમ ફળદાયક' ગણેલ છે. અશુભ બુધ પોતાની દશા–ભુક્તિમાં ધન સંબંધી શુભ અને ઝડપી ગંભીર માંદગી આપે.

ગુરુ–બીજા તથા લાભસ્થાનનો માલિક થાય છે. દ્વિતીયેશ હંમેશા સ્થાનાન્તરનું ફળ આપે છે. તેથી લાભેશ તરીકે ગુરુ આરોગ્ય સંબંધી અશુભ ફળ અને બળવાન ગુરુ આવક માટે શુભ ફળ આપે.

શુક્ર–કુંભ લગ્નમાં શુક્ર યોગકારક બને છે. તેથી બળવાન શુક્ર ધન, માન, પદવી, વિદ્યા, રાજ્ય, સુખ, વાહન, વગેરેનું શુભ ફળ આપે. નબળો શુક્ર ઉપરની બાબતનું અશુભ ફળ પોતાની દશા–ભુક્તિમાં આપે.

શનિ–લગ્નેશ તથા વ્યયેશ શનિ બને છે. સ્થાનાન્તરના સિધ્ધાંત મુજબ લગ્નેશ શનિ ધન, યશ, વગેરે શુભ ફળ આપે. શનિની મૂળ ત્રિકોણ રાશિ લગ્નમાં આવે છે તેથી શનિ શુભ ફળ આપે.

## મીન લગ્ન

સૂર્ય છઠ્ઠા ભાવનો માલિક બને છે તેથી અશુભ ફળ આપે. પરંતુ ધન વગેરે બાબતનું વધારે અશુભ ફળ આપતો નથી.

ચંદ્ર–મીન લગ્નમાં ચંદ્ર ત્રિકોણના સ્વામી તરીકે યોગકારક બને છે. તેથી બળવાન ચંદ્ર ઘણું જ શુભ ફળ આપે. નિર્બળ ચંદ્ર ભાગ્ય, પુત્ર, ધન અંગેનું અશુભ ફળ આપે.

મંગળ–સ્થાનાન્તરના નિયમ અનુસાર ધનેશ મંગળ ભાગ્યનું ફળ ધર્મ, ભાગ્યોન્નતિ, રાજ્ય સંબંધી શુભ ફળ બળવાન મંગળ પોતાની દશા–ભુક્તિમાં આપે. નિર્બળ મંગળ



રાજ્યથી ધનહાનિ, કુટુંબથી ભાગ્યહાનિ, પિતા દ્વારા ધનહાનિ વગેરે અશુભ ફળ આપે.

બુધ કેન્દ્રાધિપતિ દોષને કારણે સપ્તમેશ અને ચતુર્થેશ બુધ ૨, ૬, ૮, ૧૨ ભાવમાં આરોગ્ય સંબંધી અશુભ ફળ આપે. નિર્બળ બુધ જમીન–મકાન–વાહન–સુખશાંતિનું અશુભ ફળ આપે. બળવાન બુધ જનપ્રિયતા, માતા–વાહન–સુખશાંતિનું શુભ ફળ આપે.

ગુરુ–દશમા સ્થાનનો સ્વામી થવા છતાં લગ્નેશ થવાથી ગુરુ ઘણું જ શુભ ફળ આપે. બળવાન ગુરુ યશ, આરોગ્ય, સુખશાંતિ વગેરેનું શુભ ફળ આપે. નિર્બળ ગુરુ અશુભ ફળ આપે.

શુક્ર–આયુષ્ય સ્થાન અને ત્રીજા સ્થાનનો સ્વામી શુક્ર, અશુભ ભાવનો અધિપતિ થાવાથી અશુભ ફળ આપે. નિર્બળ શુક્ર આવક–ધન વગેરનું શુભ ફળ આપે, પરંતુ આરોગ્ય સંબંધી અશુભ ફળ આપે. કારણકે ૮મું અને ૩જું આયુષ્યસ્થાન ગણાય છે.

શનિ–બારમા ભાવનો માલિક સ્થાનાન્તરના સિધ્ધાંત મુજબ લાભસ્થાનનું આરોગ્ય સંબંધી અશુભ–ધન–આવક સંબંધી શુભ ફળ આપે છે. બળવાન શનિ પોતાની દશા–ભુક્તિમાં વ્યયની સાથોસાથ સારો લાભ પણ આપનાર બને છે.

લઘુપારાશરીનો સિધ્ધાંત ટૂંકમાં જોઈએ.

(૧) નૈસર્ગિક શુભ–અશુભ ગ્રહોમાં (૧) સૂર્ય–શનિ–મંગળ અશુભ ગ્રહો – પાપ ગ્રહો, (૨) ગુરુ–શુક્ર–શુભ – શુભ ગ્રહો, (૩) ચંદ્ર–બુધ – સમગ્રહો, (૪) રાહુ–કેતુ સાહચર્યશ્રી ફળ



Scanned with CamScanner

આપનાર ગ્રહો ગણાય છે.

(૨) ૧–૫–૯ સ્થાનનો સ્વામી નૈસર્ગિક શુભ–અશુભ ગ્રહો હોવા છતાં પણ શુભ ફળ આપે છે.

(૩) ૩–૬–૧૧ સ્થાનનો સ્વામી નૈસર્ગિક શુભ–અશુભ ગ્રહો હોવા છતાં પણ અશુભ ફળ આપે છે.

(૪) ૪–૭–૧૦ સ્થાનનો સ્વામી નૈસર્ગિક શુભ હોય તો શુભતા છોડી દે છે અને અશુભ ગ્રહ હોય તો નૈસર્ગિક અશુભતા છોડી દે છે.

(૫) ૨–૮–૧૨ સ્થાનનો સ્વામી સાહચર્ય અને સ્થાનાન્તર અનુરૂપ ફળ આપે છે. આ સ્થાનનો સ્વામી નૈસર્ગિક શુભ–અશુભ હોવા છતાં પણ તેને નિયમ લાગુ પડે છે. સૂર્ય–ચંદ્ર જે ભાવમાં હોય તે અનુસાર ફળ આપે છે તથા અષ્ટમેશ તરીકેનો સામાન્ય દોષ લાગે છે.

(૬) ૧–૫–૯ સ્થાનના સ્વામીથી ૩–૬–૧૧ સ્થાનનો સ્વામી નૈસર્ગિક પાપ ગ્રહ હોય તો અશુભ પાપી છે. ૩–૬–૧૧ સ્થાનનો સ્વામી નૈસર્ગિક પાપ ગ્રહ હોય તેના કરતા ૪–૭–૧૦ સ્થાનનો સ્વામી નૈસર્ગિક શુભ ગ્રહ વધુ પાપી છે.

(૭) ૪–૭–૧૦ સ્થાનનો સ્વામી નૈસર્ગિક શુભ ગ્રહ હોય તેના કરતાં ૩–૬–૧૧ ના નૈસર્ગિક પાપ ગ્રહ શુભ ગણાય છે. ૩–૬–૧૧ ના સ્વામી નૈસર્ગિક પાપ ગ્રહ હોય તેના કરતાં ૧–૫–૯ સ્થાનના નૈસર્ગિક પાપ કે શુભ ગ્રહો વધુ શુભ ગણાય.

(૮) ૪–૭–૧૦ સ્થાનનો સ્વામી થતો હોય. સાથોસાથ ૧–૫–૯ સ્થાનનો પણ સ્વામી થતો હોય તો તે ગ્રહ શુભ ફળ આપે છે. ૪–૭–૧૦ સ્થાનના સ્વામી સાથે ૧–૫–૯ ના સ્વામીની યુતિ, દૃષ્ટિ, પરિવર્તન શુભ ફળ આપે છે.



૪–૭–૧૦નો સ્વામી ૧–૫–૯ સ્થાનમાં અથવા ૧–૫–૯નો સ્વામી ૪–૭–૧૦ સ્થાનમાં તથા જેરાશિમાં હોય તેનો માલિક દૃષ્ટિ કરતો હોય તો તથા ૩–૬–૮–૧૧–૧૨મા ભાવ સાથે સંબંધમાં ન હોય તો શુભ ફળ આપે. દા.ત. ૪થાનો માલિક પાંચમે તથા પંચમેશની દૃષ્ટિ પાંચમા ભાવ ઉપર હોય તો શુભ ફળ આપે.

(૯) ૪–૭–૧૦નો સ્વામી થતો હોય અને સાથોસાથ ૩–૬–૧૧નો સ્વામી પણ થતો હોય તો અશુભ ફળ આપે.

(૧૦) નૈસર્ગિક અશુભ ગ્રહ કેન્દ્રેશ હોય અને ત્રિકોણેશ સાથે(યુતિ, દૃષ્ટિ, પરિવર્તન જેવા) સંબંધમાં ન હોય તો કેન્દ્રેશની દશામાં ત્રિકોણેશની ભુકિત શુભ ફળ આપે. પરંતુ ત્રિકોણેશ પણ નૈસર્ગિક અશુભ–પાપ ગ્રહ હોય તો તેની ભુકિતમાં શુભ ફળ મળે નહિ.

(૧૧) યોગકારક ગ્રહની મહાદશામાં તેની સાથે(યુતિ, દૃષ્ટિ, પરિવર્તન જેવા) સંબંધમાં હોય તેવા મારક ગ્રહની અંતરદશા, પાપ ગ્રહની અંતરદશા, શુભ ફળ આપે તથા યુતિ, દૃષ્ટિ,પરિવર્તન જેવા સંબંધમાં હોય તેવા શુભ ગ્રહની આંતરદશા શુભ ફળ આપે. યુતિ, દૃષ્ટિ, પરિવર્તન જેવા સંબંધમાં હોય તેવા શુભ ગ્રહની દશામાં યોગકારકની અંતરદશામાં યોગનું ફળ મળતું જણાય છે.

(૧૨) સ્થાનમાં રહેલ ગ્રહ તેની રાશિના માલિક પ્રમાણે શુભ–અશુભ ફળ આપે છે. દા.ત. કુંભ લગ્નમાં, મંગળ વૃષભ રાશિમાં હોય તો ભાગ્યભુવનમાં તુલા રાશિ આવતી હોવાથી યોગકારકનું ફળ આપે.

(૧૩) શુભ ગ્રહની મહાદશામાં તેની સાથે યુતિ, દૃષ્ટિ, પરિવર્તન



Scanned with CamScanner

જેવા સંબંધમાં ન હોય તેવા શુભ ગ્રહ યોગકારક ગ્રહની અંતરદશા અશુભ ફળ આપે. સંબંધમાં હોય તેવા શુભ ગ્રહ–યોગકારક ગ્રહની અંતરદશા શુભ–અશુભ બંને ફળ આપે. શુભ કરતાં અશુભ ફળનું પ્રમાણ ઓછું રહે.

લઘુપારાશરીના સિધ્ધાંતો ટૂંકમાં જોયા, હવે સૂક્ષ્મ ફળાદેશ મેળવવાની પધ્ધતિ જોઈએ.

(૧) ક્ષેત્ર સંપૂર્ણ રાશિ, (૨) હોરા, (૩) દ્રૃષ્કોણ, (૪) ચતુર્થાંશ, (૫) સપ્તમાંશ, (૬) નવમાંશ, (૭) દશાંશ, (૮) દ્વાદશાંશ, (૯) ષોડશાંશ, (૧૦) વીશાંશ, (૧૧) ચર્તુવિશાંશ, (૧૨) ભાંશ, (૧૩) ત્રિશાંશ, (૧૪) ખવેદાંશ, (૧૫) અર્થાવેદાંશ, (૧૬) ષષ્ટયાંશ ઉપરથી સૂક્ષ્મ ફળાદેશ મેળવવાની પધ્ધતિ પણ પ્રચલિત છે. (આ ૧૬ વર્ગોને ષોડશવર્ગ કહેવામાં આવે છે.) જ્યારે નાડીગ્રંથોમાં મુખ્ય સ્ધ્ધિાંત – 'નાડીફલ વિજ્ઞાય ન શકયો લગ્નનિર્ણય :' એવો છે. લગ્નનો નિર્ણય નાડીફળ દ્વારા કરવો : શુધ્ધ જન્મ લગ્ન નાડીઅંશ દ્વારા મેળવી ફળાદેશ કરવાથી સાચું પડશે. ઘણા વિવેચકો અને વિદ્વાનો ષોડશવર્ગ ઉપરથી નાડીઅંશનો નિર્ણય કરી, ફળાદેશ મેળવવાનું જણાવે છે. નાડીગ્રંથોમાં નાડીઅંશ જન્મ લગ્ન પરથી (ષોડશવર્ગ પૈકી) કયા વર્ગમાં જાતકનો જન્મ છે તે જણાવેલ છે. ઉદા. જોઈએ.

'કાન્તાંશે મકરે લગ્ને, શુક્ર ત્રિશાંશગે તથા'

મકર લગ્ન હોય અને કાન્તા નામનો નાડીઅંશ હોય, શુક્રના ત્રિશાંશમાં જાતકનો જન્મ હોય તો....

'સમાંશે મેષ લગ્નેતુ ... કુંજ ત્રિશાંશ જાતક :'

મેષ લગ્નના સમા નામના નાડીઅંશમાં જન્મેલ જાતકનું મંગળનું ત્રિશાંશ હોય.



નાડીઅંશ દ્વારા સૂક્ષ્મ શુધ્ધ જન્મ લગ્ન શોધવા માટે નાડીકારે ૧૨×૧૨×૧૫૦ના સિધ્ધાંત નો ઉપયોગ કરેલ હોય તેવું જણાય છે. આ સિધ્ધાંત અને ગણિત દ્વારા નાડીગ્રંથમાં જણાવેલ નાડીઓના સ્વામી, શુધ્ધ જન્મ લગ્ન મેળવી શકાય છે.

નાડીઓની સંખ્યા ૧૫૦ છે. ૧૨ રાશિ છે. ફળાદેશ માટે નાડીકારે શુધ્ધ રાશિ ઉપર વધુ ધ્યાન આપવાનું જણાવેલ હોય તેવું જણાય છે.

**તુલા લગ્નમાં**

' નિર્મલાશે પૂર્વ ભાગે સપ્તમે દેવપૂજિત્'

તુલા લગ્નમાં, સાતમા ભાવમાં નિર્મલા નાડીઅંશના પૂર્વ ભાગમાં ગુરુ હોય...

' ઉરગાંશે નિશાનાથે પૂર્વ ભાગે શુભેક્ષિતે
મિત્રાંશકે પ્રજાતસ્ય માતૃવંશ ક્ષયં ગતમ્'

ચંદ્ર 'ઉરગ' નામના નાડીઅંશમાં હોય અને તેના પૂર્વ ભાગમાં શુભ ગ્રહ દ્વારા દૃષ્ટ હોય, મિત્ર નવમાંશમાં હોય તોપણ માતાના વંશનો ક્ષય થાય.

**મીન લગ્નમાં**

'હરિણાંશકમે સૂર્ય કુન્દાશસ્યૈવ જાતકે
સૂર્ય નાડીફલ શ્રેષ્ઠ યોગયોગં વિનિર્દિશેત્'

મીન લગ્નમાં કુન્દાંશ નામનો નાડીઅંશ હોય તો સૂર્યનું નાડીફળ સારું કહેવું અર્થાત્ સૂર્ય સારું ફળ આપે.

**કુંભ લગ્ન**

'લગ્નાત્ કર્મગતે ભૌમે શુભ યુત વીથિતે
જીર્ણોદ્ધારણ ધર્માદે : ગુહાંશે પરિપાલક :



Scanned with CamScanner

ઉતરાંશે ભ્રાતૃમૂલાત્, બહુ ધર્મપ્રદો ભવેત્'

કુંભ લગ્ન હોય અને ગુહાંશ હોય, મંગળ દશમા ભાવમાં શુભ ગ્રહથી દૃષ્ટ અથવા શુભ ગ્રહ સાથે હોય તો મંદિર વગેરે ધર્મસ્થાનોના પુનઃ નિર્માણ વગેરે શુભ કાર્ય કરનાર બને. ઉતર ભાગમાં જન્મ હોય તો ભાઈઓના કારણે ધર્માદિ કાર્યમાં ખર્ચ કરનાર તથા દાન કરનાર બને.

જ્યોતિષ જાણકાર દરેક એવો અભિપ્રાય આપે કે જે તે લગ્નમાં જે તે ગ્રહ બળવાન –શુભ – અશુભ – કારક ઈત્યાદિ યોગમાં હોવાથી નાડીકારે જે તે પ્રમાણે ફળકથન કરેલું છે. પરંતુ ખરેખર તો નાડીઅંશ દ્વારા જન્મ લગ્ન અને ગ્રહની સૂક્ષ્મ – શુધ્ધ રાશિ શોધી ફળાદેશ કરવાથી ફળાદેશમાં સચોટતા મેળવી શકાય.

સૂક્ષ્મ અને સચોટ ફળાદેશમાં નાડીઅંશનું ઘણું જ મહત્વ છે.

વાચકો–વિવેચકો અને વિદ્વાનોને આલેખ ઉપયોગી થશે તેવી આશા સાથે વિરમું છું.



# છાયાગ્રહ રાહુ એક અભ્યાસ

રાહુને તમ, અસુર, સૈહિકેય, સ્વર્ભાનુ, દાનવ, સર્પ, ફણી, ભુજંગી, અમૃતચોર એવા વિશેષ નામની ઓળખવામાં આવે છે. અંગ્રેજીમાં રાહુને ડ્રેગોન્સ હેડ એવા નામથી ઓળખવામાં આવે છે. રાહુનો દેવતા વાયુ, વિદ્યા ગારુડી, શુધ્ધ, ચંડાલ જાતિ, જન્મભૂમિ સિંહલ રાઠીના પુર, પૈઠીનસ ગૌત્ર, નીલ વર્ણ છે. રાહુ અતિવૃધ્ધ અને ૧૦૦ વર્ષની ઉમરનો મનાય છે. રાહુ નૈઋત્ય કોણનો સ્વામી, પગ વિનાનો, પાપી, અતિક્રોધી, જીર્ણ, ચિત્ર–વિચિત્ર વસ્ત્ર ધારણ કરનાર, તમોગુણી, અપવિત્ર, પર્વત, રાફડો એવા સ્થાનમાં નિવાસ કરનાર, ૧૮ વર્ષમાં રાશિચક્રનું ભ્રમણ પુરું કરનાર, ૩ કલા ૧૦,૬,૩,૪ વિકલાથી દૈનિક ગતિએ ચાલનાર, વ્યાતિપાત નામનો ઉપગ્રહ ધરાવનાર છે. કન્યા–કુંભ રાશિ સ્વગૃહી મનાય છે – ધન–વૃશ્ચિક નીચ અને વૃષભ મિથુન રાશિમાં મૂલ ત્રિકોણ રાશિનો માને છે તથા ૫–૯મી દૃષ્ટિ ગણે છે.

રાહુના સૂર્ય, ચંદ્ર, મંગળ શત્રુ, બુધ–શનિ–શુક્ર મિત્ર, ગુરુ સમ સજ્ઞાવાળા ગ્રહો ગણાય છે. રાહુ દક્ષિણાયનમાં કૃષ્ણપક્ષમાં, રાત્રિમાનમાં બળવાન બને છે. ૪–૮–૧૨ અનિષ્ટ ૩–૬–૧૦–૧૧ શુભ સ્થાન છે. ૫–૯–૧૨ વેધ સ્થાન ગણાય છે. કારકત્વ–હાડકા, અપવિત્રતા, નીચ જાતિ, પાપી સ્ત્રીઓ, વન, પર્વત, સર્પ, દાદા, અસ્પષ્ટ–અવ્યવસ્થિત વર્તાવ, જુગાર, ડામર, ભ્રમ, આભાસ, ભૂત–પ્રેત–પિશાચ, જેલ, કોઢ, અગમ–નિગમ, તાંત્રિક–માંત્રિક નડતર, અપરમાર, કૃમિ, ભૂખ, વાયુનો કારક ગણાય છે.



Scanned with CamScanner

રાહુની તથા કેતુની ફળ આપવાની પધ્ધતિ પ્રાચીન ગ્રંથોમાં આપવામાં આવી છે કે–

'યદ્યભાવગતૌ વાપિ યદ્ય ભાવેશ સંયુતૌ
તત્તત્ફલાનિ પ્રબલૌ પ્રદિશેતાં તમો ગ્રહો'

'વિમર્દકત્વાદકેન્દ્રોઃ પ્રબલાવિન્યુદીરિતૌ
બિમ્બાભાવચ તૌ સ્વં સ્વં ફલં નો દાતુમર્હતઃ'

આકાશસ્થિત ગ્રહ અને નક્ષત્રો(પ્રકાશિત હોવાથી) બિમ્બના પરસ્પર સંબંધથી જ શરીરધારીઓને શુભ–અશુભ ફળ આપે છે. રાહુ–કેતુ તો સૂર્ય–ચંદ્રના માર્ગના સંપાત બિન્દુ છે. જે બિમ્બ હીન છે આકાશમાં પોતાના અસ્તિત્વનો અભાવ હોવાના કારણે સ્વતંત્ર રીતે પોતાના સ્વભાવ અનુસાર ફળ આપી શકતા નથી.રાહુ અને કેતુ ગ્રહણ દ્વારા સૂર્ય–ચંદ્રના વિમર્દક હોવાથી પ્રબળ પાપગ્રહ માનવામાં આવેલ છે. તેથી રાહુ–કેતુ બળવાન હોવા છતાં જે સમયે જે રાશિમાં અથવા/અને જે ભાવેશ સાથે હોય તેના સ્વભાવ અનુસાર શુભ–અશુભ ફળ આપનાર કહેવામાં આવેલ છે. પ્રાચીન ગ્રંથોમાં રાહુ દ્વારા પૂર્વજન્મના પાપાકર્મનો અંદાજ આપવામાં આવેલ છે. પ્રાચીન ગ્રંથોના આધારે.

(૧) ૩જા ભાવમાં રાહુ અતિપરાક્રમી, ધનવાન, યશસ્વી, શત્રુવિજયી ઐશ્વર્યવાન, સુખી, વિલાસી, ભાઈ–ભાંડુરના સુખમાં અવરોધ, પિતા સાથે અણબનાવ રાખનાર, હલકા માણસથી–નીચ કક્ષાની વ્યકિતથી ભાગ્યવૃધ્ધિ, હાથમાં તકલીફ આપનાર બને.

(૨) ચોથા ભાવમાં રાહુ સ્ત્રીઓનો વિરોધી, પિતાના સુખમાં અવરોધ, સંતાન–મિત્રના સુખમાં અવરોધ, વાયુરોગથી



પીડાય.

(૩) પાંચમાં ભાવમાં રાહુ ડરપોક, દયાળુ, આર્થિક ખેંચવાળો, મિત્ર સાથે અણબનાવવાળો, પેટનો તથા માનસિક દર્દી હોય.

(૪) પાંચમાં ભાવમાં રાહુ તેના ઉપર મંગળની દૃષ્ટિ અથવા મેષ–વૃશ્ચિક રાશિમાં પાંચમાં ભાવમાં રાહુ હોયતો સર્પદોષથી પુત્ર–સંતાન સુખમાં અવરોધ આપે.

(૫) પાંચમાં ભાવમાં શનિ તેના ઉપર ચંદ્રની દૃષ્ટિ અને પંચમેષ રાહુની યુતિ હોય તો સર્પદોષથી પુત્ર–સંતાન સુખમાં અવરોધ આપે.

(૬) ગુરુ–રાહુની યુતિ, પંચમશ નિર્બળ અને લગ્નેશ–મંગળની યુતિ હોય તો સર્પદોષના કારણે પુત્ર–સંતાન સુખમાં અવરોધ આપે.

(૭) ગુરુ–મંગળની યુતિ, લગ્નમાં રાહુ તથા પંચમેશ ૬–૮–૧૨ ભાવમાં હોય તો સર્પદોષના કારણે પુત્ર–સંતાન સુખમાં વિઘ્ન આપે.

(૮) મંગળના નવમાંશમાં પાંચમાં સ્થાનનો માલિક થઈને બુધ સાથે મંગળ હોય અને રાહુ–ગુલિક લગ્નમાં હોય તો સર્પદોષ સંતાન સુખમાં વિઘ્ન રૂપ થાય.

(૯) પંચમેશ મંગળ હોય અને પાંચમાં સ્થાનમાં રાહુ–બુધની સાથે હોય (એટલે કે મેષ–અથવા વૃશ્ચિક રાશિમાં હોય) અથવા પ્રતિયુતિ હોય તો સર્પના શાપથી સંતાન સુખમાં બાધા આપે.

(૧૦) લગ્નેશ રાહુ સાથે અથવા પંચમેશ મંગળ સાથે અને ગુરુ ઉપર રાહુની દૃષ્ટિ હોય તો સર્પ દોષ સંતાન સુખમાં



Scanned with CamScanner

અવરોધ રૂપ બને.

(૧૧) પંચમેશ ચંદ્ર હોય અને રાહુ શનિ સાથે હોય તો માતૃદોષના કારણે સંતાન સુખમાં બાધા આવે.

(૧૨) છઠ્ઠા ભાવમાં રાહુ કુળવાળો, ધનવાન, દીર્ધાયુ,શત્રુવિજયી, હલકા વર્ણની જાતિ સાથે મિત્રતા રહે.

(૧૩) સાતમા ભાવમાં અથવા લગ્નમાં રાહુ પેટનું દર્દ આપે.

(૧૪) સાતમા ભાવમાં રાહુ વ્યભિચારી, પત્નીવિરોધી, ઘણો જ ક્રોધી ગુસ્સેલ પત્નીવાળો/પતિવાળી અથવા વિવાદાસ્પદ સ્ત્રી અથવા પતિ હોય.

(૧૫) આઠમા ભાવમાં રાહુ દુઃખી, રોગી, શત્રુવાળો, નાણાંભીડવાળો.

(૧૬) આઠમા ભાવમાં રાહુ સાથે શનિ અથવા/અને મંગળ શસ્ત્રઘાત, શસ્ત્રક્રિયા, મારામારીનો યોગ કરે.

(૧૭) નવમાં ભાવમાં રાહુ યશસ્વી, ધનવાન, સ્વલ્પસુખી, દેહપીડા આપે.

(૧૮) દશમા ભાવમાં રાહુ પિતાના સુખમાં અવરોધ, ભાગ્યહાનિ, શત્રુનાશી, રોગી, વા–વાયુના રોગવાળો બનાવે.

(૧૯) દશમા સ્થાનમાં રાહુ–શુક્ર અથવા સાતમા સ્થાનમાં રાહુ સાથે શનિ–સૂર્ય સર્પભય આપનાર બને.

(૨૦) અગ્યારમા સ્થાનમાં રાહુ ધનવાન, લાભવાન, ઘણો જ સુખી, માન મેળવનાર, મોટી ઉંમરે પુત્રસુખ આપનાર છે.

(૨૧) બારમા સ્થાનમાં રાહુ દુષ્ટ સ્વભાવ, પગમાં ઘાત, દુષ્ટસંગતી, આર્થિક ખેંચ આપનાર બને.



(૨૨) લગ્નમાં રાહુ–ગુરુ દાંતની તકલીફ આપે.

(૨૩) ધન ભાવમાં રાહુ તેના ઉપર અથવા તેની સાથે મુકિતની દૃષ્ટિ સર્પભય આપે.

(૨૪) રાહુ સાથે ચંદ્ર, પાપ ગ્રહ અને ગુરુની દૃષ્ટિ હોય તો મહાપાપી બનાવે.

(૨૫) પાંચમા ભાવ સાથે રાહુનો સંબંધ બીજાને પીડા થાય તેવી ભકિત આપનાર બને.

ભાવ ફળ વિચારમાં પરસ્પર ગ્રહોની દૃષ્ટિ તથા ભાવો ઉપર ગ્રહોની દૃષ્ટિ વિશેષ પરિણામા આપનાર બને છે.

(૨૬) પ્રથમ ભાવ ઉપર રાહુની દૃષ્ટિ શરીર સુખમાં ખામી, રોગી રાખે, ચહેરા–માથા ઉપર પડવા–વાગવાથી નિશાની આપે.

(૨૭) ધન ભાવ ઉપર રાહુની દૃષ્ટિ કુટુંબ સુખમાં કાપ, પાણી–પથ્થર–શસ્ત્રધાત આપે. આર્થિક ભીંસ આપે.

(૨૮) ત્રીજા ભાવ ઉપર રાહુની દૃષ્ટિ સ્વપરાક્રમી, સફળતા મેળવનાર, ધનવાન, ભાઈ–બહેનના સુખમાં કાપ–હાનિ આપનાર બને.

(૨૯) ચોથા ભાવ ઉપર રાહુની દૃષ્ટિ હલકી જાતિની વ્યકિતથી લાભ, માતાના સુખમાં અવરોધ, પેટ–પેડુમાં વાયુની પીડા આપે.

(૩૦) પાંચમાં ભાવ ઉપર રાહુની દૃષ્ટિ સંતાનઅલ્પ, થોડી વિદ્યા, મંદબુધ્ધિ, યાદશકિત ઓછી આપે.

(૩૧) છઠ્ઠા સ્થાન ઉપર રાહુની દૃષ્ટિ શત્રુનાશ, મોશાળ પક્ષમાં અણબનાવ, શારીરિક નબળાઈ આપે.

(૩૨) સાતમા ભાવ ઉપર રાહુની દૃષ્ટિ મંદબુધ્ધિ પત્ની



Scanned with CamScanner

કજિયાખોર આપે.

(૩૩) આઠમા સ્થાન ઉપર રાહુની દૃષ્ટિ પશુની પીડા, સંગ્રહણી, ભગંદર વગેરે દર્દ કરે.

(૩૪) નવમા સ્થાન ઉપર રાહુની દૃષ્ટ સુંદર સ્ત્રી સાથે લગ્ન થાય, મિત્ર–બંધુ–ભાઈને પીડા, હલકા ધંધા અને હલકી જાતીની વ્યકિતથ આગળ વધે.

(૩૫) દશમા સ્થાન ઉપર રાહુની દૃષ્ટિ પિતાને કષ્ટ, ધંધા–રોજગારમાં તકલીફ, દુનિયાનો દેવાદાર બનાવે.

(૩૬) લાભ સ્થાન ઉપર રાહુની દૃષ્ટિ–આયુ : સારું આપે, ધન–માન સુખ આપે, આત્મવિશ્વાસુ બનાવે.

(૩૭) બારમા સ્થાન ઉપર રાહુની દૃષ્ટિ લોભી–કામી કુળને હાનિ કરનાર.

(૩૮) મેષ નવમાંશમાં રાહુ મિત્રની વિષપ્રયોગ–ઝેરથી હત્યા, છળકપટ–લોભથી અન્યનું દ્રવ્ય હરી – પડાવી લેવું તથા તેની હત્યા કરવી. તેનો દોષ આપે.

(૩૯) વૃષભ નવમાંશમાં રાહુ–હલકા વર્ણની વ્યકિતનો વધ, વેપારીની વિનાઅપરાધે હત્યા, વટેમાર્ગુને કપટથી લૂંટવા અંગેનો દોષ આપે.

(૪૦) મિથુન નવમાંશમાં રાહુ–દુષ્ટ સાથેમળી કુટુંબને દુઃખ આપવાનો, પૂજનીય વ્યકિતને દુઃખ આપવું, તેનું ધન પડાવી લેવું.

બીજાની સ્ત્રીને મારી નાખવી, સ્ત્રીને ઝેર આપવું, તેનો દોષ આપે.

(૪૧) કર્ક નવમાંશમાં રાહુ – દેવ – મંદિર – ધાર્મિક જગ્યાની વસ્તુ–ધન પચાવી પાડવું, પોતાની સ્ત્રીનો વધ કરવો,



ગોત્ર–કુટુંબને ત્યજવા અંગેનો દોષ આપે.

(૪૨) સિંહ નવમાંશમાં રાહુ બાળહત્યા, બાળકને વેચવા, વ્યભિચારીથી પોતાની પત્નીને દુઃખ આપવું, બીજાની સ્ત્રીને ભોગવવી તેનો દોષ આપે.

(૪૩) કન્યા નવમાંશમાં રાહુ કન્યા વધ, મિત્ર હત્યા, સતી દોષ આપે.

(૪૪) તુલા નવમાંશમાં રાહુ સ્ત્રીત્યાગ, સ્ત્રીવધ, વિધવા, સ્ત્રીગમન, વિધવા સ્ત્રીનું દ્રવ્ય પડાવી લેવું તેનો ઉપયોગ કરવો તેનો દોષ આપે.

(૪૫) વૃશ્ચિક નવમાંશમાં રાહુ–પશુ વધ, ગાય વધ, નિર્દોષને દંડ, નિર્દોષની હત્યા.

(૪૬) ધન નવમાંશમાં રાહુ–ધાર્મિક ક્રિયામાં વિઘ્ન કરવાનો, પરસ્ત્રીગમન, કન્યાગમનનો દોષ આપે. પૂજનીયનો શાપદોષ.

(૪૭) મકર નવમાંશમાં રાહુ–કુટુંબની હત્યા, બાળ હત્યા, પિતાનો વધ કરવા અંગે દોષ આપે.

(૪૮) કુંભ નવમાંશમાં રાહુ સર્પહત્યા, સર્પદોષ, માતા–પિતાનો દ્રોહ, ગુરુનો ત્યાગ, તેના શાપ અંગેનો દોષ આપે.

(૪૯) મીન નવમાંશમાં રાહુ–પોતાના આશ્રિતની હત્યા, બ્રહ્મહત્યા, પરસંતાન–બીજાના સંતાન ચોરવા અંગેનો દોષ આપે.

રાહુ સાથે અન્ય ગ્રહના સંબંધથી થતા દોષ –

રાહુ–સૂર્યનો સંબંધ પિતા–પિતાતુલ્ય વ્યકિતનો શાપ, શિવદોષ, પિતાની જમીનનો દોષ આપે છે.



Scanned with CamScanner

રાહુ–ચંદ્ર–રાહુ–શુક્રનો સંબંધ – કુવારી કન્યાનો દોષ, માતૃદોષ, વિધવા–પરસ્ત્રીગમન, તેના ધનનો ઉપયોગ કરવાનો દોષ, સ્ત્રીવધ, કુળદેવીનો દોષ, ભગિનીનો દોષ, નિર્દોષ સ્ત્રીને કષ્ટ આપવાથી થતો દોષ આપે છે.

રાહુ–બુધનો સંબંધ – બ્રહ્મહત્યા, પૂજનીય વ્યકિતનો શાપ, બ્રાહ્મણ, પૂજનીય વ્યકિતનું ધન પચાવી પાડવાનો દોષ, દગો કરવાનો દોષ આપે.

રાહુ–ગુરુનો સંબંધ પૂજનીય વ્યકિતના શાપ, દેવદ્રવ્ય હરણ કરવાથી થતો દોષ, દેવની જમીન–મકાન આભૂષણ પચાવી પાડવાથી થતો દોષ, કોઈપણ પ્રકારનો દેવદોષ આ સંબંધ આપે છે. બ્રાહ્મણ–ગુરુપત્નીગમન તેનો વધ, તેના સંતાનનો વધ તેને કષ્ટ આપવાનો દોષ આપે છે.

રાહુ–મંગળનો સંબંધ– જમીનદોષ, અગમ–નિગમ, મંત્ર–તંત્ર, પ્રેત–પિશાચથી તકલીફ આપે, પુત્ર–મિત્રનો દોષ આપે, ક્ષત્રિય વધ, વંશમાં અગ્નિથી, વિષપ્રયોગથી, મરણ પામેલાની તકલીફ આપે, વંશમાં જેનું ખૂન થયું હોય તેનો દોષ આપે, ભાઈના અકાળે અવસાન થવા અંગેનો દોષ આપે છે.

રાહૂ–શનિનો સંબંધ શુદ્ર હલકા વર્ણની વ્યકિતને કષ્ટ આપવા અંગેનો દોષ આપે. વંશમાં વારસદાર વિનાના કે અપરિણીત અવસાન પામેલ હોય તેનાથી તકલીફ આપે.

નોકર–આશ્રિતને દગો કરવાનો દોષ આપે, અપવિત્ર સ્થાનનો દોષ–પ્રેત્ર–પિશાચથી તકલીફ આપે. જુલમ અને દુરાચારથી નિર્દોષને કષ્ટ આપવાનો દોષ આપે, શુભ કામમાં વિઘ્ન કરવા અંગેનો દોષ આપે છે.

આમ રાહુના નવમાંશમાં ભેદે અને અન્ય ગ્રહ સાથેના



સંબંધથી થતાં (પાપકર્મ) દોષ જોઈ ગયા. હવે નક્ષત્ર પધ્ધતિએ રાહુનો ફળાદેશ તપાસીએ.

રાહુ સામાન્ય રીતે એક રાશિ–૯ નવમાંશમાં ૧૮ માસ રહે છે. એક નક્ષત્રમાં ૮ માસ સુધી ભ્રમણ કરે છે. એક અંદાજ મુજબ દર ૯૪મા વર્ષે તારીખ–માસ અને રાશિપ્રવેશ સરખા આવે છે તેમ જ દર ૯૪મા વર્ષે તારીખ–માસ અને નક્ષત્રપ્રવેશ સરખા આવે છે જે આ લેખમાં આપેલ સારણી ઉપરથી માલૂમ પડશે. અગાઉ જોઈ ગયા તેમ રાહુ જે રાશિમાં તથા જે ભાવેશ સાથે રહેલ હોય તે અનુસાર પોતાની દશા–અંતરદશામાં તીવ્ર ફળ આપે છે.

બારેય ભાવ અને બારેય લગ્ન પ્રમાણે રાહુનો ફળાદેશ.

મેષ લગ્ન : અશ્વિની, મૃગશીર્ષ, ચિત્રા, અનુરાધા, જયેષ્ઠા, ધનિષ્ઠા, રેવતી નક્ષત્રમાં રાહુ અશુભ ફળ મુખ્ય આપે, આરોગ્ય, પતિ–પત્ની ભાગીદારીની માંદગી, પતિ–પત્ની ભાગીદારીના સંબંધમાં ગરબડ – આર્થિક ખેંચ, દેણદાર બનાવે. નોકરી ધંધામાં બઢતી–પ્રગતી કરવામાં મુશ્કેલી આપે છે.

ભરણી, કૃતિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, પૂ.ફા., ઉ.ફા., વિશાખા, મૂળ, પૂ.ષા. ઉ.ષા., શ્રવણ, પૂ.ભા. નક્ષત્રમાં રાહુ મિશ્ર ફળ આપે.આરોગ્ય અવાર નવાર નરમ–ગરમ રાખે, જમીન–મકાન વગેરે મિલકતમાં મૂડીરોકાણ કરાવે, ધંધામાં–નોકરીમાં ઉધરાણી રોકાઈ જવાથી દેવું કરાવે ખર્ચને પહોંચી શકાય તેટલી આવક થાય નહિ.

આર્દ્રા નક્ષત્ર, પુષ્પ આશ્લેષા, હસ્ત, સ્વાતિ, શતતારકા, નક્ષત્રમાં રાહુ શુભ ફળ વિશેષ આપનાર બને. આર્દ્રા નક્ષત્રમાં રાહુ તથા આ સમયે કુંભ રાશિમાં અથવા વૃષભ રાશિમાં બુધ



Scanned with CamScanner

આવક માટે ઘણો જ લાભદાયી ગણાય.

સ્વાતિ નક્ષત્રમાં રાહુ તથા આ સમયે કુંભ અથવા વૃષભ રાશિમાં શુક્ર આવકનું પ્રમાણ વધારવા માટે આ સ્થિતિ સારી ગણાય. સ્વાતિ નક્ષત્રમાં રાહુ અને કન્યાનો શુક્ર આવક માટે સારો પરંતુ જીવનસાથીની ભાગીદારી ગરબડ કરાવે.

શતતારકા નક્ષત્રનો રાહુ અને શનિ વૃષભ–તુલા–મકર–કુંભ રાશિમાં આ સ્થિતિ જીવનસાથીની ભાગીદારી, આવક વગેરેમાં નોંધપાત્ર શુભ પરિણામ આપવામાં મહત્વનો ભાગ ભજવે.

વૃષભ લગ્ન : અશ્વિની, ભરણી, મૃગશીર્ષ, પૂ.ફા. ચિત્રા, સ્વાતિ, વિશાખા, પૂ.ષા., ધનિષ્ઠા, પૂ.ભા. નક્ષત્રમાં રાહુ શુભ ફળ આપતો નથી. ઉ.ભા. અનુરાધા, શતતારા નક્ષત્રમા મિશ્ર ફળ ન આપતાં શુભ ફળ વિશેષ આપનાર બને. બાકીના નક્ષત્રમાં રાહુ મિશ્ર ફળ આપે.

મિથુન લગ્ન : રાહુ અશ્વિની નક્ષત્રમાં અને કેતુ ચિત્રા નક્ષત્રમાં શુભ ફળ આપનાર બને. રાહુ ઉ.ફા. નક્ષત્રમાં તથા ધનિષ્ઠ નક્ષત્ર કુંભ રાશિમાં શુભ ગણાય. બાકીના બધા નક્ષત્રમાં રાહુ મિશ્ર ફળ આપે.

કર્ક લગ્ન : પુનર્વસુ, પુષ્ય, મઘા, અનુરાધા, પૂ.ભા., ઉ.ભા., નક્ષત્રમાં અશુભ ફળ રાહુ આપે.

આશ્લેષા, ચિત્રા, હસ્ત, વિશાખા, જયેષ્ઠા, શ્રવણ, ધનિષ્ઠા, રેવતી, અશ્વિની, મૃગશીર્ષ, આર્દ્રા, નક્ષત્રમાં રાહુ મિશ્ર ફળ આપનાર બને.

પૂ.ફા., ઉ.ફા., પૂ.ષા., ઉ.ષા., ભરણી, કૃતિકા નક્ષત્રમાં રાહુ શુભ ફળ મુખ્યત્વે આપે.



ધન રાશિના મૂળ નક્ષત્રમાં રાહુ પોતાના સમય દરમિયાન પતિ–પત્ની ભાગીદરના સંબંધ ગરબડ કરાવે. શનિ મિથુન રાશિમાં તથા રાહુ મકર રાશિમાં હોય તોપણ પતિ–પત્ની ભાગીદારના સંબંધમાં વિઘ્નો આપે.

સિંહ લગ્ન : હસ્ત, ચિત્રા, વિશાખા, અનુરાધા, શ્રવણ, શતતારા, પૂ.ભા., ઉ.ભા., રોહિણી, પૂનર્વસુ, પુષ્પ નક્ષત્રમાં શુભ ફળની આશા નિરાશામાં પરિણમે.

મઘા, ઉ.ફા., પૂ.ફા., સ્વાતિ, જયેષ્ઠા, મૂળ, પૂ.ષા., ઉ.ષા., ધનિષ્ઠા, શતતારકા, રેવતી, અશ્વિની, ભરણી, કૃતિકા, મૃગશીર્ષ, આર્દ્રા નક્ષત્રમાં મિશ્ર ફળ આપે.

કન્યા લગ્ન : ઉ.ફા., ચિત્રા, અનુરાધા, ઉ.ષા., ધનિષ્ઠા, શતતારા, અશ્વિની, ભરણી, કૃતિકા, મૃગશીર્ષ નક્ષત્રમાં અશુભ ફળ આપે. રોહિણી, હસ્ત, શ્રવણ, પુષ્પ, આર્દ્રા, આશ્લેષા, પૂ.ભા., સ્વાતિ નક્ષત્રમાં રાહુ શુભ ફળ આપનાર બને.

બાકીના નક્ષત્રમાં રાહુ મિશ્ર ફળ આપનાર બને.

તુલા લગ્ન : અશ્વિની, ભરણી, રોહિણી, મૃગશીર્ષ, (પહેલા–બીજા ચરણમાં)કૃતિકા,પૂ.ષા., (છેલ્લા ત્રણ ચરણ), પૂ.ફા. નક્ષત્ર રાહુના અશુભ નક્ષત્ર ગણાય.

વિશાખા, ઉ.ફા., ઉ.ષા., કૃતિકા, (પ્રથમ ચરણ) રાહુના શુભ નક્ષત્ર ગણાય. બાકીના નક્ષત્રમાં મિશ્ર ફળ રાહુ આપે.

વૃશ્ચિક લગ્ન : ઉ.ફા., (પ્રથમ ચરણ) કૃતિકા, ઉ.ષા., નક્ષત્રમાં રાહુ શુભપ્રદ ગણાય.

અશ્વિની, ભરણી, મૃગશીર્ષ, આશ્લેષા, પૂ.ફા., સ્વાતિ, ચિત્રા, (છેલ્લા બે ચરણ), જયેષ્ઠા, મૂળ, પૂ.ષા., રેવતી નક્ષત્રમાં રાહુ અશુભ ફળદાતા બને. બાકીના નક્ષત્રમાં મિશ્ર



Scanned with CamScanner

ફળ આપે.

ધન લગ્ન : શ્રવણ, રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, (છેલ્લું ચરણ) હસ્ત, ચિત્રા, વિશાખા, (છેલ્લું ચરણ) નક્ષત્રમાં રાહુ અશુભ ફળ આપે.

કૃતિકા, મઘા, પૂ.ફા., ઉ.ફા., વિશાખા, (પ્રથમ ત્રણ ચરણ) પૂ.ષા., શતતારા નક્ષત્રમાં રાહુ શુભ ગણાય છે.

બાકીના નક્ષત્રનો રાહુ મિશ્ર ફળ આપનાર બને છે.

મકર લગ્ન : ઉ.ષા., પૂ.ભા., કૃતિકા, આર્દ્રા, પુનર્વસુ, મઘા, ઉ.ફા., મૂળ, નક્ષત્રમાં રાહુ શુભ ગણાતો નથી.

ધનિષ્ઠા, જ્યેષ્ઠા, ઉ.ભા., અશ્વિની, ભરણી, મૃગશીર્ષ, ચિત્રા, અનુરાધા, જ્યેષ્ઠા નક્ષત્રમાં રાહુ શુભ ફળ આપે છે.

અનુરાધા, જ્યેષ્ઠા નક્ષત્રમાં રાહુ જિંદગી માટે જોખમી ગણાય.

બાકીના નક્ષત્રમાં મિશ્ર ફળ રાહુ આપે.

કુંભ લગ્ન : પૂ.ભા., ઉ.ભા., રેવતી, રોહિણી, આર્દ્રા, પૂનર્વસુ, પુષ્ય, આશ્લેષા, મઘા, ઉ.ફા., હસ્ત, અનુરાધા, જ્યેષ્ઠા, મૂળ, શ્રવણ, શતતારકા નક્ષત્રમાં રાહુ અશુભ ફળ ગણાય. બાકીના નક્ષત્રમાં રાહુ મિશ્ર ફળ આપે.

મીન લગ્ન : અશ્વિની, ભરણી, કૃતિકા, મઘા, પૂ.ફા., ઉ.ફા., સ્વાતિ, પૂ.ભા., ઉ.ફા.માં રાહુ અશુભ ગણાય.

બાકીના નક્ષત્રમાં રાહુ મિશ્ર ફળ દાતા ગણાય.

દરેક લગ્નમાં રાહુનો ટુંકો ફળાદેશ જોયો ત્યાર બાદ હવે રાહુની રાશિપ્રવેશ વિશે વિચારીએ. રાહુ દર ૯૪માં વર્ષે જે તે તારીખ જે તે રાશિમાં પ્રવેશ કરે છે.

એટલે કે દર ૯૪ વર્ષે તારીખ–માસ–રાશિ સરખા આવે છે.



આ પ્રમાણેના દરેક ગૃહની રાશિપ્રવેશ અને નક્ષત્રપ્રવેશ સારણીઓ અમોએ તૈયાર કરેલ છે.

## ઈ. સન. પ્રમાણે રાહુ ગ્રહ રાશિ પ્રવેશ સારણી

| શેષ | તારીખ | માસ | રાશિ | શેષ | તારીખ | માસ | રાશિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૧ | ૫ | ૭ | ૪૪ | ૧૪ | ૧૦ | ૩ |
| ૨ | ૯ | ૧૨ | ૬ | ૪૬ | ૩ | ૫ | ૨ |
| ૪ | ૨૫ | ૬ | ૫ | ૪૭ | ૨૦ | ૧૧ | ૧ |
| ૬ | ૧૨ | ૧ | ૪ | ૪૯ | ૯ | ૬ | ૧૨ |
| ૭ | ૧ | ૮ | ૩ | ૫૦ | ૨૭ | ૧૨ | ૧૧ |
| ૯ | ૧૭ | ૨ | ૨ | ૫૨ | ૧૫ | ૭ | ૧૦ |
| ૧૦ | ૬ | ૯ | ૧ | ૫૪ | ૧ | ૨ | ૯ |
| ૧૨ | ૨૬ | ૩ | ૧૨ | ૫૫ | ૨૧ | ૮ | ૮ |
| ૧૩ | ૧૨ | ૧૦ | ૧૧ | ૫૭ | ૯ | ૩ | ૭ |
| ૧૫ | ૨ | ૫ | ૧૦ | ૫૮ | ૨૭ | ૯ | ૬ |
| ૧૬ | ૧૮ | ૧૧ | ૯ | ૬૦ | ૧૪ | ૪ | ૫ |
| ૧૯ | ૨૫ | ૧૨ | ૭ | ૬૩ | ૨૧ | ૫ | ૩ |
| ૨૩ | ૩૦ | ૧ | ૫ | ૬૬ | ૨૬ | ૬ | ૧ |
| ૨૪ | ૧૮ | ૮ | ૪ | ૬૮ | ૧૩ | ૧ | ૧૨ |
| ૨૬ | ૭ | ૩ | ૩ | ૬૯ | ૨ | ૮ | ૧૧ |
| ૨૭ | ૨૫ | ૯ | ૨ | ૭૧ | ૧૯ | ૨ | ૧૦ |
| ૨૦ | ૧૨ | ૪ | ૧ | ૭૨ | ૭ | ૯ | ૯ |
| ૩૦ | ૩૧ | ૧૦ | ૧૨ | ૭૪ | ૨૭ | ૩ | ૮ |
| ૩૨ | ૧૯ | ૫ | ૧૧ | ૭૫ | ૧૫ | ૧૦ | ૭ |
| ૩૩ | ૬ | ૧૨ | ૧૦ | ૭૭ | ૩ | ૫ | ૬ |



Scanned with CamScanner

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | ૨૬ | ૬ | ૯ | ૭૮ | ૨૦ | ૧૧ | ૫ |
| ૩૭ | ૧૨ | ૧ | ૮ | ૮૦ | ૮ | ૬ | ૪ |
| ૩૮ | ૧ | ૮ | ૭ | ૮૧ | ૨૬ | ૧૨ | ૩ |
| ૪૦ | ૧૮ | ૨ | ૬ | ૮૩ | ૧૫ | ૭ | ૨ |
| ૪૧ | ૮ | ૯ | ૫ | ૮૫ | ૩૧ | ૧ | ૧ |
| ૪૩ | ૨૮ | ૩ | ૪ | ૮૬ | ૨૧ | ૮ | ૧૨ |
| ૮૮ | ૯ | ૩ | ૧૧ | ૮૯ | ૨૬ | ૯ | ૧૦ |
| ૯૧ | ૧૫ | ૪ | ૯ | ૯૨ | ૧ | ૧૧ | ૮ |



# નક્ષત્ર પદ્ધતિથી ભવિષ્ય

નક્ષત્ર પધ્ધતિ અંગેના સામાન્ય અને અતિ મહત્વના સિધ્ધાંતોની ચર્ચા ઉદાહરણ સહિત જન્મભૂમિ સવંત–૨૦૩૮ અને સવંત ૨૦૪૨ના પંચાંગમાં મારા પ્રસ્ધ્ધિ થયેલ લેખોમાં કરેલી છે.

આજના યુગોમાં અતિ મહત્વના ચારથી પાંચ સવાલો જ જ્યોતિષ પાસે રજુ થતાં હોય છે. તેમાં પ્રથમ સવાલ છે આર્થિક પરિસ્થિતિ. બીજો સવાલ છે નોકરી ધંધો ક્યારે ? ત્રીજો સવાલ છે જમીન–મકાન સુખ અંગેનો છે. આજના જમાનામાં ઉપરોક્ત પાંચ સવાલો માણસોને વધુ મુંઝવતાં હોય છે. આપણે આ લેખમાં ઉપરોક્ત પાંચેય સવાલો અંગેની ચર્ચા કરીશું.

આર્થિક પરિસ્થિતિ જન્મકુંડળીમાં કે પ્રશ્નકુંડળીમાં બીજા સ્થાનનો ઉપપતિ ૨–૬–૧૧ સ્થાનમાં રહેલ હોય કે રાશિપતિ હોય અને/અથવા ૨–૬–૧૧ સ્થાનમાં રહેલ ગ્રહ કે રાશિપતિના નક્ષત્રમાં હોય તો નાણાંકીય છૂટ રહે. આવક સારી થાય, નાણા મળતાં રહે, પરંતુ જો ૫–૮–૧૨ સ્થાન સાથે બીજા સ્થાનનો ઉપપતિ ઉપર મુજબ સંબંધમાં આવેલ હોય તો નાણાં ગુમાવવાનો યોગ થાય, બીજાને વારંવાર નાણાં આપવા પડે. ૨–૬–૧૨ આ સ્થાનો સાથે બીજા સ્થાનનો ઉપપતિ ઉપર મુજબ સંબંધમાં હોય તો આર્થિક પરિસ્થિતિ સાધારણથી મધ્યમ ગણાય.

આ નિયમથી ૮મા સ્થાનનો ઉપપતિ ૨–૬–૧૧ સ્થાન સાથે ઉપર મુજબ સંબંધમાં હોય તો આવક સારી થાય. નાણાકીય છૂટ રહે, પરંતુ ૫–૮–૧૨ સ્થાન સાથે સંબંધમાં હોય તો નાણાં ગુમાવવા પડે. ૨–૬–૧૧–૫–૮–૧૨ આ સ્થાનો સાથે ઉપર



Scanned with CamScanner

મુજબ સંબંધમાં હોય તો આર્થિક પરિસ્થિતિ સાધારણથી મધ્યમ ગણાય. ૨–૬–૧૧ સ્થાનના નિર્દેશકોની દશા–અંતરદશામાં નાણાકીય છૂટ રહે. ૫–૮–૧૨ સ્થાનના નિર્દેશકોની દશા–અંતરદશામાં નાણાં ગુમાવવા પડે, ખર્ચ વધારે થાય.

૨. નોકરી ધંધો ક્યારે ? (૧) ૭મા ભાવનો ઉપપતિ ૬ઠ્ઠા ભાવમાં રહેલ હોય કે રાશિપતિ હોય અને/અથવા ૬ઠ્ઠા ભાવમાં રહેલ ગ્રહ કે રાશિપતિ નજીકમાં હોય તો, જાતક સર્વિસ કરનાર બને, પરંતુ સાથોસાથ ૭મા ભાવ સાથે ઉપર મુજબ સંબંધમાં આવે તો, નોકરી–ધંધો બંને કરનાર બને છે.(૨) ૬ઠ્ઠા ભાવનો ઉપપતિ ૭મા ભાવમાં રહેલ હોય કે રાશિપતિ હોય અને/અથવા ૭માં ભાવમાં રહેલ ગ્રહ કે નક્ષત્રમાં હોય તો જાતક સર્વિસને બદલે ધંધો કરનાર બને છે.

પરંતુ સાથોસાથ ૬ઠ્ઠા ભાવ સાથે ઉપર મુજબ સંબંધમાં આવે તો, જાતક નોકરી–ધંધો બંને કરનાર બને. (૩) ૧૦મા ભાવમાં રહેલ રાશિ–નક્ષત્ર ઉપ–નક્ષત્ર તથા ૧૦મા ભાવનો ઉપપતિ જે રાશિ–નક્ષત્ર ઉપનક્ષત્રમાં રહેલ હોય તેના ગુણધર્મ પ્રમાણેના નોકરી–ધંધા થાય.

૨–૬–૧૦ સ્થાન નોકરી માટે તથા ૨–૭–૧૦ ધંધા માટે જોવામાં આવે છે. આ સ્થાનોના નિર્દેશકોની મહાદશા અંતરદશા નોકરી–ધંધા થાય છે.

૩. લગ્ન ક્યારે ? સાતમા ભાવનો ઉપપતિ ૨–૭–૧૧ સ્થાનમાં રહેલ હોય કે રાશિપતિ હોય અને/અથવા ૨–૭–૧૧ સ્થાનમાં રહેલ ગ્રહ કે રાશિપતિના નક્ષત્રમાં હોય તો લગ્ન થાય.

શનિની સાતમા સ્થાન ઉપર દૃષ્ટિ શનિ–ચંદ્ર–શનિ–સૂર્યનો



સંબંધ લગ્ન થવાના વિલંબમાં કારણભૂત થતો જોવા મળે છે. આ સંબંધ દાપત્યજીવનમાં ગરબડ પણ કરનાર બને છે. વધુમાં ૭મા સ્થાન અથવા સપ્તેમેષનો પાપગ્રહો સાથેનો સંબંધ લગ્નમાં વિલંબ કરનાર બને છે.

૨–૭–૧૧ સ્થાનના નિર્દેશકોની મહાદશા–અંતરદશા લગ્ન શક્ય બને છે તથા લગ્નજીવન સુખમય પસાર થાય છે.

૪. સંતાન ક્યારે ? સ્ત્રીની કુંડળી હોય તો પાંચમાં ભાવમાં ઉપપતિ અને પુરુષની કુંડળી હોય તો ૧૧મા ભાવના ઉપપતિનો વિચાર કરવો.

પાંચમાં ભાવ અને / અથવા ૧૧મા ભાવનો ઉપપતિ ૨–૫–૧૧ સ્થાનમાં રહેલ હોય (વંધ્ય રાશિ સિવાય) કે રાશિપતિ હોય અને / અથવા ૨–૫–૧૧ સ્થાનના નિર્દેશકોની મહાદશા–અંતરદશા સંતાનસુખ મેળવી શકાય છે.

૫. જમીન મકાન ખરીદી યોગ ?

૪થા ભાવનો ઉપપતિ ૪–૧૧–૧૨ સ્થાનમાં રહેલ હોય કે રાશિપતિ હોય અને અથવા ૪–૧૧–૧૨ સ્થાનમાં રહેલ ગ્રહ કે રાશિપતિના નક્ષત્રમાં હોય તો જમીન–મકાન ખરીદ કરી શકાય અથવા બંધાવી શકાય છે.

૪–૧૧–૧૨ સ્થાનના નિર્દેશકોની મહાદશા અંતરદશામાં જમીન–મકાન ખરીદી કે બંધાવી શકાય છે.

**નિર્દેશકોની સમજ** :– જે સ્થાનનો વિચાર કરવાનો હોય તે ....

૧. સ્થાનમાં રહેલ ગ્રહ કે ગ્રહોના નક્ષત્રમાં જે ગ્રહ કે ગ્રહો હોય તે પ્રથમ ફળ આપે.

૨. સ્થાનમાં રહેલ ગ્રહ કે ગ્રહો બીજા નંબરે ફળ આપે.



Scanned with CamScanner

૩. સ્થાનમાં રહેલ રાશિપતિના નક્ષત્રમાં જે ગ્રહ કે ગ્રહો હોય તે ત્રીજા નંબરે ફળ આપે.

૪. સ્થાનમાં રહેલ રાશિનો અધિપતિ ચોથા નંબરે ફળ આપે.

૫. સ્થાન ઉપર દૃષ્ટિ કરનાર ગ્રહ પાંચમાં નંબરે ફળ આપે.

૧ થી ૫ સુધીમાં ગ્રહો આવે તેને નિર્દેશકો કહેવામાં આવે છે.

શાસક ગ્રહો :– વારનો અધિપતિ, પ્રશ્ન સમયના, લગ્નનો નક્ષત્રપતિ, લગ્ન અધિપતિ, ચંદ્ર રાશિપતિ, ચંદ્ર નક્ષત્રપતિને શાસક ગ્રહો ગણવામાં આવે છે.

નિર્દેશકો અને શાસકો ગ્રહો વચ્ચે જે સમાન ગ્રહો આવે તેની મહાદશા–અંતરદશા પ્રતિ–અંતરદશામાં બનાવ બને છે.

રાહુ–કેતુ :– નક્ષત્ર પધ્ધતિમાં ઘણો જ મહત્વનો ભાગ ભજવે છે. રાહુ–કેતુ જે ગ્રહ કે ગ્રહો સાથે હોય, જેના નક્ષત્રમાં હોય, જે રાશિમાં હોય, તેના એજન્ટ તરીકે સૌપ્રથમ ફળ આપે છે.

નોકરી ધંધા અંગેનું ઉદાહરણ જોઈએ.

પ્રશ્ન તા. ૨૫–૩–૧૯૭૯. ૧ થી ૨૪૯ પૈકીનો નંબર–૧૨૫.

:– ૧૭–૩૦ મિ, અક્ષાંશે ઉ. ૨૨–૩૬' રેખાંશ પૂ. ૭૦–૫૫'.

૧૨૫ નંબર એટલે તુલા રાશિમાં મંગળનું નક્ષત્ર, બુધનું ઉપનક્ષત્ર લગ્નમાં ઉદય થાય તેવી કુંડળી.

| ભાવ | રાશિ | અંશ | કલા | વિકલા | નક્ષત્ર | ઉપનક્ષત્ર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૦૦ | ૦૦ | ૦૦ | મંગળ | બુધ |
| ૨ | ૬ | ૨૯ | ૧૫ | ૦૦ | ગુરુ | સૂય |
| ૩ | ૭ | ૨૯ | ૧૫ | ૦૦ | બુધ | શનિ |
| ૪ | ૯ | ૦૦ | ૧૫ | ૦૦ | સૂય | રાહુ |
| ૫ | ૧૦ | ૦૧ | ૧૫ | ૦૦ | મંગળ | બુધ |
| ૬ | ૧૧ | ૦૨ | ૧૫ | ૦૦ | ગુરુ | રાહુ |
| ૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | કેતુ | કેતુ |
| ૮ | ૦૦ | ૨૯ | ૧૫ | ૦૦ | સૂય | રાહુ |
| ૯ | ૦૧ | ૨૯ | ૧૫ | ૦૦ | મંગળ | શનિ |
| ૧૦ | ૦૩ | ૦૦ | ૧૫ | ૦૦ | ગુરુ | ચંદ્ર |
| ૧૧ | ૦૪ | ૦૧ | ૧૫ | ૦૦ | કેતુ | શુક્ર |
| ૧૨ | ૦૫ | ૦૨ | ૧૫ | ૦૦ | સૂર્ય | ગુરુ |



| ભાવ | રાશિ | અંશ | કલા | વિકલા | નક્ષત્ર | ઉપનક્ષત્ર |
|---|---|---|---|---|---|---|
| સૂર્ય | ૧૧ | ૧૦ | ૩૩ | ૫૭ | શનિ | સૂય |
| ચંદ્ર | ૧૦ | ૦૨ | ૫૫ | ૨૫ | મંગળ | શુક્ર |
| મંગળ | ૧૦ | ૨૬ | ૩૨ | ૨૨ | ગુરુ | કેતુ |
| બુધ | ૧૧ | ૦૯ | ૦૩ | ૧૭ | શનિ | શુક્ર |
| ગુરુ | ૦૩ | ૦૫ | ૨૬ | ૦૦ | શનિ | શનિ |
| શુક્ર | ૧૦ | ૦૧ | ૫૮ | ૦૯ | મંગળ | કેતુ |
| શનિ | ૦૪ | ૧૫ | ૧૦ | ૨૬ | શુક્ર | શુક્ર |
| રાહુ | ૦૪ | ૨૩ | ૧૪ | ૫૦ | શુક્ર | શનિ |
| કેતુ | ૧૦ | ૨૩ | ૧૪ | ૫૦ | ગુરુ | શનિ |

શનિ–સૂર્ય શુક્રનો રાહુ પ્રતિનિધિ થાય છે.શનિ–ચંદ્ર, મંગળ–ગુરુ–શુક્રનો કેતુ પ્રતિનિધિ થાય છે. શાસક ગ્રહો શનિ–સૂર્ય મંગળ–શુક્ર થાય છે, જેમાં શનિ–સૂર્ય = રાહુ તથા મંગળ–શુક્ર = કેતુ થાય છે.

સાતમા ભાવનો ઉપપતિ કેતુ છે. જે મંગળ સાથે રહેલો છે તેથી સાતમા ભાવનું ધંધા અંગેનું ફળ કેતુ આપે છે માટે



Scanned with CamScanner

જાતક ધંધો કરે તેવું ફળ તારવી શકાય, પરંતુ ધંધો ક્યારે શરૂ કરશે ? ૨–૭–૧૦ ના નિર્દેશકોની મહાદશા, અંતરદશા, પ્રતિ–અંતરદશા જ્યારે આવે ત્યારે ધંધો થાય. સરળતાથી જોઈ હોય તો શાસક ગ્રહો જે આવેઈ હોય તે ગ્રહો જરૂરી સ્થાનના નિર્દેશકો બનતા હોય તો તેની મહાદશા, અંતરદશા, પ્રતિ–અંતરદશા જ્યારે આવે ત્યારે બનાવ બને ઉદાહરણની કુંડળીમાં શાસક ગ્રહ મંગળ છે. મંગળ ૧૦મા ભાવમાં રહેલ ગુરુના નક્ષત્રમાં છે, તેથી ૧૦મા ભાવનું ફળ આપનાર બંને. શુક્ર–મંગળના નક્ષત્રમાં છે. મંગળની સાતમા ભાવમાં રાશિ છે, તેથી શુક્ર સાતમા ભાવનું ફળ આપનાર બને છે. શુક્ર શાસક ગ્રહો પૈકીનો છે. શનિ જે શાસક ગ્રહ પૈકીનો છે, તે બીજા સ્થાનમાં રહેલ તુલા રાશિના અધિપતિ શુક્રના નક્ષત્રમાં છે, તેથી શનિ બીજા ભાવનું ફળ આપનાર બને, પરંતુ રાહુ, શનિનો પ્રતિનિધિ હોવાથી શનિનું ફળ રાહુ પોતે આપે. આમ ૨જા ભાવનું રાહુ, સાતમા ભાવનું શુક્ર, ૧૦મા ભાવનું મંગળ ફળ આપનાર બને છે. જ્યારે આ ત્રણેય ગ્રહો પૈકી એકની દશા, બીજાની અંતરદશા, ત્રીજાની પ્રતિ–અંતરદશા આવે ત્યારે ધંધો શરૂ થાય. આ દશા ક્યારે આવે તે જોઈએ.



તારીખ :–

| | |
|---|---|
| ૨૫–૩–૧૯૭૯ | |
| + ૩ | મંગળ દશા–શુક્ર ભુક્તિ–શુક્ર |
| ———————— | અંતર સીલક બાકી. |
| ૨૮–૩–૧૯૭૯ | |
| ૨૬–૧ | મંગળ દશા–શુક્ર ભુક્તિ–સૂર્ય |
| ———————— | તથા ચંદ્ર અંતર |
| ૨૪–૫–૧૯૭૯ | |
| ૨૪ | મંગળ દશા–શુક્ર |
| ———————— | ભુક્તિ–મંગળ અંતર |
| ૧૮–૬–૧૯૭૯ | |
| ૩–૨ | મંગળ દશા–શુક્ર ભુક્તિ–રાહુ |
| ———————— | અંતર...... |
| ૨૧–૮–૧૯૭૯ | |

તારીખ ૧૮–૬–૧૯૭૯ સુધી મંગળની દશા, શુક્રની અંતરદશા અને રાહુની પ્રતિ–અંતરદશા રહે છે. આ સમયમાં જાતક નવા ધંધાની શરૂઆત કરી શકે અને જાતકે તા. ૧૩–૮–૧૯૭૯ના રોજ નવા ધંધાની શરૂઆત કરી આ પ્રમાણે કોઈ પણ બનાવ ક્યારે બનશે તે સહેલાઈથી દશા પધ્ધિતિથ દ્વારા જાણી શકાય છે. લગ્ન ક્યારે ? તે અંગેનું એક ઉદાહરણ જોઈએ.

જન્મ તારીખ ૧૭–૯–૧૯૫૫, સવારના ક. ૮–૧૫ મી. ૨૨–૩૬ અક્ષાંશ, ૭૦–૫૫ રેખાંશ



Scanned with CamScanner

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૨૨ | ૪૭ | ૫૫ | ચંદ્ર | |
| સૂય | ૨ | ૬ | ૨૧ | ૫૧ | ૪૫ | ગુરુ |
| શનિ | | | | | | |
| ૩ | ૭ | ૨૧ | ૫૧ | ૪૫ | બુધ | |
| સૂય | ૪ | ૮ | ૨૨ | ૫૧ | ૪૫ | શુક્ર |
| શનિ | ૫ | ૯ | ૨૩ | ૫૧ | ૪૫ | |
| મંગળ | મંગળ | ૬ | ૧૦ | ૨૪ | ૫૧ | ૪૫ |
| ગુરુ | બુધ | ૭ | ૧૧ | ૨૨ | ૪૭ | ૪૫ |
| બુધ | ચંદ્ર | ૮ | ૦૧ | ૨૧ | ૫૧ | ૪૫ |
| શુક્ર | ગુરુ | ૯ | ૦૨ | ૨૧ | ૫૧ | ૪૫ |
| ચંદ્ર | શુક્ર | ૧૦ | ૦૩ | ૨૨ | ૫૧ | ૪૫ |
| ગુરુ | શનિ | ૧૧ | ૦૪ | ૨૩ | ૫૧ | ૪૫ |
| બુધ | મંગળ | ૧૨ | ૦૫ | ૨૪ | ૫૧ | ૪૫ |
| શુક્ર | બુધ | | | | | |

ગ્રહો :–

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સૂય | ૫ | ૦૦ | ૧૪ | ૦૫ | સૂય | રાહુ |
| ચંદ્ર | ૫ | ૧૦ | ૪૩ | ૦૨ | ચંદ્ર | ચંદ્ર |
| મંગળ | ૪ | ૧૯ | ૫૭ | ૩૦ | શુક્ર | રાહુ |
| બુધ | ૫ | ૨૬ | ૩૬ | ૫૩ | મંગળ | ગુરુ |
| ગુરુ | ૦૩ | ૨૭ | ૧૫ | ૨૨ | બુધ | ગુરુ |
| શુક્ર | ૦૫ | ૦૪ | ૩૧ | ૦૦ | સૂય | શનિ |
| શનિ | ૦૬ | ૨૪ | ૦૦ | ૪૧ | ગુરુ | બુધ |
| રાહુ | ૦૭ | ૨૮ | ૨૮ | ૪૦ | બુધ | શનિ |
| કેતુ | ૦૧ | ૨૮ | ૨૮ | ૪૦ | મંગળ | શનિ |

ભાગ્ય દશા ચંદ્ર, વર્ષ–૯, ૫–માસ, ૧૬–દિવસ.



બુધ–મંગળનો રાહુ, પ્રતિનિધિ થાય છે. શુક્ર–મંગળનો કેતુ પ્રતિનિધિ થાય છે.

લગ્ન ક્યારેનો ફળદેશ તા. ૨૨–૧૦–૭૯ સોમવાર, સાંજના ૫–૦૦ કલાકે જોવામાં આવ્યો ત્યારે ચંદ્ર, શનિ ગુરુ–શુક્ર, રાહુ શાસક ગ્રહો તરીકે કામ કરતા હતા. પ્રશ્નની તારીખે જાતકને જન્મની રાહુ દશા શનિભુક્તિ ગુરુ અંતરદશા અમલમાં હતા.

| ભાવ | સ્થાનમાં રહેલ ગ્રહના નક્ષત્રમાં | સ્થાનમાં રહેલ ગ્રહ કે ગ્રહો | ભાવેશના નક્ષત્રમાં | ભાવેશ |
|---|---|---|---|---|
| ૨ | નથી | શનિ | મંગળ | શુક્ર |
| ૭ | નથી | નથી | શનિ | ગુરુ |
| ૧૧ | બુધ–કેતુ–શનિ | મંગળ–ગુરુ | ચંદ્ર | ચંદ્ર |

શાસક ગ્રહો અને નિર્દેશકો વચ્ચે સમાન ગ્રહો જોતાં રાહુ–શનિ–ગુરુ–શુક્ર ચંદ્ર ૨–૭–૧૧ સ્થાન લગ્ન અંગેનું ફળ ઓપ છે.

મહાદશા પ્રમાણે માપ :–

| | |
|---|---|
| જન્મ તારીખ :– | ૧૭–૯–૧૯૫૫ |
| ભાગ્યો ચંદ્ર :– | ૧૬–૫– ૯ |
| | ૩–૩–૧૯૬૫ |
| મંગળ દશા :– | ૦–૦– |
| ૭ | |
| | ૩–૩–૧૯૭૨ |

રાહુ દશામાં રાહુ અને ગુરુ અંતર ૬–૧– ૫

દશા :– ૯–૪–૧૯૭૭

રાહુ દશા શનિ અંતરદશા અને ૧૯–૫– ૨

શનિ થી રાહુ ૨૮–૯–૧૯૭૯

પ્રતિ અંતર :–

રાહુ દશા શનિ અંતર ૧૭–૪–

દશા ગુરુ પ્રતિ અંતર

દશા ૧૫–૨–૧૯૮૦



## " નસીબ અને કલીમેકત્રીકલ વરસો "

### નસીબ (The part of fortune)

નસીબને અંગ્રેજીમાં 'ધ પાર્ટ ઓફ ફોરચ્યુન્સ' કહેવામાં આવે છે. આ એક એવી જગ્યા છે કે જે કુંડળીમાં ગણતરી કરીને શોધવામાં આવે છે. ખાસ કરીને તેની અસર પૈસા ટકાની તથા ધંધા રોજગારની ઉપર થાય છે. તંદુરસ્તી તથા મોત સાથે તેને લાગતું વળગતું નથી. જન્મ કુંડલીમાં એ નીચે પ્રમાણે ગણીને મુકવામાં આવે છે :

જન્મનું સ્પષ્ટ લગ્ન + જન્મનો સ્પષ્ટ ચંદ્ર તેમાંથી બાદ – જન્મનો સ્પષ્ટ સૂર્ય = જે રાશ્યાદિ રહે તે નસીબ અથવા પાર્ટ ઓફ ફોરચ્યુન્સ. તેની અંગ્રેજી નિશાની (+) આવી છે. તેને એક ગ્રહની જેમ જે રાશિમાં એ આવે તે રાશિમાં ગોઠવે છે, હંમેશા નસીબ રાશિ, અંશ, કળા – વિકળા સાથે ગણવું.

દાખલા તરીકે જન્મનું સ્પષ્ટ લગ્ન ૩ રાશિ, ૨ અંશ, ૫૦ કલા–૦૦ વિકલા છે અને સ્પષ્ટ ચંદ્ર ૭ રાશિ–૪ અંશ–૦૦ કલા–૩૭ વિકલા છે અને સ્પષ્ટ સૂર્ય ૧ રાશિ–૧૯ અંશ ૩૩ કલા–૦૧ વિકલા છે તો નસીબ =

નસીબ થયું. જેજન્મકુંડલીમાં ધન રાશિ જ્યાં હોય તેમાં (+) આ નિશાની માંડીને તેના રાશિ અંશ–કલા–વિકલા માંડવાં.

રાશિ–અંશ–કલા–વિકલા

૩ – ૨ – ૫૦ – ૦૦ = સ્પષ્ટ લગ્ન

\+ ૭ – ૪ – ૦૦ – ૩૭ = સ્પષ્ટ ચંદ્ર ઉમેરવો.



Scanned with CamScanner

૧૦ – ૬ – ૫૦ – ૩૭ = સ્પષ્ટ લગ્ન + ચંદ્ર

–

૧ – ૧૯ – ૩૩ – ૦૧ = સ્પષ્ટ સૂર્ય બાદ

૮ – ૧૭ – ૧૭ – ૩૬ = ૭ નસીબના રાશિ અં
વગેરે.

આ મુજબ રાશિના ૧૭ અંશ–૧૭ કલા–૩૬ વિકલાનુ
આ મુજબ રાશિના ૧૭ અંશ–૧૭ કલા–૩૬ વિકલાનું નસીબ
થયું. જેજન્મકુંડલીમાં ધન રાશિ જ્યાં હોય તેમાં (+) આ નિશાની
માંડીને તેના રાશિ અંશ–કલા–વિકલા માંડવાં.

પ્રશ્નને લગતાં જ્યોતિષમાં પણ એ મહત્વનો છે. કારણ
કે ખોટ, નફો, પૈસા ટકા, ધંધો વગેરે બાબતોનો જવાબ એથી
ઘણો સરસ મળી શકે છે.

### (+) નસીબનું ફળ

(૧) નસીબ જો શનિ સાથે યુતિ–પ્રતિયુતિ કે ૯૦ં ની
દષ્ટિમાં આવે તો પોતાની ધન સંપતિ, ઘરબાર બધું જુગારમાં
અથવા ચોરાઈ જવાથી અથવા શનિની ખાસયતવાળા લોકોથી
બધું ખોઈ બેસે. જો શનિ સાથે ૧૨૦ં, ૬૦ં, ૩૦ં વગેરે સારી
દષ્ટિમાં જો હોય તો વારસા હિસ્સાથી અથવા કોઈ
વૃધ્ધમાણસોથી ઘરનાં બાંધકામથી, ખેતીવાડીથી અથવા દરિયાઈ
વેપારથી અને ઢોરના વેપારથી લાભ થાય.

(૨) જો નસીબ મંગળ સાથે અશુભ દષ્ટિમાં હોય તો
ચોરાટિયા ચાકરોથી, લશ્કરીઓથી, ચોરથી, આગથી, કંકાસથી,
કોર્ટદરબારથી પૈસા તથા દોલતની સર્વ વાતે હાનિ નુકશાન
થાય, જો શુભ દષ્ટિમાં હોય તો હથિયારના વેપારથી, લાડાયક
માણસોથી, ઘોડાઓથી દરિયાની, મુસાફરીથી તથા જાનવરોના



સાધારણ વેપારથી ફાયદા મળે.

(૩) જો નસીબ ગુરુ સાથે આ શુભ દષ્ટિમાં હોય તો તે
ગૃહસ્થ આદમીથી તેમજ ધર્મગુરુઓથી, વકીલોથી, કંઈક ધંધામાં
પડી ભાંગવાથી નુકશાન થાય. જો શુભ દષ્ટિમાં હોય તો ઈનામ,
બક્ષીસ વેપાર ધંધાની ફતેહથી તથા ખુશમિજાજી આનંદી ને
શોખીલાં માણસોથી બેસુમાર લાભ થાય.

(૪) રવિ સાથે નસીબ જો શુભ દષ્ટિમાં હોય તો મોટા
માણસોથી, મિત્રોથી, ઘણો ફાયદો થાય પણ પૈસા બહુ ખર્ચે,
કંઈ બચે નહિં. જો પાપ દષ્ટિમાં હોય તો સરકાર–દરબારથી,
કોર્ટ કેસ કજીયાથી તેમજ જૂઠી નિંદાથી, મોટા માણસોની
અદેખાઈથી સર્વરીતે નુકસાન થાય ધંધો પડી ભાગે યુતિ થઈ
હોય તો તે માણસ પોતે ખર્ચાળ તથા પોતાના પૈસા આબરૂની
દરકારથી જતા રહે, પણ આબરૂ રહે.

(૫) શુક્ર સાથે નસીબ પાપ દષ્ટિમાં હોય તો સ્ત્રીઓ
પાછળ પૈસા ખરાબ કરે. પ્યાર મહોબ્બતના ધમપછાડા મારે, ,
અદેખાઈ થાય અને બેવકૂફીથી દોલત ખર્ચી કંગાલ બને જો
શુભ દષ્ટિમાં હોય તો મોટા લોકોની સ્ત્રી તરફથી અથાવા
મોભાદાર સ્ત્રીઓ તરફથી ઈનામ કે બક્ષીસ મેળવે. કપડાં અને
ઝવેરાત પાછળ ધન ખર્ચે અને વેપારમાં ઘણો લાભ આપે.

(૬) નસીબ બુધ સાથે શુભ દષ્ટિમાં હોય તે કોન્ટ્રાકટથી
ફાયદો થાય. વિદ્યા–હુન્નર–હિસાબ કિતાબ, વેચાણ,
સટ્ટા–વેપારી–સરકારી કાયદાથી, યુનિવર્સિટીની ડીગ્રીથી, કાંઈક
નવીન શોધથી, લખાણથી, પોતાની જાત મહેનતથી ઉદ્યોગથી,
કાંઈક વારસા હિસ્સાથી અથવા મુસાફરી, દરીયાઈ લાંબી
મુસાફરીથી ફાયદો થાય પાપ દષ્ટિમાં હોય તો ખોટા હિસાબથી,



Scanned with CamScanner

કોઈના છેતરવાથી, વકીલ કે શીખેલા માણસથી, જુવા[ન] ચિત્રોથી, જુઠી સાક્ષીથી, કોર્ટ દરબારમાં હારી જવાથી પોતાની આબરૂને ધકકો પહોંચાડે. પૈસા ગુમાવે પોતે બેવકૂફ બને નુકશાનમાં જાય.

(૭) ચંદ્ર સાથે નસીબ સારી દષ્ટિમાં હોય તો મિત્રોથી–સ્ત્રીઓથી સાધારણ પ્રજાથી ઘણો નફો મેળવે. મોટી લાંબી મુસાફરીથી અને ચાલુ ધંધામાં ગુંથાયેલા રહેવાથી દોલત ને સુખ મળે, પાપ દષ્ટિમાં હોય તો કોન્ટ્રાકટમાં ખોટ જાય, હલકા માણસથી દગો થાય, કોઈ મોટા ખાનદાનની સ્ત્રીની અદેખાઈ અને દુશ્મનાઈથી, ખલાસીઓથી–લાંબી મુસાફરીથી બે સુમાર કરજથી અને કોર્ટ દરબારથી ધન–આબરૂ કીર્તિ બધાની નુકશાની જાય–પાયમાલી થાય.

(૮) હર્ષલ ગ્રહની અસર સારી તેમજ માઠી બુધ શનિની મિશ્ર અસર જેવી પણ એકાએક અને અચોકકસ સમજવી. સૂર્ય અને ચંદ્ર સાથે હોય તો વિચિત્ર ચાલ–ચલણનો–છાયા અને લખાણપત્રની બાબતોથી ઘણો હિણાંય રાહુ–કેતુ માટે અનુક્રમે શનિ મંગળના જેવી અસર જાણવી. આ મુજબ નસીબ બધા ગ્રહો સાથે જુદી જુદી દષ્ટિમાં આવતાં તેનું ફળ જોયું તે ઘણો જ કામનો અને અગત્યનો ભાગ ભજવે છે.

## ' કીલીમેકટ્રીકલ વરસો '

કીલીમેકટ્રીકલ વરસોનો ખુલાસો એ છે કે, દર સાત કે નવ વર્ષે ચંદ્ર, માનવીની જીંદગીમાં, ચંદ્રની ચાલ પ્રમાણે મોટા ફેરફાર કરે છે. જે સમયે ચંદ્ર, સાત દિવસે ચંદ્ર પોતે પોતાની જન્મકાળ



રહેલી જગ્યાથી ૯૦ અંશે આવે છે. અને નવમે દિવસે ૧૨૦ અંશની દષ્ટિમાં આવે છે જે હિસાબે ૭મું, ૯મું, ૧૪મું, ૧૮મું, ૨૧મું,૨૭મું, ૩૬મું, ૪૨મું, ૪૫મું, ૪૯મું, ૫૪મું, ૫૬મું, તથા ૬૩મું વર્ષ કલીસેકટ્રીકલ કહેવાય છે. એ વર્ષોમાં જન્મ વર્ષથી ૬૩ મું વર્ષ ઘણું જ ભારી ગણવું કારણ તે વખતે કલીમેકટ્રીકલ વર્ષ ડબલ કલીમેકટ્રીકલ થાય છે. યાને ૭×૭ = ૪૯ અને ૯×૭ = ૬૩, જો સો વર્ષમાં કંઈ આકારમ ગ્રહોમાં અથવા તો જન્મકાળના ચાલતા ગ્રહોનો અંશામક રીતે કોઈ પપાદષ્ટિ અથવા ખરાબ દષ્ટિ થઈ તો

મોત નકકી જાણવું. ૬૩ મું વર્ષ ઘણું જ કઠણ ગણાય છે. કારણ કે જો ધ્યાનથી આપણે દુનિયામાં જોઈશું તો ૫૦ થી ૮૦ વર્ષની ઉમરમાં મુખ્ય ભાગે ૬૩ મા વર્ષે જ અથવા તો ૬૩ માં વર્ષની સહેજ આજુ બાજુમાં જ મરે છે. ઘણા સાત વર્ષના કલીમેકટ્રીકલ વર્ષ શનિની ચાલથી થાય છે તેમ કહે છે પરંતુ ઘણી બાબત ચંદ્રને વધુ લાગુ પડતી છે કારણકે ચંદ્ર ઘણો ફેરફારો કરનારો અને ઝડપી ગ્રહ છે. શનિ કરતાં બધી ચીજોને રોજબરોજ ઘણી અસર કરનારો છે. શનિ અને ચંદ્ર એ બેઉ ગ્રહો સાથે મળીને કલીમેકટ્રીકલ બનાવો ઉત્પન્ન કરે છે કારણ કે તેઓનો સાતવડિયો હિસાબ સરખો છે તો પણ શનિનો હિસાબ સાડાસાત વર્ષ પર જાય છે. શનિનું કલીમેકટ્રીકલ બીજુ વર્ષ જન્મના નવમે વર્ષ ગણાય એ પ્રમાણે બાળક જયારે ૧૪ વર્ષની ઉમરનું થાય કે જે પછી તે છોકરમત વયમાંથી આગળ વધે છે. ત્યાર પછીના દરેક સાત વર્ષ કલીમેકટ્રીકલ વર્ષ આવતાં મોટો ફેરફાર થતો જાય છે. છોકરા અને છોકરીઓનાં શારિરીક બાંધા પ્રમાણે જયારે તેઓ ૨૧ વર્ષના થાય છે ત્યારે છોકરવાદી



Scanned with CamScanner

ખાસીયત થઈ મરદ કે ઓરતના તબકકા ઉપર આવે છે, અથવા તે વખતે, સમયે નસીબ ઘણું સારું ફળ આપે છે યા મહાકષ્ટમાં નાખે છે. વૃષભ–કન્યા અને મકર રાશિઓમાં જનમેલાં માણસો પોતાની જુવાની ઘણો સમય ટકાવી રાખે છે. તેઓ ૨૮ મે પોતાની જીંદગીનો પાયો શરૂ કરે છે. તેઓનો ચહેરો, દેખાવ અને બાધો જુવાન લાગે છે. તેઓના નસીબના બનાવો એ પ્રમાણે સાત વર્ષ મોડા બહાર જણાય છે. એવા જાતકોનું નસીબ અને મુખ્ય બનાવો ૩૫, ૪૨, ૫૬ વગેરે વર્ષ ભારી વર્ષ લેખાય છે. ગણાય છે. એ પ્રમાણે બીજા ગ્રહોની પણ ચાલુ મુખ્ય અસર રહે છે અને જીંદગી ઉપર તેઓની મુખ્ય અસર થાય છે. જન્મથી પહેલા ચાર વર્ષ ચંદ્રનો અમલ છે તે સમયે જો જન્મકાળે ગોચારમાં અથવા અંશાત્મક રીતે ચંદ્ર ખરાબ સંજોગો અને દૃષ્ટિમાં આવે તો સુધી બુધ, ૧૦ થી ૧૮ વર્ષ સુધી શુક્ર, ૧૮ થી ૩૭ સુધી સૂર્ય, ૩૭ થી ૫૨ સુધી મંગળ, ૫૨ થી ૬૪ સુધી ગુરુ અને ત્યાર પછીનાં બીજા વર્ષોના અંત સુધીમાં શનિ અસર કરતા છે. હર્ષલા ગ્રહ પણ ૭ વર્ષે એક રાશી ચાલે છે. જેથી દર સાતમે વર્ષે ૩૦, ૬૦, ૯૦, ૧૫૦ અંશની દૃષ્ટિ પોતાની જન્મકાળની જગ્યા સાથે કરે છે જેથી ઘણાં પરિણામો નીપજે છે એ કલીમેકટ્રીકલ વર્ષો ધ્યાન આપીને તપાસવાની જરૂર છે.



# શનિનું ફળ : એક અભિનવ પદ્ધતિ

ભવિષ્ય જાણવાની અનેક પધ્ધતિઓ પ્રચલિત છે. રાશિ ગોચર, નક્ષત્ર ગોચર, અષ્ટોતરી, વિંશોતરી મહાદશાઓ વગેરે અનેક પધ્ધતિથી સૌ પોતાને અનુભવે સત્ય જણાવેલ પધ્ધતિનો ફળ દેશમાં ઉપયોગ કરે છે આ લેખ શનિ કઈ પધ્ધતિએ પોતાનું ફળ આપે છે તે અનુભવી અને વાંચકો તથા જયોતિષ રસિકોને અનુભવ માટે દર્શાવવાનો છે. આજના યુગમાં લગભગ દરેક પ્રકારનું સુખ અને દુઃખ પાપ ગ્રહો વધારે આપતા જણાય છે. તેમાં ખાસ કરીને અશુભ અને શુભ બંને ફળ જાતકને આપે છે. શનિનું નામ સાંભળતાં જ માણસો ચમકે છે. પરંતુ આ લેખ દ્વારા, શનિની સહાનુભૂતિથી માણસો સુખ પણ અનુભવે છે અને કયા દિવસોમા અનુભવે તે પણ કોષ્ટક દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરેલ છે.પૂર્ણતાની ટોંચે પહોંચવું ઘણું અઘરું છે છતાં સત્યની ઘણાં નજીક પહોંચી શકાય છે. તે આ લેખ દ્વારા પ્રતિપાદન કરવાનો પ્રયત્ન કર્યો છે. કોઈ પણ વ્યકિતએ વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે જન્મકુંડલીમાં જે બનાવની શકયતા અથવા જન્મ કુંડલીમાં જે ફળની આશા રાખી શકાય તે, જે ફળનું સૂચન થતું હોય તેના વિષે જ ગોચરની કે કોઈપણ અસર જોવી.

કોઈપણ જાતકના બધા જ દિવસો સાંરા કે બધાં જ દિવસો ખરાબ જતા નથી. સવાર સારી હોય તો સાંજ એકા એક ખરાબ થાય એવું પણ બનતું હોય છે. આ બધી અસર શનિથી જોતાં વધુ સ્પષ્ટ થશે. શનિ પોતે માત્ર અશુભફળ ન આપતાં શુભફળ આપવાની તાકાત ધરાવે છે. કયા દિવસોમાં



Scanned with CamScanner

શુભફળ આપે? શનિ હંમેશા જન્મના રાશિ–અંશ–કલા–વિકલા–પ્ર.વિકલા થી ' ૭ કલા–૨૪ વિકલા–૨૭ પ્ર. કલાથી ૧૨ કલા–૨૦ વિકલા – ૪૫ પ્ર. વિકલા સુધી શુભ ફળ આપે છે. તથા ૧૭ કલા – ૧૭ વિકલા ૦૩ પ્ર. વિકલા થી ૨૨ કલા–૧૩ વિકલા–૨૧ પ્ર. વિકલા સુધી શુભ ફળ આપે છે.

અશુભફળ–જન્મના રાશિ–અંશ–કલા–વિકલા પ્ર. વિકલા થી ૭ કલા–૨૪ વિકલા ૨૭ પ્ર. વિકલા સુધી તથા ૧૨ કલા–૨૦ વિકલા –૪૫ પ્ર. વિકલા થી ૧૭ કલા ૧૭ વિકલા–૦૩ પ્ર. વિકલા સુધી અશુભ ફળ આપે છે આ હકીકતે ઘણું જ સત્ય અનુભવાયું છે આ પધ્ધતિ પર આધારીત છે લગભગ ૧૦૦ માંથી ૭૫ જાતકોના શુભ અશુભ દિવસો આ પધ્ધતિએ શોધતાં ઘણાં જ સત્યની નજીક પહોંચી શકાય છે તેમ અનુભવ્યું છે.

અનુભવ માટે આટલું કરવાથી અનુભવ મળી શકે–લગ્નની તારીખ સમયમાંથી જન્મતારીખ સમય બાદ કરવાથી બે ભાઈ–બહેન વગેરેના જન્મતારીખ સમયમાંથી બાદ કરવાથી, નોકરીમાં દાખલ થયાની તારીખ જન્મતારીખ બાદ કરવાથી માતા–પિતાના લગ્નની તારીખને પોતાની જન્મતારીખમાંથી બાદ કરવાથી જે તફાવત આવે તે જો ૨ વર્ષ–૬ માસ, ૫ વર્ષ, ૭ વર્ષ ૬ માસ, ૧૦ વર્ષ, ૧૨ વર્ષ ૬ ૧૫ વર્ષ, ૧૭ વર્ષ ૬ માસ, ૨૦ વર્ષ, ૨૨ વર્ષ ૬ માસ, ૨૫ વર્ષ, ૨૭ વર્ષ ૬ માસ, ૩૦ વર્ષ, ૩૨ વર્ષ ૬ માસ, ૩૫ વર્ષ, ૩૭ વર્ષ ૬ માસ, ૪૦ વર્ષ, ૪૩ વર્ષ ૬ માસ, ૪૫ વર્ષ, ૪૭ વર્ષ ૬ માસ, ૫૦ વર્ષ વગેરેથી વધારે હોય તો ઉપર જણાવેલ



જે વર્ષ માસ બાદ થઈ શકે તે કરો જે શેષ વધે તે આ કોષ્ટકમાં હશે. ચોકકસ સમયે જ આ દિવસ આવે છે તો શુભ દિવસે કયા સ્થાનનું ફળ મળે તે પણ નકકી હોવું જોઈએ ? હા, તે માટે નવમાંશવર્ગ કુંડલીની આવશ્યકતા રહે છે અને તે પરથી ચોકકસ સ્થાન નકકી થઈ શકે. આ નવમાંશ વર્ગ કુંડલી હોય તો ફકત આ કુંડલીથી જ જીંદગી આખીના ફળાદેશ ચોકકસ સૂક્ષ્મ શોધી શકાય તેવું મારું આગવું મંતવ્ય અનુભવથી છે કારણ કે જે પળ કે મિનિટ કે સમય જાય છે તે કદી પાછો આવતો નથી તેમ એક વ્યકિતની જન્મતારીખ તથા સમય પ્રમાણે ના સ્પષ્ટ લગ્ન કે સ્પષ્ટ ગ્રહો કોઈ ના નથી અને તેથી જ જન્મકુંડલી એટલે જન્મ સમયે ઉદિત રાશિનું લગ્ન અને તે પ્રમાણેની કુંડલીમાં જુદી જુદી રાશિમાં રહેલા ગ્રહો તથા નવમાંશ કુંડલી એટલે ચોકકસ અંશ પર રહેલ લગ્ન તથા ચોકકસ અંશ પર રહેલ ગ્રહો દર્શાવતી કુંડલી તથા નવમાંશ વર્ગ કુંડલી એટલે લગ્નની ચોકકસ રાશિના અંશ–કલા–વિકલા–પ્ર. વિકલા તથા ચોકકસ રાશિમાં રહેલ ગ્રહોના અંશ–કલા–વિકલા–પ્ર. વિકલા દર્શાવતી કુંડલી આ કુંડલી દર ૧ મિનિટ–૨૯ સેકન્ડના આશરેના તફાવતથી જુદી જુદી આવે છે તેથી જોડયા જાતકોના ફળાદેશમાં સરળતા રહે છે. મારી પાસે એવી આશરે ૨૫ થી વધારે કુંડલી છે.

જેમાં પાચ મિનિટના તફાવતે એક પુત્ર અને પુત્રીના જોડયા બાળકોના જન્મ હોય આ સંજોગોમાં ફળાદેશની ઘણીવાર મુશ્કેલી અનુભવાતી જોવા મળી છે. તેથી નવમાંશવર્ગ કુંડલીથી મુશ્કેલી નિવારી શકાય તેવું મારું આગવું મંતવ્ય છે એવી પણ કુંડલી છે જેમાં પાંચ મિનિટના તફાવતમાં બે જોડયા બાળકોન જન્મમાં એક બાળકનો જન્મ સહેલાઈથી થયો જયારે બીજ



Scanned with CamScanner

બાળક માટે ઓપરેશન કરવુ પડયું જયોતિષ વિજ્ઞાનને લાગે વળગે છે ત્યાં સુધી આ બાબતમાં પણ સંશોધન જરૂરી ગણાય મને નવમાંશવર્ગ પધ્ધતિથી આ બાબતમાં સહેલાઈથી માર્ગદર્શન મળે તેવી સવિશેષ શકયતા વધુ જણાય છે.

હવે મુળ વાત પર આવીએ અહીં જે કોષ્ટક આપવામાં આવેલ છે તેમાં સમય ૭ કલા –૨૪ વિકલા –૨૭ પ્ર. વિકલા થી ૧૨ કલા –૨૦ વિકલા ૪૫ પ્ર. વિકલાના મધ્યનો સમય છે તેથી કોષ્ટકમાં જે વર્ષ માસ–દિવસ–કલાક–મિનિટ દર્શાવેલા છે તેમાં ૧ દિવસ–૫ કલાક –૪૦ મિનિટ એકવાર બાદ કરવા તથા એકવાર ઉમેરવા. બાદ કરવાથી ઉમેરવાના સમય સુધી શુભ સમય સમજવો. આમ કરવાથી ઘણીવાર વધારેમાં વધારે ૧૪ કલાકનો જ તફાવત આવે છે જે ઘણાં જ સત્યની નજીક ગણાય.

દા. ત. એક જાતકનો જન્મ તા. ૭–૧–૧૯૬૫ ના બપોરના ૧૨ કલાક ૪૦ મિનિટ છે. તથા તેના ભાઈનો જન્મ તા. ૧૦–૧–૧૯૬૨ના સાંજના ૧૬–૧૮ છે.

વર્ષ માસ દિવસ કલાક મિનિટ નો તફાવત ૧–૧૧–૨૬–૨૦ છે.

આ સમય મધ્યનો છે. આ સમયમાં ૧ દિવસ ૫ કલાક ૪૦ મિનિટ ઉમેરો તથા બાદ કરો.

વર્ષ માસ દિવસ કલાક મિનિટ

૧ – ૧૧ – ૨૬ – ૧ – ૨૦ માંથી

બાદ ૧ – ૫ – ૪૦

૧ – ૧૧ –૨૪ – ૧૯ – ૪૦ (૧)

વર્ષ માસ દિવસ કલાક મિનિટ



૧ – ૧૧ – ૨૬ – ૧ – ૨૦ માંથી

૧ – ૫ – ૪૦

બાદ

૧ – ૧૧ –૨૭ – ૭ – ૦૦ (૨)

બાદ કર્યાથી ઉમેરવા સુધી શુભ એટલે કે

વર્ષ માસ દિવસ કલાક મિનિટ

૧ – ૧૧ – ૨૪ – ૧૯ – ૪૦થી

૧ – ૧૧ –૨૭ – ૭ – ૦૦ સુધી શુભ

જ્યારે કોષ્ટકમાં જે સમય દર્શાવવામાં આવેલ છે તે પ્રમાણેના દિવસમાં શુભ કામ કરવાને બદલે અર્થાત થવાને બદલે તે સિવાયના સમયમાં શુભ પ્રસંગ બને છે ત્યારે વ્યકિતને કોઈને કોઈ પ્રકારે ચિંતા જનક હોય છે તે પણ એટલું જ સત્ય છે. બીજા પ્રસંગોને બાજુએ રાખીને ફકત સંતાન જન્મ જે શુભ ગણાય ને અશુભ સમયમાં થાય છે ત્યારે તે પ્રસંગ કાયમ માટે હોય છે તેથી તે કોઈ ને કોઈ પ્રકારે કાયમનો ચિંતા જનક બની જશે. પછી એક યા બીજી રીતે હોય કારણ કે બીજા પ્રસંગ થોડા સમય પુરતાં હોય છે જેમ લાંબો પ્રયાસ પરંતુ આ પ્રસંગ સંતાનનો કાયમ માટે રહેવાનું છે.



Scanned with CamScanner

# શનિના શુભ દિવસોના મધ્યનું ઐકય કોષ્ટક

| વર્ષ | માસ | દિવસ | કલાક | મિનિટ | વર્ષ | માસ | દિવસ | કલાક | મિનિટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૦ | ૪ | ૨૨ | ૪૦ | | ૪ | ૧૮ | ૬ | ૪૦ |
| | | ૯ | ૨૧ | ૨૦ | | ૪ | ૨૩ | ૫ | ૨૦ |
| | | ૧૬ | ૧ | ૨૦ | | ૪ | ૨૯ | ૯ | ૨૦ |
| | | ૨૧ | ૦ | ૦ | | ૫ | ૪ | ૮ | ૦ |
| | | ૨૭ | ૪ | ૦ | | ૫ | ૧૦ | ૧૨ | ૦ |
| | ૧ | ૨ | ૨ | ૪૦ | | ૫ | ૧૫ | ૯ | ૨૦ |
| | ૧ | ૮ | ૬ | ૪૦ | | ૫ | ૨૧ | ૧૪ | ૪૦ |
| | ૧ | ૧૩ | ૫ | ૨૦ | | ૫ | ૨૬ | ૧૩ | ૨૦ |
| | ૧ | ૧૯ | ૯ | ૨૦ | | ૬ | ૨ | ૧૭ | ૨૦ |
| | ૧ | ૨૪ | ૮ | ૦ | | ૬ | ૭ | ૧૬ | ૦ |
| | ૨ | ૦ | ૧૨ | ૦ | | ૬ | ૧૩ | ૨૦ | ૦ |
| | ૨ | ૫ | ૯ | ૪૦ | | ૬ | ૧૭ | ૧૩ | ૦ |
| | ૨ | ૧૧ | ૧૪ | ૪૦ | | ૬ | ૨૪ | ૨૨ | ૪૦ |
| | ૨ | ૧૬ | ૧૩ | ૨૦ | | ૬ | ૨૯ | ૨૧ | ૨૦ |
| | ૨ | ૨૨ | ૧૭ | ૨૦ | | ૭ | ૬ | ૧ | ૨૦ |
| | ૨ | ૨૭ | ૧૬ | ૦ | | ૭ | ૧૧ | ૦ | ૦ |
| | ૩ | ૩ | ૨૦ | ૦ | | ૭ | ૧૭ | ૪ | ૦ |
| | ૩ | ૭ | ૧૩ | ૦ | | ૭ | ૨૨ | ૨ | ૪૦ |
| | ૩ | ૧૪ | ૨૨ | ૪૦ | | ૭ | ૨૮ | ૬ | ૪૦ |
| | ૩ | ૧૯ | ૨૧ | ૨૦ | | ૮ | ૩ | ૫ | ૨૦ |
| | ૩ | ૨૬ | ૧ | ૨૦ | | ૮ | ૯ | ૯ | ૨૦ |
| | ૪ | ૧ | ૦ | ૦ | | ૮ | ૧૪ | ૮ | ૦ |
| | ૪ | ૭ | ૪ | ૦ | | ૮ | ૨૦ | ૧૨ | ૦ |
| | ૪ | ૧૨ | ૨ | ૪૦ | | ૮ | ૨૫ | ૯ | ૪૦ |



| વર્ષ | માસ | દિવસ | કલાક | મિનિટ | વર્ષ | માસ | દિવસ | કલાક | મિનિટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | ૬ | ૧૩ | ૨૦ | ૧ | ૧ | ૧૯ | ૨૧ | ૨૦ |
| | ૯ | ૧૨ | ૧૭ | ૨૦ | ૧ | ૧ | ૨૬ | ૧ | ૨૦ |
| | ૯ | ૧૭ | ૧૬ | ૦ | ૧ | ૨ | ૧ | ૦ | ૦ |
| | ૯ | ૨૩ | ૨૦ | ૦ | ૧ | ૨ | ૭ | ૪ | ૦ |
| | ૯ | ૨૭ | ૧૩ | ૦ | ૧ | ૨ | ૧૨ | ૨ | ૪૦ |
| | ૧૦ | ૪ | ૨૨ | ૪૦ | ૧ | ૨ | ૧૮ | ૬ | ૪૦ |
| | ૧૦ | ૯ | ૨૧ | ૨૦ | ૧ | ૨ | ૨૩ | ૫ | ૨૦ |
| | ૧૦ | ૧૬ | ૧ | ૨૦ | ૧ | ૨ | ૨૯ | ૯ | ૨૦ |
| | ૧૦ | ૨૧ | ૦ | ૦ | ૧ | ૩ | ૪ | ૮ | ૦ |
| | ૧૦ | ૨૭ | ૪ | ૦ | ૧ | ૩ | ૧૦ | ૧૨ | ૦ |
| | ૧૧ | ૨ | ૨ | ૪૦ | ૧ | ૩ | ૧૫ | ૯ | ૪૦ |
| | ૧૧ | ૮ | ૬ | ૪૦ | ૧ | ૩ | ૨૧ | ૧૪ | ૪૦ |
| | ૧૧ | ૧૩ | ૫ | ૨૦ | ૧ | ૩ | ૨૬ | ૧૩ | ૨૦ |
| | ૧૧ | ૧૯ | ૯ | ૨૦ | ૧ | ૪ | ૨ | ૧૭ | ૨૦ |
| | ૧૧ | ૨૪ | ૮ | ૦ | ૧ | ૪ | ૭ | ૧૬ | ૦ |
| ૧ | ૦ | ૦ | ૧૨ | ૦ | ૧ | ૪ | ૧૩ | ૨૦ | ૦ |
| ૧ | ૦ | ૫ | ૯ | ૪૦ | ૧ | ૪ | ૧૭ | ૧૩ | ૦ |
| ૧ | ૦ | ૧૧ | ૧૪ | ૪૦ | ૧ | ૪ | ૨૪ | ૨૨ | ૦ |
| ૧ | ૦ | ૧૬ | ૧૩ | ૨૦ | ૧ | ૪ | ૨૯ | ૨૧ | ૨૦ |
| ૧ | ૦ | ૨૨ | ૧૭ | ૨૦ | ૧ | ૫ | ૬ | ૧ | ૨૦ |
| ૧ | ૦ | ૨૭ | ૧૬ | ૦ | ૧ | ૫ | ૧૧ | ૦ | ૦ |
| ૧ | ૧ | ૩ | ૨૦ | ૦ | ૧ | ૫ | ૧૭ | ૦ | ૦ |
| ૧ | ૧ | ૭ | ૧૩ | ૦ | ૧ | ૫ | ૨૨ | ૨ | ૪૦ |
| ૧ | ૧ | ૧૪ | ૨૨ | ૪૦ | | | | | |



Scanned with CamScanner

| વર્ષ | માસ | દિવસ | કલાક | મિનિટ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૨૮ | ૬ | ૪૦ | ૧ | ૧૧ | ૩ | ૨૦ | ૦ |
| ૧ | ૬ | ૩ | ૫ | ૨૦ | ૧ | ૧૧ | ૭ | ૧૩ | ૦ |
| ૧ | ૬ | ૯ | ૯ | ૨૦ | ૧ | ૧૧ | ૧૪ | ૨૨ | ૪૦ |
| ૧ | ૬ | ૧૪ | ૮ | ૦ | ૧ | ૧૧ | ૧૯ | ૨૧ | ૨૦ |
| ૧ | ૬ | ૨૦ | ૧૨ | ૦ | ૧ | ૧૧ | ૨૬ | ૧ | ૨૦ |
| ૧ | ૬ | ૨૫ | ૯ | ૪૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૧ | ૭ | ૧ | ૧૪ | ૪૦ | ૨ | ૦ | ૭ | ૪ | ૦ |
| ૧ | ૭ | ૬ | ૧૩ | ૨૦ | ૨ | ૦ | ૧૨ | ૨ | ૪૦ |
| ૧ | ૭ | ૧૨ | ૧૭ | ૨૦ | ૨ | ૦ | ૧૮ | ૬ | ૪૦ |
| ૧ | ૭ | ૧૭ | ૧૬ | ૦ | ૨ | ૦ | ૨૩ | ૫ | ૨૦ |
| ૧ | ૭ | ૨૩ | ૨૦ | ૦ | ૨ | ૦ | ૨૯ | ૯ | ૨૦ |
| ૧ | ૮ | ૪ | ૨૨ | ૪૦ | ૨ | ૧ | ૪ | ૮ | ૦ |
| ૧ | ૮ | ૯ | ૨૧ | ૨૦ | ૨ | ૧ | ૧૦ | ૧૨ | ૦ |
| ૧ | ૮ | ૧૬ | ૧ | ૨૦ | ૨ | ૧ | ૧૫ | ૯ | ૪૦ |
| ૧ | ૮ | ૨૧ | ૦ | ૦ | ૨ | ૧ | ૨૧ | ૧૪ | ૪૦ |
| ૧ | ૮ | ૨૭ | ૪ | ૦ | ૨ | ૧ | ૨૬ | ૧૩ | ૨૦ |
| ૧ | ૯ | ૨ | ૨ | ૪૦ | ૨ | ૨ | ૨ | ૧૭ | ૨૦ |
| ૧ | ૯ | ૮ | ૬ | ૪૦ | ૨ | ૧ | ૭ | ૨૬ | ૦ |
| ૧ | ૯ | ૧૩ | ૫ | ૨૦ | ૨ | ૨ | ૧૩ | ૨૦ | ૦ |
| ૧ | ૯ | ૧૯ | ૯ | ૨૦ | ૨ | ૨ | ૧૭ | ૧૩ | ૦ |
| ૧ | ૯ | ૨૪ | ૮ | ૦ | ૨ | ૨ | ૨૪ | ૨૨ | ૪૦ |
| ૧ | ૧૦ | ૦ | ૧૨ | ૦ | ૨ | ૨ | ૨૯ | ૨૧ | ૪૦ |
| ૧ | ૧૦ | ૫ | ૯ | ૪૦ | ૨ | ૩ | ૬ | ૧ | ૨૦ |
| ૧ | ૧૦ | ૧૧ | ૧૪ | ૪૦ | ૨ | ૩ | ૧૧ | ૦ | ૦ |
| ૧ | ૧૦ | ૧૬ | ૧૩ | ૨૦ | ૨ | ૩ | ૧૭ | ૪ | ૦ |
| ૧ | ૧૦ | ૨૨ | ૧૭ | ૨૦ | ૨ | ૩ | ૨૨ | ૨ | ૪૦ |
| ૧ | ૧૦ | ૨૭ | ૧૬ | ૦ | ૨ | ૩ | ૨૮ | ૬ | ૪૦ |
| ૧ | ૧૧ | ૩ | ૨૦ | ૦ | ૨ | ૪ | ૩ | ૫ | ૨૦ |



| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૪ | ૯ | ૯ | ૨૦ |
| ૨ | ૪ | ૧૪ | ૮ | ૦ |
| ૨ | ૪ | ૨૦ | ૧૨ | ૦ |
| ૨ | ૪ | ૨૫ | ૯ | ૪૦ |
| ૨ | ૫ | ૧૭ | ૧૬ | ૦ |
| ૨ | ૫ | ૨૩ | ૨૦ | ૦ |
| ૨ | ૫ | ૨૭ | ૧૩ | ૦ |



Scanned with CamScanner

# નક્ષત્ર પધ્ધતિએ ગ્રહોનું સ્થાન ફળ

આ લેખમાં નક્ષત્ર પધ્ધતિથી ગ્રહો બારેય ભાવમાં શું ફળ આપે છે તે જોઈએ. ગ્રહો પાંચ રીતે ફળ આપે છે.

(૧) ગ્રહોનો નક્ષત્રપતિ જે ભાવમાં હોય તે ભાવનું સૌ પ્રથમ ફળ આપે છે.

(૨) ગ્રહ પોતે જે ભાવમાં રહેલ હોય તે ભાવનું ત્યાર બાદ ફળ આપે છે.

(૩) ગ્રહના નક્ષત્રપતિની જે સ્થાનમાં રાશિ હોય તે ભાવનું ત્રીજા નંબરે ફળ આપે છે.

(૪) ગ્રહની પોતાની જે સ્થાનમાં રાશિ હોય તે સ્થાનનું ચોથા નંબરે ફળ આપે છે.

(૫) ૧ થી ૪ સુધીમાં આવેલ ગ્રહો સાથે હોય અથવા જોવાયેલ હોય તે ગ્રહો સૌથી છેલ્લું ફળ આપે છે.

ઉપર મુજબની પાંચ રીતે અને ક્રમમાં ગ્રહો આપે છે.

**(૧) પ્રથમ ભાવમાં રહેલ ગ્રહ કે રાશિપતિનું ફળ**

(૧) આયુ : યોગ સારો આપે.

(૨) શારીરિક તંદુરસ્તી નબળી રાખે.

(૩) પતિ–પત્ની ભાગીદાર સાથે અણબનાવ રખાવે.

(૪) મિત્રો સાથે સંબંધ યોગ્ય રાખે નહિ.

(૫) નોકરી ધંધામાં ફેરબદલી કરાવે. ઉઘરાણી પાકે નહિ.

(૬) નોકરી ધંધામાંથી નિવૃતિ અપાવે, પદભ્રષ્ટ કરાવે.

(૭) સંતાન સુખમાં અવરોધ આવે.



**(૨) બીજા ભાવમાં રહેલ ગ્રહ કે રાશિપતિનું ફળ**

(૧) નવા મિત્રો કરાવે.

(૨) જૂના મિત્રો સાથે સંબંધ સારા રખાવે.

(૩) બીજું મારક સ્થાન હોવાથી આયુ અંગે ચિંતા કરાવે.

(૪) પતિ–પત્ની–ભાગીદારી સાથે સંબંધ સારા રખાવે.

(૫) બીજું સ્થાન સંતાનસુખમાં વધારો કરાવનાર ગણાય.

(૬) નોકરી ધંધો મળે, આવક સારી આપે.

(૭) જૂની ઉઘરાણી પાકે–નવ નિમણૂક કે બઢતી અપાવે.

(૮) વેપાર–ધંધો સારો ચાલે.

**(૩) ત્રીજા ભાવમાં રહેલ ગ્રહ કે રાશિપતિનું ફળ**

(૧) ત્રીજું સ્થાન ચોથા સ્થાનથી બારમું થતું હોવાથી અભ્યાસમાં હરકત કરનાર બને.

(૨) ત્રીજું સ્થાન લેખન–પ્રવૃતિનું હોવાથી લેખન–પ્રવૃતિ વધુ થાય.

(૩) ત્રીજુ સ્થાન વાંરવારની મુસાફરી કરાવનાર બને.

(૪) બહારગામથી પત્ર કે સમાચાર મળે.

(૫) ચોથા સ્થાનથી ત્રીજુ સ્થાન બારમું હોવાથી જમીન–મકાન–મિલકતમાંથી અમુક ભાગ વેચવો પડે.

(૬) નોકરી–ધંધા અંગે બહારગામ બદલી કરાવનાર બને.

(૭) સ્થાળાંતર યોગ કરાવનાર બને.

(૮) માતા–પિતા સાથે અણબનાવ કે ચિંતા કરાવનાર બને.

**(૪) ચોથા ભાવમાં રહેલ ગ્રહ કે રાશિપતિનું ફળ**



Scanned with CamScanner

(૧) ચોથું સ્થાન પાંચમાં સ્થાનથી બારમું હોવાથી સંતાનસુખમાં અવરોધ કરનાર બને.

(૨) ચોથું સ્થાન અભ્યાસમાં આગળ વધારનાર બને.

(૩) જમીન–મકાન–મિલકતમાં રીપેરીંગ કામ કરાવનાર બને.

(૪) માતાને આયુઃ યોગ સારો આપે.

**(૫) પાંચમાં ભાવમાં રહેલ ગ્રહ કે રાશિપતિનું ફળ**

(૧) છઠ્ઠા સ્થાનથી બારમું સ્થાન હોવાથી શારીરિક તકલીફ હોય તો ધીરે ધીરે સારું કરી આરામ આપે.

(૨) દવા લાગુ પડતી ન હોય તો દવા લાગુ થાય.

(૩) આયુઃ યોગ સારો આપનાર બને.

(૪) અભ્યાસમાં હરકત કરનાર બને.

(૫) પરીક્ષામાં નિષ્ફળતા આપનાર બને.

(૬) માતા સાથે અણબનાવ કે તેની આયુઃ ચિંતા કરાવનાર બને.

(૭) સંતાનસુખ આપનાર બને.

(૮) નોકરી–ધંધામાં ફેરબદલી થાય. થોડું ઘણું ગુમાવવું પડે.

(૯) જમીન–મકાન–મિલકતમાંથી થોડો ઘણો ભાગ વેચાણ કરવો પડે.

(૧૦) દાવાદૂવી હરીફાઈમાં હરીફને સફળતા મળે.

(૧૧) નોકરી–ધંધામાં નિવૃતિ–બરતરફ પદભ્રષ્ટ થવું પડે.

**(૬) છઠ્ઠા ભાવમાં રહેલ ગ્રહ કે રાશિપતિનું ફળ**



(૧) છઠ્ઠું સ્થાન રોગનું હોવાથી શારીરિક પરિસ્થિતિ સાધારણથી ઉગ્ર અને અણધારી બગાડે.

(૨) સાતમા સ્થાનથી બારમું હોવાથી પત્ની/પતિ સાથે ભાગીદાર સાથે અણબનાવ કરાવે.

(૩) પત્નીની માંદગીનું સૂચન કરાવે.

(૪) મિત્રોસાથે અણબનાવ કરાવે.

(૫) નોકરી–ધંધામાં આવક થાય.

(૬) નવી નિમણૂંક કે બઢતી નોકરી ધંધામાં મળે.

(૭) આર્થિક રીતે લાભ આપનાર બને.

(૮) જૂની ઉઘરાણી પાકે.

(૯) દાવા–દુવી, હરીફાઈમાં સફળતા મળશે.

(૧૦) લોન–ઉછીના નાણાં મળે.

(૧૧) આયુઃ યોગ મધ્યમથી અલ્પ સાથે.

**(૭) સાતમા ભાવમાં રહેલ ગ્રહ કે રાશિપતિનું ફળ**

(૧) સાતમું સ્થાન પતિ–પત્ની ભાગીદારીનું હોવાથી તંનું આયુઃ સારું મળે.

(૨) લગ્ન કરાવનાર બને.

(૩) વિરોધીઓ વધે.

(૪) નવા મિત્રો મળે, જુના મિત્રો સાથે સંબંધ સારા રાખે.

(૫) સાતમું સ્થાન મારક હોવાથી આયુઃ ચિંતા આપે.

**(૮) આઠમાં ભાવમાં રહેલ ગ્રહ રાશિપતિનું ફળ**

(૧) આયુંઃ યોગ મધ્યમથી અલ્પ આપનાર બને.

(૨) શારીરિક પરિસ્થિતિ અણધારી અને ઉગ્ર બગાડે.

(૩) અભ્યાસમાં હરકત કરનાર બને. પરીક્ષામાં નિષ્ફળ



Scanned with CamScanner

તા આપનાર બને.

(૪) નોકરી–ધંધામાં તકલીફ કરનાર બને.

(૫) નોકરી–ધંધામાં સસ્પેન્શન–બરતરફી અપાવે પિતા સાથે અણબનાવ રખાવે. તેની આયુ અંગેની ચિંતા કરાવનાર બને.

(૬) વિરોધીઓ વધે. થોડી–ઘણી ચિંતા કરાવનાર બને.

(૭) પ્રો. ફંડ–ગ્રેચ્યુઈટી જેવી રકમ અપાવનાર બને.

**(૯) નવમાં ભાવમાં રહેલ ગ્રહ કે રાશિપતિનું ફળ**

(૧) અભ્યામાં આગળ વધારનાર બને.

(૨) પરીક્ષામાં સફળતા આપનાર બને.

(૩) નોકરી–ધંધામાં ફેરબદલી કરાવનાર બને.

(૪) નવમું સ્થાન પિતાનું હોવાથી આયુઃ યોગ સારું આપે.

(૫) જૂની ઉઘરાણી પાકે નહિ તથા તકલીફ કરનાર બને.

(૬) બરતરફી કે પદભ્રષ્ટ નોકરી–ધંધામાંથી કરાવનાર બને.

(૭) મુસાફરી કરાવનાર બને.

(૮) વિરોધીઓ વધે.

(૯) માતાની તબિયત માટે ચિંતા કારવનાર બને.

**(૧૦) દસમા ભાવમાં રહેલ ગ્રહ કે રાશિપતિનું ફળ**

(૧) પતિ–પત્ની ભાગીદાર સાથે અણબનાવ કરાવે.

(૨) નવી નિમણૂંક કે બઢતી નોકરી–ધંધામાં મળે.

(૩) જમીન–મકાન–મિલકતમાંથી થોડું–ઘણું વેચાણ કરવું પડે.



(૪) નોકરી–ધંધામાં આવક થાય, જૂની ઉઘરાણી પાકે.

(૫) નોકરી–ધંધા અંગે બહારગામ બદલી થાય.

(૬) આયુઃ યોગ સારો આપે.

(૭) સ્થળાંતર યોગ આપનાર બને.

(૮) સંતાનસુખમાં અવરોધ કરનાર બને.

**(૧૧) અગિયારમાં ભાવમાં રહેલ ગ્રહ કે રાશિપતિનું ફળ**

(૧) અગિયારમું સ્થાન બારમાં સ્થાનથી બારમું હોવાથી આરોગ્ય સુધરે, દવા લાગુ પડે. આરામ થાય, દવાખાનાની વારંવાર મુલાકાત લેવી પડે નહિ.

(૨) અભ્યાસમાં આગળ વધારનાર બને. પરીક્ષમાં સફળતા આપે.

(૩) બહારગામથી પત્ર કે સમાચાર મળે.

(૪) પતિ–પત્નિ ભાગીદાર જૂના મિત્રો સાથે સંબંધ રહે.

(૫) નવા મિત્રો મળશે.

(૬) દવા દુવી કે હરીફાઈમાં સફળતા મળે.

(૭) નોકરી–ધંધામાં નવી નિમણૂક કે બઢતી મળે.

(૮) જૂની ઉઘરાણી પાકે.

(૯) સંતાનસુખ આપનાર બને.

(૧૦) વેપાર–ધંધો સારો ચાલે અને વિકાસ પામે.

(૧૧) મિલકતમાં વધારો કરાવનાર બને.

**(૧૨) બારમા ભાવમાં રહેલ ગ્રહ કે રાશિપતિનું ફળ.**

(૧) શારીરિક પરિસ્થિતિ સાધારણથી ઉગ્ર અને અણધારી બગાડે.



Scanned with CamScanner

(૨) દવાખાનાની વારંવાર મુલાકાત લેવી પડે.

(૩) પત્ની–ભાગીદાર–પતિને માંદગી આપનાર બને.

(૪) પરદેશ કે બહારગામની મુસાફરી યોગ આપનાર બને.

(૫) જમીન–મકાન–વાહન–મિલકતમાં વધારો કરનાર તથા ખર્ચ કરાવનાર બને.

(૬) દાવાદુવી, હરીફાઈમાં નિષ્ફળતા આપનાર બને.

(૭)નોકરી–ધંધા અંગે બહારગામ જવું પડે.

(૮) સ્થાળાંતર યોગ ગણાય.

(૯) લોન કે ઉછીના નાણાં ભરપાઈ કરાવે.

(૧૦) નોકરી–ધંધામાં સસ્પેન્શન–પદભ્રષ્ટ થવું પડે.

(૧૧) આયું. મધ્યમથી અલ્પ આપનાર બને.

(૧૨) બારમું સ્થાન વ્યયસ્થાન હોવાથી ખર્ચાળ ગણાય, ખર્ચ કરાવનાર બને.

નક્ષત્ર પધ્ધતિમાં રાશિફળ કરતાં ભાવફળને વધુ મહત્વ આપવામાં આવેલ છે. ગ્રહો કઈ રાશિમાં છે તે મહત્વનું નથી. પરંતુ ગ્રહો કયા ભાવમાં અને કયા નક્ષત્રમાં છે તે ઘણું જ મહત્વનું છે.

શરૂઆતમાં જણાવેલ પાંચ રીત પ્રમાણે ગ્રહો ફળ આપતાં હોય અને ગ્રહોનો ઉપપતિ અને ઉપપતિનો નક્ષત્રપતિ પણ ફળ આપતાં હોય તો જ ફળ મળે છે. અર્થાત બીજા શબ્દોમાં–ગ્રહ પોતાના નક્ષત્રપતિનું ફળ આપે છે, પરંતુ ગ્રહ પોતાના ઉપપતિ અને ઉપપતિના નક્ષત્રપતિનું ફળ આપે છે તે વિશિષ્ટ સિધ્ધાંત રહેલો છે.

(૧) દશા ભુકિત–અંતરનાથનો ઉપપતિ અને ઉપપતિનો



નક્ષત્રપતિ અને/અથવા

(૨) અગિયારમા ભાવમાં રહેલ ગ્રહ ઝડપી ચાલનો (સૂર્ય–ચંદ્ર–મંગળ–બુધ–શુક્ર) જેવા ગ્રહો હોય તો ફળ ઝડપી આપનાર બને.

(૩) ધીમી ગતિનો ગ્રહ–દશા–ભુકિત–અંતર નાથનો ઉપપતિ અને ઉપપતિનો નક્ષત્રપતિ હોય કે અગિયારમાં ભાવમાં રહેલ હોય કે રાશિ હોય તો ફળ વિલંબથી મળે છે.

(૪) જન્મકુંડલી કરતાં પ્રશ્ન કુંડલીથી ફળાદેશ ઘણું જ સરળ અને સહેલાઈથી મેળવી શકાય છે.

૧ થી ૧૨ ભાવમાં રહેલ ગ્રહો અને રાશિપતિનું મુદ્દાસર ફળાદેશ જોયા બાદ હવે ઉદાહરણ જોઈએ.

તા. ૧૧–૧૧–૮૨, ૬–૨૦ P. M. ૨૪૯ પૈકી(૨૪ નંબર)

૨૨–૩૬ અક્ષાંશ, ૭૦–૫૫ રેખાંશ, ૪૬–૨૦ તફાવત. ૨૪ નંબર એટલે કે વૃષભ રાશિમા સૂર્યનું નક્ષત્ર અને ગુરુના ઉપનક્ષત્રથી શરૂ થતી રાશિનું લગ્ન.

પ્રશ્ન – બીમારીમાંથી સારું ક્યારે થશે.?

| ભાવ | રા.–અં–ક–વિ. | નક્ષત્રપતિ | ઉપપતિ |
|---|---|---|---|



Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| (૧) | ૧–૦૧–૧૩–૨૦ | સૂર્ય | ગુરુ |
| (૨) | ૧–૨૮–૦૬–૨૦ | મંગળ | શનિ |
| (૩) | ૨–૨૨–૦૬–૨૦ | ગુરુ | શનિ |
| (૪) | ૩–૧૮–૦૬–૨૦ | બુધ | બુધ |
| (૫) | ૪–૧૮–૦૬–૨૦ | શુક્ર | મંગળ |
| (૬) | ૫–૨૪–૦૬–૨૦ | મંગળ | મંગળ |
| (૭) | ૭–૦૧–૧૩–૨૦ | ગુરુ | મંગળ |
| (૮) | ૭–૨૮–૦૬–૨૦ | બુધ | શનિ |
| (૯) | ૮–૨૨–૦૬–૨૦ | શુક્ર | શનિ |
| (૧૦) | ૯–૧૮–૦૬–૨૦ | ચંદ્ર | બુધ |
| (૧૧) | ૧૦–૧૮–૦૬–૨૦ | રાહુ | સૂર્ય |
| (૧૨) | ૧૧–૨૪–૦૬–૨૦ | બુધ | મંગળ |

| ગ્રહો | નક્ષત્રપતિ | ઉપપતિ |
|---|---|---|
| સૂર્ય | ગુરુ | બુધ |
| ચંદ્ર | સૂર્ય | બુધ |
| મંગળ | શુક્ર | શુક્ર |
| બુધ | ગુરુ | ગુરુ |
| ગુરુ | ગુરુ | શુક્ર |
| શુક્ર | ગુરુ | શુક્ર |
| શનિ | મંગળ | શુક્ર |
| રાહુ | રાહુ | બુધ |
| કેતુ | કેતુ | બુધ |

૩ માસ–૫ દિવસ સૂર્યદશા–બુધભુક્તિ બેલેન્સ

ચલિત કુંડલી

લગ્નમાં મેશ રાશિ, વૃષભનો રાહુ, સિંહનો ચંદ્ર, કન્યાના



સૂર્ય, બુધ, ગુરુ, શુક્ર અને શનિ અને વૃશ્ચિકના કેતુ, મંગળ.

રાહુ = બુધ

કેતુ = ગુરુ

નિયમ–(૧) મુજબ ગ્રહનો નક્ષત્રપતિ જે ભાવમાં રહેલ હોય તે ભાવનું સૌ પ્રથમ ફળ આપે છે. સૂર્ય–ગુરુના નક્ષત્રમાં ૬–૯–૧૨ ભાવનું ફળ આપે છે ચંદ્ર–સૂર્યના નક્ષત્રમાં ૫–૬ ભાવનું ફળ આપે છે. મંગળ–શુક્રના નક્ષત્રમાં ૧–૨–૬ ભાવનું ફળ આપે છે. બુધ–ગુરુના નક્ષત્રમાં ૬–૯–૧૨ ભાવનું ફળ આપે છે. ગુરુ–ગુરુના નક્ષત્રમાં ૬–૯–૧૨ ભાવનું ફળ આપે છે.શુક્ર–ગુરુના નક્ષત્રમાં ૬–૯–૧૨ ભાવનું ફળ આપે છે.શનિ–મંગળના નક્ષત્રમાં ૭–૮ ભાવનું ફળ આપે છે. રાહુ–રાહુના નક્ષત્રમાં ૨–૩–૬ ભાવનું ફળ આપે છે. કેતુ–કેતુના નક્ષત્રમાં ૬–૮–૯–૧૨ ભાવનું ફળ આપે છે.

સૂર્યથી કેતુ સુધીના નવેય ગ્રહો–બુધ–ગુરુ–શુક્રના ઉપનક્ષત્રમાં છે. આ ગ્રહોમાં બુધ–૩–૬, ગુરુ–૬–૯–૧૨, શુક્ર–૧–૨–૬ સ્થાનનું ફળ આપે છે.

દશાનાથ સૂર્ય ગુરુના નક્ષત્રમાં ૬–૯–૧૨ અને ઉપપતિ બુધમાં છે જે ૩–૬ સ્થાનનું ફળ આપે છે. ભુક્તિનાથ બુધ–ગુરુના નક્ષત્ર અને ગુરુના ઉપનક્ષત્રમાં છે જે ૬–૯–૧૨નું સ્થાન ફળ આપે છે. સાથોસાથ નવેય ગ્રહો બુધ–ગુરુ–શુક્રના ઉપનક્ષત્રમાં રહેલ હોવાથી ૬–૧–૧૨નું સૌથી વધુ અને પ્રબળ ફળ આપે છે. સાથોસાથ પાંચમા સ્થાનનો સ્વામી સૂર્ય હોવાથી તથા અગિયારમા સ્થાનનો સ્વામી શનિ હોવાથી બીમારીમાંથી ધીમે ધીમે સારુ થવાય.

પાંચમા સ્થાનમાં ચંદ્ર રહેલો છે અને ચંદ્રના નક્ષત્રમાં



Scanned with CamScanner

કોઈ ગ્રહ નથી તેથી–

તા. ૧૧–૧૧–૮૨

૫–૩–૦૦ સૂર્ય દશા–બુધ ભુક્તિ
૬–૪–૦૦ સૂર્ય દશા કેતુ ભુક્તિ
૦–૦–૦૧ સૂર્ય દશા શુક્ર ભુક્તિ
૨૨–૬–૮૪ સૂર્ય દશા પૂરી થાય.

તા. ૨૨–૬–૧૯૮૪માં જ્યારે ચંદ્ર દશા શરૂ થાય ત્યારે માંદગીમાંથી સાજા થવાય. અર્થાત રાહત રહે કારણ કે ચંદ્રનો ઉપપતિ બુધ છે અને બીમારી અને દવાખાનાની મુલાકાતનું ફળ તો આપે જ છે. તથા પ્રથમ ભાવનો ઉપપતિ ગુરુ પણ ૧–૬–૧૨ સ્થાનનું ફળ આપે છે.

આમ ગ્રહો સ્થાનનું ફળ વિશેષ આપે છે. મારા અનુભવ હું, ટુંકમાં અને સહેલાઈથી ફળાદેશ કઈ રીતે મેળવી શકાય તે વાચકો સમક્ષ રજૂ કરી વિરમુ છુ. (વધુ માટે જન્મભૂમિ ૨૦૩૮ના પંચાગમાં પ્રસિધ્ધ થયેલ લેખનો અભ્યાસ કરવો.)



# નક્ષત્ર – પધ્ધતિથી યોગો અને ફળાદેશના સિધ્ધાંતો

નક્ષત્ર–પધ્ધતિમાં રાશિફળ કરતાં સ્થાનફળને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.

(૧) ગ્રહોનો નક્ષત્રપતિ જે ભાવમાં હોય, તે ભાવનું ગ્રહો સૌપ્રથમ ફળ આપનાર બને છે.

(૨) ગ્રહો પોતે જેભાવમાં રહેલ હોય, તે ભાવનું ત્યારબાદ ફળ આપે છે.

(૩) ગ્રહોના નક્ષત્રપતિની જે સ્થાનમાં રાશિ હોય, તે ભાવનું ત્રીજા નંબરે ફળ આપે છે.

(૪) ગ્રહો પોતે જે સ્થાનમાં માલિક હોય, તે ભાવનું ચોથા નંબરે ફળ આપે છે.

(૫) ૧ થી ૪ સુધીમાં આવેલ ગ્રહો સાથે જે ગ્રહ કે ગ્રહો હોય, અથવા તેનાથી જોવાયેલ હોય, તે ગ્રહ કે ગ્રહો સૌથી છેલ્લું ફળ આપે છે.

ઉપર મુજબની પાંચ રીતે અને ક્રમમાં ગ્રહો સ્થાનનું ફળ વિશેષ કરીને આપે છે.

નક્ષત્ર–પધ્ધતિએ જન્મ અને/અથવા પ્રશ્નકુંડળી જોવા માટે જે તે સમય અને તારીખના સ્પષ્ટ બારેય ભાવ તથા સ્પષ્ટ ગ્રહો તથા મહાદશા અંતરદશાની પ્રાથમિક જરુરિયાત રહે છે. બારેય ભાવ સંધિરહિતના લેવામાં આવે છે, તેમાં પ્રથમના આરંભ–બિંદુથી બીજા ભાવના આરંભ–બિંદુ સુધીનાને પ્રથમ ભાવ ગણવામાં આવે છે, તેમાં સંધિની જરુરિયાત લેવામાં



Scanned with CamScanner

આવતી નથી. બારેય સ્પષ્ટ ભાવોના અને ગ્રહોના વિંશોત્તરી દશા મુજબ નક્ષત્રપતિ અને ઉપપતિ શોધવામાં આવે છે. સ્પષ્ટ ભાવના ઉપપતિ ઉપરથી જન્મ અને/ અથવા પ્રશ્નકુંડળીમાં ક્યા ક્યા યોગો થયેલ છે, તેનો વિચાર કરવામાં આવે છે.

શરુઆતમાં જણાવેલ પાંચ રીત પ્રમાણે ગ્રહો ફળ આપતા હોય અને ગ્રહોનો ઉપપતિ અને ઉપપતિનો નક્ષત્રપતિ પણ ફળ આપતા હોય, તો જ ફળ મળે છે. અર્થાત બીજા શબ્દોમાં–ગ્રહો પોતાના નક્ષત્રપતિનું ફળ આપે છે. પરંતુ ગ્રહ પોતાના ઉપપતિ અને ઉપપતિના નક્ષત્રપતિનુંફળ આપે છે. આ વિશિષ્ટ સિધ્ધાંત રહેલો છે. નક્ષત્ર–પધ્ધતિથી જન્મ અને/અથવા પ્રશ્નકુંડળીમાં ગ્રહો અને બારેય ભાવોના ઉપપતિ અને નક્ષત્રપતિની પ્રાથમિક જાણકારી જોયા પછી, હવે જન્મ અને/ અથવા પ્રશ્નકુંડળીમાં યોગો કેમ જોવાય, તેની વિગતો મેળવીએઃ–

(૧) ૧–૫–૯–૧૦ સ્થાન આયુઃ–યોગ આપનાર સ્થાનનો ગણાય છે, તેથી આ સ્થાનમાં પ્રથમ ભાવના ઉપપતિનો ઉપપતિ રહેલ હોય કે રાશિ હોય અને/ અથવા
પ્રથમ ભાવના ઉપપતિનો નક્ષત્રપતિ ૧–૫–૯–૧૦ સ્થાનમાં રહેલ હોય કે રાશિપતિ હોય તો દીર્ઘાયુઃ– યોગ થાય છે.

(૨) પ્રથમ ભાવના ઉપપતિનો ઉપપતિ અને/ અથવા નક્ષત્રપતિ ૬–૮–૧૨ ભાવમાં રહેલ હોય કે રાશિપતિ હોય તો અલ્પાયુઃ– યોગ થાય છે.

(૩) પ્રથમ ભાવના ઉપપતિનો ઉપપતિ અને/ અથવા નક્ષત્રપતિ ૧–૫–૯–૧૦ તથા ૬–૮–૧૨ ભાવમાં રહેલ હોય કે રાશિપતિ હોય તો મધ્ય–આયુઃ– યોગ થાય છે.



(૪) બીજા સ્થાનના ઉપપતિ ઉપરથી નાણાંકીય સ્થિતિ બાબત જોવાય છે. ૨–૬–૧૧ સ્થાનોમાંથી અવાકનો વિચાર કરવામાં આવે છે. તેથી આ ઉપપતિનો ઉપપતિ અને/ અથવા નક્ષત્રપતિ ૨–૬–૧૧ સ્થાનમાં રહેલ હોય કે રાશિપતિ હોય તો નાણાંકીય છૂટ રહે, સારી આવક થાય, નાણાં મળતાં રહે.

પરંતુ બીજા સ્થાનના ઉપપતિનો ઉપપતિ અને/ અથવા નક્ષત્રપતિ ૫–૮–૧૨ સ્થાનમાં રહેલ હોય કે રાશિપતિ હોય તો વારંવાર નાણાં ગુમાવવાનો યોગ થાય. પોતાનાથી બીજાઓને આર્થિક રીતે ફાયદો થાય.

(૫) ૪ સ્થાનમાંથી જમીન–મકાન–વાહન અંગે જોવાય છે. તેથી ૪ સ્થાનના ઉપપતિનો ઉપપતિ અને/ અથવા તેનો નક્ષત્રપતિ ૪–૧૧–૧૨ સ્થાનમાં રહેલ હોય કે રાશિપતિ હોય તો જમીન–મકાન–ખરીદી–યોગ થાય છે.

(૬) ૪ સ્થાનનો ઉપપતિ શુક્ર હોય અને શુક્ર જો ઉપપતિ અને/ અથવા ઉપપતિનો નક્ષત્રપતિ ૨–૪–૧૧ સ્થાનમાં રહેલ હોય કે રાશિપતિ હોય તો વાહન અગર મોટર–ખરીદી–યોગ થાય છે.

(૭) ૫ સ્થાનમાંથી સંતાન અંગે જોવાય છે. તેથી આ સ્થાનના ઉપપતિનો ઉપપતિ અને/ અથવા નક્ષત્રપતિ ૨–૫–૧૧ સ્થાનનો માલિક હોય કે રાશિપતિ હોય તો સંતાન–પ્રાપ્તિ–યોગ થાય છે.

૧–૪–૧૦ સ્થાન સાથે સંબંધમાં આવે તો સંતાન–યોગ થતો નથી.

(૮) ૭ માં સ્થાનમાંથી લગ્ન જીવન અંગેની બાબતો જોવાય છે. આ સ્થાનના ઉપપતિનો ઉપપતિ અને નક્ષત્રપતિ ૨–૭–૧૧



Scanned with CamScanner

સ્થાનનો માલિક હોય કે રાશિપતિ હોય તો લગ્ન-યોગ થાય છે.

૧-૬-૧૦ સાથે સંબંધમાં હોય તો લગ્ન-યોગ થતો નથી. ૨-૭-૧૧-૧-૬-૧૦ સ્થાનો સાથે ઉપર મુજબ સંબંધમાં આવે તો કજીયા કંકાસવાળું લગ્નજીવન પસાર કરાવનાર બને છે.

જન્મ અને/ અથવા પ્રશ્ન-કુંડળીમાં મહત્વના યોગો કેમ જોવાય, તેની જાણકારી મેળવ્યા બાદ તેનો ફળ આપવાનો સમય કેમ મળવાય, તે જોઈએ.

સામાન્ય રીતે દશા-ભુક્તિ-અંતરનાથનો ઉપપતિ અને/ અથવા આ ઉપપતિનો નક્ષત્રપતિ-

(૧) ૧-૬-૮-૧૨ સ્થાન સાથે સંબંધમાં હોય તો શારીરિક પરિસ્થિતિ ઉગ્ર અને અણધારી બગાડે. વારંવાર દવાખાનાની મુલાકાત લેવી પડે, પથારીવશની માંદગી આવે, તથા બીજી કોઈ નાની કે મોટી ચિંતા કરાવનાર બને. અકસ્માત-યોગ થાય છે.

(૨) ૫-૧૧ સ્થાન સાથે સંબંધમાં હોય તો આરોગ્ય સુધારે, દવા લાગુ પડે, શારીરિક તકલીફ હોય તો આરામ થાય, આરોગ્ય સારું રાખે.

(૩) ૨-૫-૧૧ સ્થાન સાથે સંબંધમાં હોય તો સંતાન-પ્રાપ્તિ-યોગ ગણાય, સંતાન-સુખમાં વધારો કરનાર બને, સંતાન સાથે સારો વર્તાવ રહે.

(૪) ૪-૧૧-૧૨ સ્થાન સાથે સંબંધમાં હોય તો જમીન-મકાન-ખરીદી યોગ બને, જમીન-મકાનમાં રીપેરકામ કરાવવું પડે, મિલકતમાં વધારો કરનાર યોગ ગણાય.



(૫) ૨-૪-૧૧ સ્થાન સાથે સંબંધમાં હોય તો વાહન-ખરીદી યોગ થાય છે અને તે અંગે ખર્ચ કરાવનાર બને.

(૬) ૨-૭-૧૧ સ્થાન સાથે સંબંધમાં હોય તો લગ્ન કરાવનાર બને, લગ્ન જીવન સારું પસાર કરાવનાર બને.નવા મિત્રો મળે, જુના મિત્રો સાથે સંબંધ સારા રહે.

(૭) ૨-૬-૧૦-૧૧ સ્થાન સાથે સંબંધમાં હોય તો નોકરી-ધંધામાં આવક થાય, બીજા તરફથી નાણાં મળે. નવી નિમણૂંક કે બઢતી મળે. જુની ઉઘરાણી પાકે, વેપાર-ધંધો સારો ચાલે, નાણાંકીય છૂટ રહે.

(૮) ૫-૮-૧૨ સ્થાન સાથે સંબંધમાં આવેલ હોય તો નાણાં ગુમાવવાનો યોગ, થાય છે. પોતાનાથી બીજાને આર્થિક રીતે ફાયદો થાય છે.

ઉદાહરણઃ- જન્મ તારીખ ૮-૧૦-૧૯૮૧ જન્મ સમય ૫-૪૫ A. M.

૨૨-૩૬' અક્ષાંશ, ૭૦-૫૫' રેખાંશ, મિ. ૪૬-૨૦ સે. તફાવત અયનાંશ ૨૩-૨૯'-૩૮"

| ભાવ | રાશિ | અંશ | કલા | વિકલા | નક્ષત્રપતિ | ઉપપતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૦૭ | ૨૬ | ૫૨ | સૂર્ય | કેતુ |
| ૨ | ૬ | ૦૬ | ૨૪ | ૪૦ | મંગળ | ચંદ્ર |
| ૩ | ૭ | ૦૬ | ૪૬ | ૫૮ | શનિ | બુધ |
| ૪ | ૮ | ૦૭ | ૨૬ | ૨૨ | કેતુ | રાહુ |
| ૫ | ૯ | ૦૮ | ૧૧ | ૫૮ | સૂર્ય | શુક્ર |
| ૬ | ૧૦ | ૦૮ | ૩૨ | ૫૮ | રાહુ | રાહુ |
| ૭ | ૧૧ | ૦૭ | ૨૬ | ૫૨ | શનિ | કેતુ |
| ૮ | ૦ | ૦૬ | ૨૪ | ૪૦ | કેતુ | રાહુ |



Scanned with CamScanner

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૦૬ | ૪૬ | ૫૮ | સૂર્ય | બુધ |
| ૧૦ | ૨ | ૦૭ | ૨૬ | ૨૨ | રાહુ | રાહુ |
| ૧૧ | ૩ | ૦૮ | ૧૧ | ૫૮ | શનિ | શુક્ર |
| ૧૨ | ૪ | ૦૮ | ૩૨ | ૫૮ | કેતુ | ગુરુ |

| ગ્રહો | રાશિ | અંશ | કલા | વિકલા | નક્ષત્રપતિ | ઉપપતિ |
|---|---|---|---|---|---|---|
| સૂર્ય | ૫ | ૨૧ | ૦૨ | ૦૭ | ચંદ્ર | શુક્ર |
| ચંદ્ર | ૯ | ૧૦ | ૧૦ | ૪૭ | ચંદ્ર | ચંદ્ર |
| મંગળ | ૩ | ૨૮ | ૩૯ | ૨૨ | બુધ | શનિ |
| બુધ | ૬ | ૧૦ | ૦૫ | ૫૦ | રાહુ | ગુરુ |
| ગુરુ | ૫ | ૨૫ | ૪૮ | ૦૮ | મંગળ | રાહુ |
| શુક્ર | ૭ | ૦૫ | ૧૬ | ૪૨ | શનિ | શનિ |
| શનિ | ૫ | ૧૯ | ૨૭ | ૦૫ | ચંદ્ર | બુધ |
| રાહુ | ૩ | ૪ | ૪ | ૫૮ | શનિ | શનિ |
| કેતુ | ૯ | ૪ | ૪ | ૫૮ | સૂર્ય | શનિ |

વિંશોતરી દશા ચંદ્રની, ભોગ્ય વર્ષ–૯, માસ–૮, દિવસ–૧૧.

(૧) પ્રથમ સ્થાનનો ઉપપતિ કેતુ ચોથા ભાવમાં મકર રાશિમાં સૂર્યના નક્ષત્ર અને શનિના ઉપનક્ષત્રમાં છે. શનિ પ્રથમ ભાવમાં કન્યા રાશિમાં ચંદ્રના નક્ષત્રમાં છે. તેથી પ્રથમ ભાવના ઉપપતિનો ઉપપતિ શનિ તથા શનિનો નક્ષત્રપતિ પોતે જે સ્થાનમાં રહેલ છે, તેનું સૌપ્રથમ ફળ આપશે. શનિ પ્રથમ ભાવમાં તથા ચંદ્ર પાંચમા સ્થાનમાં છે, જે દીર્ઘાયુઃ– યોગ આપનાર બને છે.

(૨) ૪ ભાવનો ઉપપતિ રાહુ છે, રાહુ પોતે કર્ક રાશિમાં દશમા ભાવમાં શનિના નક્ષત્રમાં અને ઉપનક્ષત્રમાં છે. શનિ પોતે



ચોથા સ્થાનના માલિક ગુરુ સાથે પ્રથમ ભાવમાં યુતિમાં રહેલ છે, તથા લાભ સ્થાનના માલિકના નક્ષત્રમાં છે, તેથી જમીન–મકાન–ખરીદી–યોગ કરનાર બનેલ છે.

ઉપર મુજબ દરેક યોગ અંગે વિચાર કરવામાં આવે છે.

હવે ફળાદેશના સમય અંગે જોઈએ :–

જન્મની ચંદ્રની મહાદશા ૯ વર્ષ, ૮ માસ, ૧૧ દિવસ ભોગવવાની બાકી છે. ચંદ્ર પોતે પોતાના નક્ષત્ર અને ઉપનક્ષત્રમાં રહેલ છે તથા ચંદ્ર ૧૧મા સ્થાનનો માલિક થઈને પાંચમા ભાવમાં રહેલ છે, જેથી આ દશા દરમ્યાન શારીરિક સુખાકારી સારી આવે, આરોગ્ય સારું રાખે તથા માંદગીમાંથી તાત્કાલિક આરામ થાય.

આ પ્રમાણે મહાદશા–આંતરદશા–ભુક્તિના ફળનો વિચાર કરવામાં આવે છે.

નક્ષત્ર–પધ્ધતિએ યોગો અને ફળાદેશ અંગેનો વિચાર કરવામાં પ્રશ્નકુંડળી માટે નીચેના સિધ્ધાંતો ઘણાં જ અગત્યના છેઃ–

(૧) પ્રશ્ન–કુંડળીમાં વક્રી ગ્રહો ફળ આપતા નથી.

(૨) કોઈ પણ ભાવનું ફળ મેળવવા માટે જે તે સ્થાનનો ઉપપતિ તથા સ્થાનના ઉપપતિનો નક્ષત્રપતિ અને ઉપપતિ માર્ગીય હોવા જોઈએ, અર્થાત ગ્રહ પોતે તથા તેનો નક્ષત્રપતિ અને ઉપપતિ બંને માર્ગીય હોવા જોઈએ, તો જ જે તે બાબતનું ફળ આપી શકે છે.

(૩) પ્રશ્ન કોઈ પણ હોય, પરંતુ ૧૧મા સ્થાનનો ઉપપતિ ૧,૨, ૩, ૬, ૧૦, ૧૧મા સ્થાન સાથે સંબંધમાં આવેલ હોવો જોઈએ, તો જ પૂછેલ પ્રશ્નમાં જાતકને સફળતા મળે છે.



Scanned with CamScanner

(૪) પ્રશ્ન સમયે, જાતકની જન્મકુંડળીના લગ્ન–રાશિપતિ, લગ્ન–નક્ષત્રપતિ, ચંદ્ર–રાશિ–સ્વામી, ચંદ્ર–નક્ષત્રપતિ વારના અધિપતિ સાથે સંબંધમાં પાંચ ગ્રહો વચ્ચે સામ્ય જોવામાં આવે છે.

(૫) પ્રશ્ન સમયના (૧)લગ્ન–રાશિપતિ (૨)લગ્ન–નક્ષત્રપતિ (૩)ચંદ્ર–રાશિપતિ (૪)ચંદ્ર–નક્ષત્રપતિ (૫)વારનો અધિપતિ, આ પાંચ ગ્રહો પૈકી એકની દશા, બીજાની ભુકિત, ત્રીજાના અંતરમાં પ્રશ્ન ફળીભૂત થવાની શકયતાઓ ઘણી જ વધુ હોય છે. આ પાંચ ગ્રહોમાં જે ગ્રહો વક્રી હોય અને/ અથવા વક્રી ગ્રહનાં નક્ષત્રમાં કે ઉપનક્ષત્રમાં રહેલ હોય, તે ગ્રહ ફળ આપી શકતો ન હોવાથી, જે ગ્રહના સમયમાં બનાવ ફળીભૂત થતો નથી.

(૬) રાહુ–કેતુ, જે ગ્રહો સાથે હોય તથા જે રાશિમાં હોય, જે નક્ષત્રમાં રહેલ હોય અને જે ગ્રહોથી જોવાયેલ હોય, તે ગ્રહો જેવું ફળ આપે છે. તેથી આ પ્રમાણે રાહુ–કેતુ જયારે સંબંધમાં આવેલ હોય, ત્યારે રાહુ–કેતુને પ્રથમ પસંદગી આપવી, અર્થાત જન્મ અને/ અથવા પ્રશ્નકુંડળીમાં રાહુ–કેતુ, યુતિ–ર્દષ્ટિ અને રાશિપતિથી સંબંધમાં આવેલ હોય ત્યારે યુતિ કરનાર–ર્દષ્ટિ કરનાર, અને જે રાશિમાં રહેલ હોય, તેના સ્વામી કરતાં રાહુ–કેતુ સૌપ્રથમ ફળ આપનાર હોવાથી તેની દશા–ભુકિત અંતરમાં બનાવ ફળીભૂત થવાની શકયતાઓ ઘણી રહેલી હોય છે.

આમ, નક્ષત્રપધ્ધતિએ યોગો અને ફળાદેશનો વિચાર જન્મ અને/ અથવા પ્રશ્નકુંડળીમાં કઈ રીતે કરાય, તે મારા અનુભવે, હું ટૂંકમાં અને સરળતાથી વાચકો સમક્ષ રજૂ કરી વિરમું છું.



# ગ્રહોનો વિંશોતરી ગોચર સમય

ભવિષ્ય જાણવાની અનેક પધ્ધતિમાં વિંશોતરી ગોચર સમયનો પણ સમાવેશ થાય છે. વિંશાતરી મહાદશાના વર્ષ અંગે શ્રી રેલેએ તેમના પુસ્તકમાં ઘણો જ સુંદર સિધ્ધાંત આપેલ છે. 'દરેક ગ્રહ જે નક્ષત્રમાં હોય તેનાથી ૧૦મે કે ૧૯ મે એટલે કે ૧૨૦° કે ૨૪૦° અંશ ઉપર અથવા ફરી તે જ જગ્યાએ, તે શર, ક્રાંતિ ઉપર આવે તેટલા વર્ષ દરેક ગ્રહની મહાદશાના વર્ષ ગણવામાં આવેલ છે.'

ઉપરનો સિધ્ધાંત, નક્ષત્રપધ્ધતિ તથા તેની પેટા પધ્ધતિ વિંશોતરી ગોચર સત્ય પુરવાર કરે છે. રેલેના સિધ્ધાંત મુજબ ચંદ્ર ઉપરથી કઢાતી દશા – અંતરદશા – પ્રતિઅંતરદશા એટલે દશા = નક્ષત્ર, અંતરદશા = ઉપનક્ષત્ર પ્રતિઅંતરદશા = ઉપ–ઉપનક્ષત્ર.

દરેક ગ્રહ કેટલામા વર્ષ કયા નક્ષત્ર અને કયા ઉપનક્ષત્રમાં હશે તે ઉપરના સિધ્ધાંતથી સહેલાઈથી જાણી શકાય છે. ખાસ કરી ઝડપી ગતિના ગ્રહો માટે આ પધ્ધતિ ઘણી જ સરળ રહે છે.

ગ્રહ પોતે પોતાના નક્ષત્રપતિનું ફળ આપે છે. આ મુખ્ય સિધ્ધાંત છે. પરંતુ ગ્રહ પોતે પોતાના ઉપનક્ષત્રપતિનું તથા ઉપપતિના નક્ષત્રપતિનું ફળ આપે છે. આ વિશિષ્ટ સિધ્ધાંત રહેલો છે.

વિંશોતરી ગોચર પ્રમાણે – કોઈ પણ ગ્રહ જે નક્ષત્રમાં હશે તો તે નક્ષત્રના સ્વામીનો સમય ઓછામાં ઓછો ૬ વર્ષ



Scanned with CamScanner

અને વધારેમાં વધારે ૨૦ વર્ષનો હશે. તેથી સતત ૬ વર્ષ કે ૨૦
વર્ષ સુધી જાતકને નક્ષત્રપતિનું ફળ મળતું નથી, પરંતુ ૬ વર્ષ
કે ૨૦ વર્ષ સુધીમાં આવતા દરેક ગ્રહોના ઉપનક્ષત્રનું ફળ મળ
છે. તે માટે કયા વર્ષે કયા ગ્રહનું નક્ષત્ર ચાલે છે. તે વિંશોતરી
ગોચર પ્રમાણે શોધી શકાય છે.

ચંદ્ર મુજબ દરેક ગ્રહની દશા કાઢવી જોઈએ. ગ્રહનો
દશાનાથ નક્ષત્રપતિ થાય છે અને ભુકતનાથ ઉપનક્ષત્રપતિ થાય
છે. આ સિધ્ધાંતથી ચંદ્ર, સૂર્ય, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર જેવા
ઝડપી ચાલના(ગતિના) ગ્રહોની દશા ભુક્તિમાં પોતે કયા નક્ષત્ર
અને કયા ઉપનક્ષત્રમાં હશે તે સહેલાઈથી જાણી શકાય છે.
વક્રીગ્રહો કે રાહુ–કેતુ માટે અવળેથી ગણતરી કરવી. વક્રી ગ્રહ
જેટલા રાશિ – અંશ – કલા – વિકલાએ માર્ગી થાય તેટલા
રાશિ – અંશ – કલા – વિકલાથી સવળેથી ગણતરી કરવી.
હવે નક્ષત્ર વિંશોતરી ગોચર પ્રમાણે ફળાદેશ જાણવાથી પધ્ધતિ
અને ત્યાર બાદ ફળાદેશ અંગેનું ઉદાહરણ જોઈશું.

(૧) ગ્રહ પોતે પોતાના નક્ષત્રપતિનું ફળ આપે છે.

(૨) ગ્રહ પોતે પોતાના ઉપપતિ અને ઉપપતિના નક્ષત્રપતિનું ફળ આપે છે.

(૩) પ્રશ્ન સમયે, જાતકની કુંડળીના લગ્ન રાશિપતિ, લગ્ન નક્ષત્રપતિ, ચંદ્ર રાશિપતિ અને ચંદ્રનક્ષત્રપતિ તથા દિવસ સ્વામીનો તે તે ગ્રહ સાથે સંબંધ હોય છે.

(૪) આ પધ્ધતિમાં જ સૌ પ્રથમ રાહુ, કેતુને ઘણું જ મહત્વ અપાયું છે. રાહુ–કેતુ જે ગ્રહ સાથે હોય, જે રાશિમાં હોય, જે નક્ષત્રમાં હોય તેના એજન્ટ તરીકે ફળ આપે છે.

૫) બાર રાશિને ૨૭ નક્ષત્રોમાં અને ૨૭ નક્ષત્રોને ૨૪૯



ઉપનક્ષત્રમાં તૈયાર કરવામાં આવેલ છે. પ્રશ્ન પૂછનાર પાસેથી
૧ થી ૨૪૯ સુધીમાં કોઈ એક નંબર લેવામાં આવે છે, ત્યાર
બાદ તે નંબરની જે રાશિ – અંશ – કલા – વિકલાથી શરૂઆત
થતી હોય તેને પ્રથમ ભાવમાં મુકવાથી પ્રશ્ન કુંડલીની પધ્ધતિ
છે. તેના પરથી બાકીના પાંચ કુલ ૧૧ ભાવ તૈયાર કરવામાં
આવે છે.

(૬) પ્રશ્ન કુંડલીમાં સ્થાનનો ઉપપતિ તેનો નક્ષત્રપતિ અને
તેનો ઉપપતિ માર્ગી હોવા જોઈએ.

(૭) ગ્રહનો કે દશાનાથ અને/ અથવા ભુક્તિનાથ અને/ અથવા
અંતરનાથનો ઉપપતિ અને આ ઉપપતિનો નક્ષત્રપતિ નીચેના
સ્થાનમાં હોય કે રાશિપતિ હોય તેનો ફળાદેશ.

(૧) ૧–૬ સ્થાન સાથે સંબંધમાં હોય તો શારીરિક તકલીફ કરનાર બને.

(૨) ૧–૬–૮–૧૨ સ્થાનમાં હોય તો પરિસ્થિતિ ઉગ્ર અને અણધારી બગાડે, દવાખાનાની વારંવાર મુલાકાત લેવી પડે યા દવાખાનામાં દાખલ થવું પડે. પથારીવશ, માંદગી આપનાર તથા નાની યા મોટી ચિંતા કરાવનાર બને.

(૩) ૫–૧૧ સ્થાન સાથે સંબંધમાં આવે તો આરોગ્ય સુધરે. વધુ માંદગી હોય તો દવા લાગુ પડે તથા આરામ મળે.

(૪) ૪–૯–૧૧ સ્થાન સાથે સંબંધમાં આવે તો અભ્યાસમાં આગળ વધારનાર તથા પરીક્ષામાં સફળતા આપનાર થાય.

(૫) ૩–૫–૮ સ્થાન સાથે સંબંધમાં આવે તો અભ્યાસમાં હરકત કરનાર તથા અભ્યાસ કે પરીક્ષામાં નિષ્ફળતા આપનાર તથા કોઈ પ્રકારની નાની યા મોટી ગંભીર ચિંતા કરાવનાર થાય.

(૬) ૩–૯–૧૨ સ્થાન સાથે સંબંધમાં આવેલ હોય અને



Scanned with CamScanner

પરદેશગમન યોગ હોય તો પરદેશની મુસાફરી થાય તથા નાની કે મોટી વારંવાર મુસાફરી કરાવનાર બને.

(૭) ૨–૭–૧૧ સ્થાન સાથે સંબંધમાં આવેલ હોય તો નવા મિત્રો મળે, જૂના મિત્રો સાથે સંબંધ ગાઢ બને. લગ્ન યોગ હોય અને થયેલ ન હોય તો લગ્ન થાય. પતિ/પત્ની વચ્ચે સારો મેળ રહે.

(૮) ૧–૬–૧૦ સ્થાન સાથે સંબંધમાં હોય તો મિત્રો સાથે અણબનાવ બને. છૂટાછેડા યોગ હશે તો છૂટાછેડા મળે, પતિ–પત્ની અણબનાવ કે વિયોગ થાય.

(૯) ૨–૫–૧૧ સ્થાન સાથે સંબંધમાં હોય તો સંતાનસુખમાં વધારો કરનાર તથા સંતાન પ્રાપ્તિ યોગ ગણાય.

(૧૦) ૧–૪–૧૦ સ્થાન સાથે સંબંધમાં હોય તો સંતાનસુખમાં અવરોધ કરનાર તથા મીસડીલેવરી વગેરે થાય.

(૧૧) ૪–૧૧–૧૨ સ્થાન સાથે સંબંધમાં હોય તો જમીન – મકાન – વાહન મિલકત ખરીદી યોગ થાય છે. જમીન – મકાન – વાહન રિપેરીંગ યોગ પણ બને છે.

(૧૨) ૩–૫–૧૦ જમીન – મકાન – વાહન મિલકતમાંથી થોડો ઘણો – ભાગ વેંચાણ કરવાનો યોગ થાય છે.

(૧૩) ૨–૧૦ નોકરી ધંધામાં આવક થાય. સર્વિસમાં નિમણૂક મળે. આર્થિક રીતે લાભ થાય. ઉઘરાણી પાકે, નાણાં મળે.

(૧૪) ૧–૫–૯ સ્થાન સાથે સંબંધમાં આવે તો નોકરીધંધામાં ફેરબદલી તથા તેમાં ગુમાવવાનો સમય આવે. ઉઘરાણી પાકે નહિ. સસ્પેન્શન–બરતરફી કે પદભ્રષ્ટ થવાનો યોગ બને છે.

(૧૫) ૬–૧૧ સ્થાન સાથે સંબંધમાં આવેલ હોય તો દવા–દૂવી–કોર્ટ કજીયા હરીફાઈ, ચૂંટણી વગેરેમાં સફળતા મળે. વિરુધ્ધ પાર્ટીને નિષ્ફળતા મળે.



(૧૬) ૫–૧૨ દવા–દૂવી–હરીફાઈ–ચૂંટણીમાં વગેરેમાં નિષ્ફળતા મળે. વિરુધ્ધ પાર્ટીને સફળતા મળે.

| ભાવ | રા. | અંશ | કલા | વિકલા |
|---|---|---|---|---|
| ૧ | ૧૦ | ૦૭ | ૧૧ | ૫૨ |
| ૨ | ૧૧ | ૧૫ | ૪૭ | ૪૯ |
| ૩ | ૦ | ૧૮ | ૪૭ | ૪૯ |
| ૪ | ૧ | ૧૫ | ૪૭ | ૪૯ |
| ૫ | ૨ | ૦૯ | ૪૭ | ૪૯ |
| ૬ | ૩ | ૦૫ | ૪૭ | ૪૯ |
| ૭ | ૪ | ૦૭ | ૧૧ | ૫૨ |
| ૮ | ૫ | ૧૫ | ૪૭ | ૪૯ |
| ૯ | ૬ | ૧૮ | ૪૭ | ૪૯ |
| ૧૦ | ૭ | ૧૫ | ૪૭ | ૪૯ |
| ૧૧ | ૮ | ૦૯ | ૪૭ | ૪૯ |
| ૧૨ | ૯ | ૦૫ | ૪૭ | ૪૯ |
| સૂર્ય | ૨ | ૧૦ | ૫૬ | ૪૪ |
| ચંદ્ર | ૯ | ૭ | ૫૩ | ૨૬ |
| મંગળ | ૧૦ | ૧૮ | ૦૫ | ૨૫ |
| બુધ | ૧ | ૧૯ | ૧૬ | ૨૫ |
| ગુરુ | ૪ | ૪ | ૪૬ | ૧૮ |
| શુક્ર | ૨ | ૫ | ૨૯ | ૪૫ |
| શનિ | ૭ | ૦૩ | ૫૭ | ૦૫ |
| રાહુ | ૭ | ૧૩ | ૩૫ | ૫૭ |
| કેતુ | ૧ | ૧૩ | ૩૫ | ૪૯ |



Scanned with CamScanner

| નક્ષત્રપતિ | ઉપનક્ષત્રપતિ |
|---|---|
| રાહુ | રાહુ |
| શનિ | ગુરુ |
| શુક્ર | રાહુ |
| ચંદ્ર | શનિ |
| રાહુ | ગુરુ |
| શનિ | બુધ |
| કેતુ | રાહુ |
| ચંદ્ર | શનિ |
| રાહુ | ચંદ્ર |
| શનિ | ગુરુ |
| કેતુ | શનિ |
| સૂર્ય | બુધ |

| નયક્ષત્રપતિ | ઉપપતિ | વિંશોતરી ભોગ્ય | | |
|---|---|---|---|---|
| | | વ. | મા. | દિ |
| રાહુ | શનિ | ૨ | ૨ | ૨ |
| સૂર્ય | શુક્ર | ૦ | ૧૧ | ૧૨ |
| રાહુ | બુધ | ૦ | ૦ | ૧૦ |
| ચંદ્ર | બુધ | ૦ | ૩ | ૧૬ |
| કેતુ | ચંદ્ર | ૦ | ૦ | ૦૧ |
| મંગળ | સૂર્ય | ૦ | ૦ | ૧૧ |
| શનિ | શનિ | ૨ | ૧ | ૧૫ |
| શનિ | રાહુ | ૧ | ૦ | ૦૩ |
| ચંદ્ર | રાહુ | ૧ | ૩ | ૧૧ |

આ જાતકને સર્વિસ તા ૧૦–૪–૧૯૭૮ ના રોજ મળ



ત્યારે રાહુ દશા–ગુરુભુકિત–કેતુ અંતરદશા ચાલતી હતી. વિંશોતરી ગોચર પ્રમાણે રાહુ તા. ૧૦–૧૦–૭૫ થી તા. ૧૦–૬–૭૮ સુધી ગુરુના નક્ષત્ર અને શુક્રના ઉપનક્ષત્રમાં હતો. શુક્ર જે વિંશોતરી ગોચર પ્રમાણે દશાનાથ રાહુનો ઉપપતિ છે તેનો નક્ષત્રપતિ ગુરુ છે. ભુકિતનાથ ગુરુ તા. ૨૩–૧૨–૧૯૬૩ થી તા. ૨૩–૧૦–૧૯૭૯ સુધી શુક્રના નક્ષત્ર અને બુધના ઉપનક્ષત્રમાં વિંશોતરી ગોચર પ્રમાણે ભુકિતનાથ ગુરુનો ઉપપતિ છે તે રાહુના નક્ષત્રમાં છે.

અંતરનાથ કેતુ તા. ૬–૧–૭૮ થી તા. ૬–૩–૧૯૭૯ સુધી શુક્રના નક્ષત્ર અને મંગળના ઉપનક્ષત્રમાં વિંશોતરી ગોચર પ્રમાણે છે. મંગળ જે અંતરનાથ કેતુનો વિંશોતરી ગોચર પ્રમાણે ઉપપતિ છે તે શનિના નક્ષત્રમાં છે.

નો ઉપપતિનો નક્ષત્રપતિ ફળ આપવાના સ્થાન

(૧) દશાનાથ રાહુ શુક્ર ગુરુ ૨–૪–૬–૯–૧૧

(૨) ભુકિતનાથ ગુરુ બુધ રાહુ ૧–૩–૪–૫–૮–૯–૧૦–૧૨

(૩) અંતરનાથ કેતુ મંગળ શનિ ૧–૩–૯–૧૦

અગાઉના સિધ્ધાંત ૧૩ મુજબ, ૨–૬–૧૦ સ્થાન સાથે દશા–ભુકિત–અંતરનાથનો ઉપપતિ અને આ ઉપપતિનો નક્ષત્રપતિ સંબંધ આવે ત્યારે સર્વિસ–ધંધો વગેરે મળે. નવી નિમણૂક મળે અહીં દશાનાથ–ભુકિતનાથ–અંતરનાથ ૨–૬–૧૦ સ્થાન સાથે સંબંધ ધરાવે છે. તેથી સર્વિસ મળી ૩–૯–૧૨ સ્થાન સાથે સંબંધ હોવાથી વારંવારની મુસાફરી થાય છે. સર્વિસ બહારગામ મળી હોવાથી અપ–ડાઉન કરે છે. આમ ૩–૯–૧૨ સ્થાનનું ફળ આગળના સિધ્ધાંત–૬ મુજબ મળે છે. ૩–૪–૯–૧૨ સ્થાન લાભસ્થાનથી ૨–૫–૭–૧૧



Scanned with CamScanner

સ્થાન હોવાથી જાતકના મોટાભાઈને ઘેર તા. ૨૦–૩–૧૯૭૮ના રોજ બીજા સંતાનનો જન્મ થયો.

આ પ્રમાણે વિંશોતરી ગોચર મુજબ લાંબા સમયનું ફળાદેશ પંચાંગ ગોચર સિવાય શાસ્ત્રીય રીતે સચોટ અને સૂક્ષ્મ મેળવી શકાય છે. વાચકો વિંશોતરી ગોચર પ્રમાણે ફળાદેશની ચકાસણી કરે તેવું મારું નમ્ર નિવેદન છે. આ લેખના સર્વ હક્ક લેખકને સ્વાધીન છે.



## લગ્ન તારીખ આ પધ્ધતિથી શોધી શકાય છે

### નક્ષત્ર પધ્ધતિ

જાન્યુઆરી ૮૦ ના અંકમાં સર્વિસ–ધંધાનો યોગ અને સમય જાણવાને પધ્ધતિ જોઈ આ લેખમાં લગ્ન યોગ ? અથવા લગ્ન ક્યારે થાય વગેરે વિશેની ચર્ચા કરીશું. ઉદા જન્મ તારીખ ૧૭–૯–૫૫ સવારના ક. ૮–૧૫ મિ. ૨૨–૩૬ અક્ષાંશ ૦૦–૫૫ રેખાંશ ૪૬–૨૦ તફાવત.

| સ્પષ્ટ ભાવ | રાશિ | અંશ | કલા | વિકલા | નક્ષત્ર પતિ | ઉપનક્ષત્ર પતિ |
|---|---|---|---|---|---|---|
| ૧– | ૫– | ૨૨– | ૪૭– | ૪૫– | ચંદ્ર | સૂર્ય |
| ૨– | ૬– | ૨૧– | ૫૧– | ૪૫– | ગુરુ | શનિ |
| ૩– | ૭– | ૨૧– | ૫૧– | ૪૫– | બુધ | સૂર્ય |
| ૪– | ૮– | ૨૨– | ૫૧– | ૫૫– | શુક્ર | શનિ |
| ૫– | ૯– | ૨૩– | ૫૧– | ૪૫– | મંગળ | મંગળ |
| ૬– | ૧૦– | ૨૪– | ૫૧– | ૪૫– | ગુરુ | બુધ |
| ૭– | ૧૧– | ૨૨– | ૪૭– | ૪૫– | બુધ | ચંદ્ર |
| ૮– | ૦– | ૨૧– | ૫૧– | ૪૫– | શુક્ર | ગુરુ |
| ૯– | ૧– | ૨૧– | ૫૧– | ૪૫– | ચંદ્ર | શુક્ર |
| ૧૦– | ૨– | ૨૨– | ૫૧– | ૪૫– | ગુરુ | શનિ |
| ૧૧– | ૩– | ૨૩– | ૫૧– | ૪૫– | બુધ | મંગળ |
| ૧૨– | ૪– | ૨૪– | ૫૧– | ૪૫– | શુક્ર | બુધ |
| સ્પષ્ટ ગ્રહો | | | | | | |
| સૂર્ય | ૫– | ૦– | ૧૪– | ૦૫– | સૂર્ય | રાહુ |



Scanned with CamScanner

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ચંદ્ર | ૫– | ૧૦– | ૪૩– | ૦૨– | ચંદ્ર | ચંદ્ર |
| મંગળ | ૪– | ૧૯– | ૫૭– | ૩૦– | શુક્ર | રાહુ |
| બુધ | ૫– | ૨૬– | ૩૬– | ૫૩– | મંગળ | ગુરુ |
| ગુરુ | ૩– | ૨૭– | ૧૫– | ૨૨– | બુધ | ગુરુ |
| શુક્ર | ૫– | ૦૪– | ૩૧– | ૦૦– | સૂર્ય | શનિ |
| શનિ | ૬– | ૨૪– | ૦૦– | ૪૧– | ગુરુ | બુધ |
| રાહુ | ૭– | ૨૮– | ૨૮– | ૪૦– | બુધ | શનિ |
| કેતુ | ૧– | ૨૮– | ૨૮– | ૪૦– | મંગળ | શનિ |

બેલેન્સ દશા ચંદ્ર ૯ વર્ષ – ૫ માસ – ૧૬ દિવસ

ટાઈમ ઓફ જજમેન્ટ તારીખ ૨૨–૧૦–૭૯ સાંજના ૫–૦ 'સોમવાર સ્વામી ચંદ્ર, ચંદ્ર તુલા રાશિમાં સ્વામી શુક્ર, ચંદ્ર વિશાખા નક્ષત્રમાં સ્વામી ગુરુ, લગ્નરાશી મીન સ્વામી ગુરુ, લગ્નનક્ષત્ર ઉ.ભા. સ્વામી શનિ–શનિ ગુરુનો એજન્ટ રાહુ (શનિ તથા ગુરુ સાથે સિંહ રાશિમાં રાહુ છે.)

નક્ષત્ર પધ્ધતિમાં શાસક ગ્રહો (રૂલીંગ પ્લેનેટનું મહત્વ ઘણું જ હોય છે. જન્મના વારનો સ્વામી, જન્મનો ચંદ્ર જે નક્ષત્રમાં હોય તેનો સ્વામી, જન્મના ચંદ્રની રાશિનો સ્વામી, તથા જન્મ લગ્ન રાશિનો સ્વામી, જન્મ લગ્ન નક્ષત્રનો સ્વામી, જે આવે તે શાસક ગ્રહો અથવા રૂલીંગ પ્લ નક્ષત્રપધ્ધતિમાં અચળ સિધ્ધાંત છે. શાસક ગ્રહો દ્વારા જ ઘણી સફળતા મળી શકે છે. જ્યોતિષીની મુલાકાત લેવા ઈચ્છીત વ્યકિત મુલાકાત લઈ શકશે કે નહિ અથવા કયારે લઈ શકશે? તે સિધ્ધાંતને આધારે જ શોધી શકાય છે.



લગ્નયોગ છે ? સાતમા સ્થાનનો ઉપનક્ષત્રપતિ ૨–૭–૧૧ સ્થાનમાં રહેલ ગ્રહના રાશિપતિના ઉપનક્ષત્રમાં હોય અથવા સાતમા સ્થાનના ઉપનક્ષત્રપતિ નો નક્ષત્રપતિ ૨–૭–૧૧માં સ્થાનમાં રહેલ હોય કે તેનો સ્વામી હોય તો લગ્ન યોગ દર્શાવનાર યોગ બને છે.

ઉ.દા. ની કુંડલીમાં સાતમા સ્થાનનો ઉપનક્ષત્રપતિ ચંદ્ર છે. ચંદ્ર પોતે ચંદ્રના ઉપનક્ષત્રમાં અને આ ઉપનક્ષત્રપતિ પોતે પોતાના જ નક્ષત્રમાં છે તથા ચંદ્રની ૧૧મા સ્થાનમા રાશિ રહેલી છે તેથી લગ્ન યોગ થયેલ છે પતિ કે પત્નિની રાશિ જાણવા માટે સાતમા સ્થાનનો ઉપનક્ષત્રપતિ જે હોય તેની રાશિ તથા ત.ની સાથે નજીકના એક જ રાશિ અંશમાં રહેલ ગ્રહની રાશિ પતિ–પત્નિની રાશિ હોય છે આ સિધ્ધાંત ઘણીવાર સચોટ માલૂમ પડેલ છે અહિં ચંદ્ર સાતમા સ્થાનનો ઉપનક્ષત્રપતિ છે તેની નજીકના એકજ રાશિ અંશમાં સૂર્ય તથા શુક્ર છે તેથી કર્ક, સિંહ, વૃષભ, તુલા ચારમાંથી એક રાશિ પત્નિની હોવાનો વધુ સંભવ રહે ઉદાહરણની કુંડલીમાં જાતકના પત્નિી રાશિ સિંહ છે અનુભવથી આ સિધ્ધાંત ઘણોજ ઉપયોગી નીવડે તેમ છે.

૨–૭–૧૧ સ્થાન દ્વારા લગ્નયોગ જોવાય છે હવે કય સમયમાં લગ્ન થાય તે માટે નીચેનો નિયમ જયારે અમલમ આવે ત્યારે થાય.

(૧) સ્થાનમાં રહેલ ગ્રહ કે ગ્રહના નક્ષત્રમાં જે ગ્રહ કે ગ્રહ હોય તેના

(૨) સ્થાનમાં રહેલ ગ્રહ કે ગ્રહના.



Scanned with CamScanner

(૩) સ્થાનમાં રહેલ રાશિપતિના નક્ષત્રમાં જે ગ્રહ કે ગ્રહો હોય તેના.

(૪) સ્થાનમાં રહેલ રાશિપતિ જે હોય તેના.

(૫) ૧ થી ૪ સુધીમાં આવેલ ગ્રહ કે ગ્રહો જેની સાથે હોય તે ગ્રહ કે ગ્રહોના.

(૬) ૧ થી ૫ સુધીમાં આવેલ ગ્રહ કે ગ્રહો જે ગ્રહ કે ગ્રહો ઉપર દૃષ્ટિ કરતાં હોય તે ગ્રહ કે ગ્રહોના.

(૭) સ્થાન પર દૃષ્ટિ કરનાર ગ્રહ કે ગ્રહો જે હોય તેના ઉપનક્ષત્રમાં રહેલ ગ્રહ કે ગ્રહોની દશા ભુકિત અંતરમાં ફળ મળે.

પ્રબળ ફળ આપનાર ગ્રહો શોધવા માટે રૂલીંગ પ્લેનેટ જે આવેલ હોય તે પ્રબળ ફળ આપનાર બને છે.

ઉદાહરણનસ કુંડલીમાં રૂલીંગ ગ્રહો નીચે મુજબ આવે છે.

ચંદ્ર, શુક્ર, ગુરુ, શનિ, રાહુ(શનિ–ગુરુનો એજન્ટ) પાંચ ગ્રહોમાંથી કોઈ એક ગ્રહની દશા બીજા ગ્રહની ભુકિત અને ત્રીજા ગ્રહની અંતર દશામાં લગ્ન થાય.



## ધંધો રોજગાર મળવાનો સમય આ પધ્ધતિ વડે નકિક કરી શકાય છે.

અગાઉના લેખમાં સર્વિસ કે ધંધો કયારે ? નામનો લેખ પ્રગટ થયો. જયોતિષદીપના વાંચકો તરફથી ઘણા પત્રો મળ્યા. જ્યોતિષદીપના તંત્રીશ્રી સાથે વાચકો ચાહકોની માગણી મૂકી છે. જયોતિષદીપના ચાહકો દ્વારા કે. પી. પધ્ધતિ લેખશ્રેણી કાયમી વિભાગમાં આપવી તેવા તેમના દ્વારા સૂચનો થયા છે જેની જાણ તંત્રીશ્રીને કરી છે. આ લેખમાં ધંધો મળશે ? કયારે ? નામનો પ્રશ્નકુંડલી પરથી તૈયાર કરેલો લેખ છે. તેમાં ચોકકસ સમય જાણવાની ખાસ પધ્ધતિ પણ દર્શાવવામાં આવી છે.

નક્ષત્ર પધ્ધતિનો સિધ્ધાંત છે કે ગ્રહ પોતાના નક્ષત્રપતિનું ફળ આપે છે પરંતુ ગ્રહ પોતાના ઉપનક્ષત્રપતિ સાથે રહેલ, યુતિ કે દ્રષ્ટિયોગમાં હોય તેનું ફળ પ્રબળ પણે આપે છે આ અતિમહત્વનો સિધ્ધાંત છે. (સિગ્નિફીકેટર્સના ઉપનક્ષત્રમાં રહેલ ગ્રહ પ્રબળ ગણાય) હોરારી કુંડળીમાં એક ખાસ સગવડતા છે કે પ્રશ્ન નંબર લીધા પછી તે જ સમયે ગણિત કરી ઉતર આપવો એવું બંધન નથી. જે દિવસે અનુકુળતા હોય તે દિવસે ગણિત કરી ઉતર આપવાથી સચોટ આવે છે.પરંતુ એકી બેઠકે આ વિધિ કરવાની હોય છે. જે દિવસે ગણિત કરેલ હોય તે દિવસે જ ઉતર આપવો તેવું પણ બંધન નથી. ગણિત સંપૂર્ણ થયા પછી અનુકુળતાએ ઉતર આપવાથી પણ સચોટ ફળ મેળવી શકાય છે. આ લેખમાં તેની સમજ પણ મળશે.નંબર ૧૨૫ તા. ૨૫–૩–૭૯ ૨૨–૩૬ અક્ષાંશ ૭૦–૪૫ રેખાંશ

પ્રશ્ન સમય – ૧૪–૫૩



Scanned with CamScanner

ફળાદેશ સમય તા. ૨૫–૩–૭૯ ક. ૧૭–૩૦ મિ.

૧૨૫ નંબર = તુલા રાશિ મંગળનું નક્ષત્ર બુધનું ઉપનક્ષત્ર લગ્નમાં ઉદય થાય તેવી કુંડલી.

| ભાવ | રાશિ | અંશ | કલા | વિકલા | નક્ષત્ર | ઉપનક્ષત્ર |
|---|---|---|---|---|---|---|
| (૧) | ૬– | ૦– | ૦– | ૦– | મંગળ | બુધ |
| (૨) | ૬– | ૨૯– | ૧૫– | ૦– | ગુરુ | સૂર્ય |
| (૩) | ૭– | ૨૯– | ૧૫– | ૦– | બુધ | શનિ |
| (૪) | ૯– | ૦– | ૧૫– | ૦– | સૂર્ય | રાહુ |
| (૫) | ૧૦– | ૦૧– | ૧૫– | ૦– | મંગળ | બુધ |
| (૬) | ૧૧– | ૦૨– | ૧૫– | ૦– | ગુરુ | રાહુ |
| (૭) | ૦– | ૦– | ૦– | ૦– | કેતુ | કેતુ |
| (૮) | ૦– | ૨૯– | ૧૫– | ૦– | સૂર્ય | રાહુ |
| (૯) | ૧– | ૨૯– | ૧૫– | ૦– | મંગળ | શનિ |
| (૧૦) | ૩– | ૦– | ૧૫– | ૦– | ગુરુ | ચંદ્ર |
| (૧૧) | ૪– | ૧૧– | ૧૫– | ૦– | કેતુ | શુક્ર |
| (૧૨) | ૫– | ૨– | ૧૫– | ૦– | સૂર્ય | ગુરુ |

સ્પષ્ટ ગ્રહો

| | | | |
|---|---|---|---|
| સૂર્ય | ૧૧–૧૦–૩૩–૫૭ | શનિ | સૂર્ય |
| ચંદ્ર | ૧૦–૨–૫૫–૨૫ | મંગળ | શુક્ર |
| મંગળ | ૧૦–૨૬–૩૨–૨૨ | ગુરુ | કેતુ |
| બુધ | ૧૧–૦૯–૦૩–૧૭ | શનિ | શુક્ર |
| ગુરુ | ૩–૦૫–૨૬–૦૦ | શનિ | શનિ |
| શુક્ર | ૧૦–૦૧–૫૮–૦૯ | મંગળ | કેતુ |
| શનિ | ૪–૧૫–૧૦–૨૬ | શુક્ર | શુક્ર |
| રાહુ | ૪–૨૩–૧૪–૫૦ | શુક્ર | શનિ |
| કેતુ | ૧૦–૨૩–૧૪–૫૦ | ગુરુ | શનિ |



એજન્ટ પ્રતિનિધિ ગ્રહો

રાહુ^ શ સૂ

કેતુ^ શ – મં – ચં – શુ.

(ટાઈમ ઓફ જજમેન્ટ) ફળાદેશ સમયના શાસક (રૂલીંગ પ્લેનેટ) ગ્રહો.

વાર–રવિ, ચંદ્ર રાશિ કુંભ, સ્વામી શનિ, ચંદ્ર નક્ષત્રપતિ મંગળ, લગ્ન રાશિ સિંહ, સ્વામી સૂર્ય, લગ્ન નક્ષત્રપતિ શુક્ર, આમ શાસક ગ્રહો સૂર્ય, શનિ, મંગળ, શુક્ર થયા. સૂર્ય–શનિનો રાહુ પ્રતિનિધિ છે જે પ્રથમ ફળદર્શક ગણાય.

ધંધો–રોજગાર મળશે? ક્યારે ?

દશમા સ્થાનનો ઉપનક્ષત્રપતિ ચંદ્ર છે. ચંદ્ર મંગળના નક્ષત્રમાં અને શુક્રના ઉપનક્ષત્રમાં છે. તેથી ચંદ્ર ૧–૨–૫–૭–૮–૧૧ સ્થાનનું ફળ આપનાર બને. આમ ધંધા માટે ૨–૭–૧૦ સ્થાન સાથે દશમા સ્થાનનો ઉપનક્ષત્રપતિ કેતુ શનિના માલિક તથા કેતુ દ્વારા જોવાયેલ છે. જેથી સાતમા સ્થાનની તાકાત વધી ગઈ તેથી નકિક થયું કે જાતક ધંધામાં વધુ રસ ધરાવનાર બને. ચંદ્ર ૧૦માસ્થાનનો માલિક ૭મા સ્થાનના માલિકના (મંગળ) ના નક્ષત્રમાં ૨ સ્થાનના માલિકના (શુક્રના) ઉપનક્ષત્રમાં છે. જેથી આ જાતકનો ધંધાકીય પ્રશ્ન હોય તેવું પણ ફલીત થાય



Scanned with CamScanner

છે. સરળતાથી જોવું હોય તો શાસક ગ્રહો જે આવેલ હોય તે પ્રશ્ન કુંડલીમાં જરૂરી સ્થાનનું ફળ આપનાર હોય તો વધુ માથાકૂટ કરવી નહિ. શાસક ગ્રહો એટલે કે રૂલીગ પ્લેનેટ. રાહુ–મંગળ –શુક્ર ગણાય. રાહુ શનિ–સૂર્યનો પ્રતિનિધિ હોવાથી તે પ્રથમ આવે. મંગળ કેતુના ઉપનક્ષત્રમાં છે. તેથી મંગળ ૫–૬–૧૦ સ્થાનનું પ્રબળ ફળ આપે છે. શુક્ર પણ મંગળ મુજબ ૫–૬–૧૦ સ્થાનનું પ્રબળ ફળ આપે છે. રાહુ–શનિના ઉપનક્ષત્રમાં અને શનિ શુક્રના નક્ષત્રમાં છે. તેથી રાહુ પોતે ૧–૨–૫–૪–૯, ૧૧ સ્થાનનું પ્રબળ ફળ આપે છે.રાહ, સૂર્યનો પ્રતિનિધિ હોવાથી ૪–૫–૬–૧૧ સ્થાનનું ફળ પણ આપે છે. શનિનો પ્રતિનિધિ રાહુ છે તેથી તે ૧–૨–૫–૯ સ્થાનનું ફળ પણ આપે. આમ મંગળ, શુક્ર, રાહુ ૨–૬–૧૦ સ્થાનનું પ્રબળ ફળ આપે. મંગળ –શુક્રનો ઉપનક્ષત્રપતિ કેતુ સાતમા સ્થનના માલિક મંગળ સાથે હોવાથી મંગળ–શુક્ર ૭મા સ્થાનનું ફળ પણ આપે છે. અહી એક નિયમ ખાસ મહત્વનો છે કે ગ્રહ પોતાના ઉપનક્ષત્રપતિનું, ઉપનક્ષત્રના નક્ષત્રપતિનું, ઉપનક્ષત્રપતિ જે ગ્રહ સાથે, યુતિમાં, કે (જોવાયેલ) જે ગ્રહથી દ્રષ્ટ હોય તે દરેક ગ્રહ જે જે સ્થાનનું ફળ આપતાં હોય તે ફળ ઉપનક્ષત્રપતિમાં રહેલ ગ્રહ આપે છે. ઉદાહરણમાં–મંગળ–શુક્ર કેતુના ઉપનક્ષત્રમાં છે. મંગળ–શુક્ર સાથે ઉપનક્ષત્રપતિ કેતુ છે તથા શનિ–રાહુથી જોવાયેલ છે તેથીમંગળ ૫–૬–૧૦–૭ ૮–૧–૨ સ્થાનનું તથા શુક્ર પણ ૧–૨–૫–૬–૭–૮–૧૦ સ્થાનનું ફળ આપશે. આ મુજબ ઉપનક્ષત્રપતિ ફળ આપે છે તે પ્રમાણે મંગળ

શુક્ર–રાહુ ૨–૬–૭–૧૦ સ્થાનનું ફળ પ્રબળપણે આપે છે.

તારીખ ૨૫–૩–૧૯૭૯



મંગળ દશા—શુક્ર ભક્તિ—શુક્ર

૩ અંતર સિલીક બાકી

૨૮–૩–૧૯૭૯ મંગળમાં શુક્રમાં સૂર્ય તથા ચંદ્ર અંતર

૨૬–૧

૨૪–૫–૧૯૭૯ મંગળમાં શુક્રમાં મંગળ અંતર

૨૪

૧૮–૬–૧૯૭૯ મંગળમાં શુક્રમાં રાહુ અંતર

૩–૨

૨૧–૮–૧૯૭૯

તારીખ ૧૮–૬–૧૯૭૯ થી ૨૧–૮–૧૯૭૯ સુધીમાં ધંધાની શરૂઆત થવાના પ્રબળ યોગો છે. માતાજીની કૃપાથી આ પ્રમાણે ફલાદેશ તા. ૧૩–૮–૧૯૭૯ના રોજ ધંધાની શરૂઆત થવાથી સત્ય નીવડેલ છે. કોઈ પણ કુંડળીમાં નક્ષત્રપતિ કરતાં ઉપનક્ષત્રપતિનું વિશેષ મહત્વ હોય છે. નક્ષત્રપતિ જે બાબતનો જે સ્થાનનો નિર્દેશક ન હોય તો ઉપનક્ષત્રપતિ જે સ્થાનનો નિર્દેશક હોય તે સ્થાનનું પ્રથમ ફળ જાતકને મળે છે. કોઈ પણ કુંડલીમાં ઉપનક્ષત્રપતિનું વિશેષ મહત્વ છે. 'ઉપનક્ષત્રપતિનું મહત્વ' નામનો હવે પછી લેખ પ્રસિધ્ધ કરીશ જેમાં નક્ષત્રપતિ કરતાં ઉપનક્ષત્રપતિ વધુ અસરકારક ફળ આપે છે તેવું પ્રતિપાદન થશે જ. જયો. દીપના ચાહકો અને વાચકોને આ 'રોજગાર કયારે ?' નામનો લેખ ગમશે. તેવી આશા સાથે વિરમું છું.



Scanned with CamScanner

# ગ્રહનું નક્ષત્રફળ

## સૂર્ય

કોઈ પણ ગ્રહ જ્યારે કાર્તિક, ઉતરાફાલ્ગુન, ઉતરાષા નક્ષત્રમાં હોય ત્યારે તે સુર્યની રાશીની માલીકી અને તેજે ભાગમાં પડેલો હોય તેનું ફળ આપશે.

૧. સુર્ય લગ્નેશ હોય ત્યારે અથવા પ્રથમ ભાવમાં પડેલો હોય ત્યારે ઉદાર, દ્રઢનિશ્વિયી, નિખાલસ, મોભો, ભવ્યતા, સ્વતંત્ર, આશાવાદી, ઉત્સાહી , સારો બાંધો, સંતોષકારક છુટછાટ, સફળ પ્રયત્નો, ઓફીસર સાથે સારા સંબંધો, બઢતી, સારી શાંત જીંદગી, દષ્ટિમાં ખામી, બડાઈખોર.

૨. વારસો, પોતાના ઉદ્યોગ અથવા સરકાર મારફત લાભ અથવા ઉચ્ચ જવાબદાર પદવી મારફત લાભ, મોટા મનનો, ઉદાર, સામાજીક, રમત અને આનંદનો શોખીન, જો પીડીત હોય તો આર્થિક નુકશાન, અનીતિમય જીવન, ખરાબ વાતો, ઉડાઉ મનસ્વી ખર્ચાઓ.

૩. સન્માનીય, બહાદૂર, હિંમતવાન, સગાસબંધીથી લાભ, સારી સમજદારી, પાડોશી સાથે એજન્સીમાં સફળતા, ધંધા માટે સારો, રચનાત્મક, દુશ્મનો પર વિજય, સારી તંદુરસ્તી, કિર્તી અને માન, જો પાપ ગ્રહથી પીડીત હોય તો મુશ્કેલી, ચિંતા નનામી અરજીઓ, ખોટા રીપોર્ટ, અડચણો.

૪. મહત્વકાંક્ષા સફળ થાય. મિલ્કત ખરીદી, જમીન અથવા જાગીરથી લાભ, મિલ્કતનો વારસો, પીડીત હોય તો વિઘ્નો, અડચણો અને મુશ્કેલીઓ વૃધ્ધાવસ્થામાં આવે. બ્લડપ્રેશર, મિલ્કતનો વ્યય, ધરગથ્થુ અનિચછનીય સ્થિતિ.



૫. કલ્પના, સટા વગેરેથી લાભ, બાળકો, મનોરંજન સીનેમાંથી લાભ, પુત્ર જન્મ સમયે તકલીફ, જંગલીના પ્રદેશોની મુસાફરી કરે. આંતરડાની તકલીફ, જો પીડીત હોય તો નુકશાન રાજ્ય દરબારીમાં કામકાજમાં હરીફાઈ, પ્રેમ સંબધોથી મુશ્કેલી, બાળકોથી તકલીફ.

૬. તંદુરસ્તી માટે સારે નથી. નબળાઈવાળો બાંધો, નોકરી થી લાભ, પ્રમોશન, રસાયણ શાસ્ત્ર, દવા, હોસ્પીટલ, હર્ટની તકલીફ, ઈન્દ્રીઓને લગતી તકલીફ, બૃધ્ધિશાળી, હિંમતવાન, શત્રુપર વિજય, મોટું કુટુંબ, પોતાના માટે માન ધરાવનાર.

૭. લગ્ન પછી સફળતા, ઉદાર, દ્રઢનિશ્વયી, કાયમી પ્રીતિ, લોકપ્રિય, દાવાનો પોતાના નિર્ણયથી નીસલ સમજુતિ, ધંધામાં ભાગીદારીથી લાભ, જો પીડીત હોય તો નીતિ ચૂકે છે. મોડા લગ્ન કહયાગરો, મુસાફરીઓ બન્નેનું ચારીત્રય શંકાસપદ, શુભદષ્ટિ નીતીવાન, સદગુણી બે પત્નિ, પાર્ટનરને માંદગી, ગુપ્તભાગના રોગો, ખામીવાળી દષ્ટિ, ઓફીસરોથી અસુખ.

૮. લગ્ન પછી વધારે સારું નસીબ, પાર્ટનરશીતથી લાભ, વિરતા ભરેલા કાર્યથી અથવા શહીદી થી મૃત્યુ, શકિતમાં વધારો, લાંબી જીંદગી, ઓછા બાળક. જો પીડીત હોય તો નબળું શરીર, ખામીવાળી દષ્ટિ, કરકસરીયો, હિંસાત્મક અંત, સ્ત્રીના ચાર્ટમાં પતિ પ્રથમ મૃત્યુ પામે છે. સંપતિનો વ્યય, અનીતિમય સંબંધો, કાવાદાવા અને ગરીબી.

૯. ધાર્મિક, કાયદાના ડીપાર્ટમેન્ટ અને મોલેજના સંબંધ મુસાફરીથી લાભ, સંશોધનની ઈચ્છા દરિયા પારના દેશોમ સફળતા, સહદયી, ધાર્મિક માન્યતામાં દ્રઢ, આત્મ વિશ્વાસ લોકપ્રિયતામાં વધારો, પ્રશંશનીય કાર્ય કરે છે. પ્રયત્નોમાં સફ તા મોટા ભાગની પ્રોપર્ટી પોતે મેળવી હોય છે.



Scanned with CamScanner

૧૦. આવકમાં વધારો, માન સન્માન મોભામાં વધારો, સત્તા મળે, સ્વતંત્ર, ભવ્ય વારસો, ધંધામાં ઘણો, બીઝનેશમાં ઘણો સ્થિર વધારે ધંધો, પ્રમોશન, સારું સામર્થ્ય, ઝવેરાતની માલીકી, કુનેહબાજ, કળા અને સંગીતનો શોખ નાના સમાજ અથવા ગામનો વડો, રાજકીય જીવનમાં સફળતા.

૧૧. મહત્વાકાંક્ષી, ઈચ્છાઓ પૂર્ણ થાય. માનનીય, વફાદાર, પ્રમાણીક, સતાધારી માણસો સાથે સંપર્ક, ઉત્સાહી, કાયમી મિત્રો, સામાજીક સફળતા, સારો બીઝનેસ, ઘણા વાહનો, સીધ્ધાંતવાદી, રાજકારણી સાથે ન ફાવે.

૧૨. દવા, રસાયણ, ગૂઢ ગહન વીષયોમાં સફળતા, હોસ્પીટલ, જેલ, સેનેટોરીયમ સાથે સંકળાયેલ, એકાંતપ્રિય જીવન પસંદ કરે છે. પોતે શહીઅ થાય છે. જો પીડીત હોય તો ગરીબી, માતા પિતા સાથે તકરાર, પુત્રોને ભય, પરદેશમાં નુકશાન, અપ્રમાણીક ડોળઘાલું.

## ચંદ્ર

રોહિણી, હસ્ત, શ્રવણ માં કોઈ પણ ગ્રહ હોય તો ચંદ્રની માલીકી અને જ્યાં પડેલો હોય તેનું ફળ આપે.

(૧) નબળો બાંધો, અપચો micturition માં રોગ, કાનમાં ખામી, ઘણાં ભાઈ–બહેન, ચિંતા, અસ્થિર, કાયમ ફેરફાર કરે છે. રચનાત્મક વિચાર, ધંધામાં લાભ, સુખી ગૃહ જીવન, સારા સ્વપ્ન. જો પીડીત હોય તો માસીક રોગ, પ્રવાહીથી ભય.

(૨) આવકાં વધારો ઘણો નફો, સુખી સેકસ લાઈફ, પરીવર્તનશીલ ચંચળ, દેખાવડો, બુધ્ધિશાળી, અભ્યાસમાં ભંગાણ, બધાથી માન, સુંદર સ્પીચ, માતા, લેડીઝ વગેરેથી લાભ.



(૩) લોકપ્રિય, ઘણી બહેનો, સારી તબીયત, જો પીડીત હોય તો અપચો, સારો અભ્યાસ, બહાદુર, મગજ સતત જાગૃત અને રોકાયેલું, મુસાફરીનો શોખ, નવા સંજોગોમાં ફેરબદલી, સામાજીક જીવન.

(૪) માતા–પિતાથી લાભ, સુખી ઘરગથ્થુ જીવન, વારસો, લોકપ્રિય, ઘરની ફેરબદલી, વધારે સ્વચ્છંદી, ભીની જમીનથી લાભ, બીલ્ડીંગોની માલીકી, વાહનો વગેરે . જો પીડીત હોય તો નિરાશા, મુશ્કેલીઓ, ચોરી, છેતરપીંડી, ખર્ચાળ, માતા પિતા નો વ્યય, મૂંઝવણો.

(૫) આનંદનો શોખીન, બાળકોના સમાજમાં જીવન માણે છે. કલ્પનાશીલ મગજ, સંગીત નાટક, સ્વીમીંગ પૂલ વગેરેનો શોખ. સુંદર પતિન અભ્યાસને અસર કરે છે. ઘણી પુત્રીનો જન્મ સારો સલાહકાર, સમજદારી ભરેલા નિર્ણયો, પરીવર્તનશીલ લાગણીઓ, અસ્થીર.

(૬) નબળી તંદુરસ્તી, ચેપીરોગો ઝડપી અસર કરે. આળસુ, કહયાગરો, મરડાની તકલીફ, ગેસટ્રબલ, ઝાડા, આર્થિક નુકશાન, બેંકનું દબાણ, માતા સાથે ગેર સમજ, વિધવા પ્રેમ, નાની ચોરીની ટેવ, નોકરીમાં ફેરફાર, દગો, કપટ, પાળેલા પ્રાણી મરઘાં બતકા થી નુકશાન.

(૭) પાર્ટનરને ફેરફારો પરીવર્તન અને મુસાફરીનો શોખ, અસ્થિર સ્વભાવ, જાહેર કામોમાં રોકાયેલો, વહેલા લગ્ન, બીજી સ્ત્રીઓનો શોખ, બે પત્નિ, સંકુચિત વિચારો, ઈર્ષ્યાળુ, ટુંકી મુસાફરી, હનીમુન.



Scanned with CamScanner

(૮) માતા માટે ડેન્જર, દુન્યવી લોકો સાથે વિસંવાદ, કમેળ, બીન તંદુરસ્તીપ આરામનો અભાવ, માનસીક પીડા, સ્ત્રીઓથી નુકશાન, ગુપ્તરોગ, નફાકારક વ્યવહારો, દેવા બદલ માલ મેળવે છે. પાતળું શરીર, ખામી વાળી નજર અને ટુંકી જીદગી.

(૯) પ્રશંસા પાત્ર કાર્યો કરે છે., પ્રયત્નોમાં સફળતા લોકપ્રિય બને. બુધ્ધિશાળી, મંદિરો અને પરોપકારી સંસ્થા સ્થાપે છે. ઝવેરાત જમીન મેળવે. સંપતિવાન બને, લાંબી દૂરની મુસાફરી કરે છે. પરદેશમાં જીવન, રોમાન્ટીક અને બીજી અદભૂત કલ્પનાશીલ વિચાર આત્મા સંબંધી અનુભવ.

(૧૦) જાહેર જીવન, બીઝનેસમાં ફેરફારઘ અસ્થિર, લોકપ્રિય બને, વારસામાં વધારો, દેશ વિદેશની મૂસાફરીઓ, પરોપકારી, વિધવાને ચાહે, લાબું જીવન, વડીલોને માન આપે.

(૧૧) ઘણાં મિત્રો, મોટા ભાગે ભરોસાપાત્ર પરંતું થાડાક જ કાયમી હોય, સામાજીક જીવનથી લાભ, પોલીટીકસ, મહત્વાકાંક્ષા પૂરી થાય. ભાગ્યશાળી બાળકો, ઘણો જાગૃત, ઘણો જાણકાર ખેતીથી લાભ સિધ્ધાંત વાંદી.

(૧૨) ગુઢ ગહન વિષયોનો શોખીન, રોમાન્સ, અવિચારી પ્રેમ સંબંધો, હોસ્પીટલ અને છુટી છવાઈ પોઝીશનથી લાભ, લાંબી મુસાફરી, કુખ્યાતી, આર્થીકવ્યય, ખામી વાળી ઈન્દ્રીયો, નીચ વર્તન.

## મંગળ

મૃગશીરા, ચિત્રા, ઘનિષ્ઠા મંગળના નક્ષત્રમાં રહેલ ગ્રહો મંગળ કુંડલીમાં જે ભાવનો માલીક હોય તેનું ફળ આપે. મંગળની લોર્ડશીપ અને ઓકયુપેશન પ્રમાણે ફેરફારો કરો.



(૧) મહત્વાકાંક્ષી, ઉત્સાહી ઈચ્છાઓ, હકારાત્મક વલણ, બહાદૂર, નિર્દય, ક્રુર, સાહસીક, ઉતાવળો, દુષ્ટ, પાપી, દાઝવાના અથવા જખમના માથા પર નિશાન, નાની ચોરીની ટેવ, માન ધરાવે છે. વડીલો માટે ભયરૂપ, ભટકતો, રચનાત્મક અને વિનાશત્મક બન્ને.

(૨) ક્રોધી, ખર્ચાળ, આવકમાં વધારો સમાન ખર્ચો, અભ્યાસને અસરકરે, દૂષ્ટ માણસો સાથે ભળે. પાર્ટનરને ડેન્જર, લોખંડ, સ્ટીલ, લાકડું, કે મીકલ્સ વગેરેથી લાભ, ચતુરાઈ, પ્રમોશન.

(૩) ઘણોજ બહાદુર, હિંમત વાન ભાઈઓને ભય, સંપતિ વધારો, સાહસોમાં સફળતા, શત્રુપર જય, વ્યભીચારી, ગાનારીનો શોખીન, મુસાફરી દરમ્યાન ભય. જો પીડીત હોય તો આત્મ હત્યાનો વિચારો.

(૪) સંપતિનો વ્યય, માતાની તંદુરસ્તી માટે ખરાબ, છાતીમાં દુખાવો, મુસાફરી દરમ્યાન ભય, માતા પીતા ને ભય, કુટુંબમાં વિવાદ, સ્ત્રીઓ સાથે ક્રુર અને બીભત્સ, આગ અને ચોરી થી નુકશાન મીલ્કતમાં દાવા.

(૫) ડીલીવરી દરમ્યાન શસ્ત્રક્રીયા, સારો રમતવીર કસરત બાજ, ઉતાવળો અવીચરી, વિરુધ્ધ સેકસનું આકર્ષણ, વધારે સ્વચ્છંદી, પ્રથમ બાળકને ઈજાનો ભય, સટા–શરતમાં વ્યય, બાળકો સાથે વિવાદ અણબનાવ, સરકારી તકલીફ, ગુનાખોર પ્રવૃતિઓ બદમાશી.

(૬) શ્રીમંત, પુસ્કળ જમીનો, રાજકીય જીવન, સફળતા શત્રુ પર વિજય, કાકા તંદુરસ્ત નહિં, કાર્યશીલ, બેદરકાર, ફુગાવો અથવા ઈજા, પ્રાણી અને મરઘા બતકાંથી નુકશાન.



Scanned with CamScanner

(૭) બીમાર પત્નિ, હરસ, ઘણા ભાઈઓ, બુધ્ધિશાળી સ્ત્રીઓ સાથે તકરાર, ખરાબ મિત્રો, લાંબી મુસાફરી. જો પીડીત હોય તો પાર્ટનરનું મૃત્યું, પ્રેમમાં ઉધ્ધત જુસ્સા દાવાથી નુકશાન, ધંધામા હરીફાઈ.

(૮) ખામીવાળી દષ્ટિ, ટુંકુંજીવન, નાચવાગાવા વાળી પ્રત્યે પ્રેમ પાર્ટનરને વ્યય, ફાધરને ભય, સંકટ દુઃખ, અસુખી, પાર્ટનર ખર્ચાળ, ચોરી અને આગથી નુકશાન.

(૯) ખેતીમાં નુકશાન, ક્રોધી પિતા, રોગી, આંતરરાષ્ટ્રિય વેપાર, નિકાસ, સતા અને ઈજ્જતમાં વધારો, બહારની જગ્યાઓમાં હિંસાથી ભય નિરાશા જનક દુઃખી સ્વપ્નાં, ઝનુની, જુના ધાર્મિક વિચારોને માનતો નથી, સાહસીક

(૧૦) લાગણીવશ, બુધ્ધિ મંત, સ્વતંત્ર, યોગ્ય હિંમતવાન, ધંધાથી લાભ, પ્રમોશન, સેલ્સમેન, ઔધોગિક, મહેનતું, સમાજનો વડો અથવા કોલોની કે નગરનો વડો.ખેતીમાં પૈસા બનાવે છે. પોતાની જમીન જાગીર

(૧૧) ખેતીવાડીથી લાભ, આવકમાં વધારો, બઢતી, આબાદી, પ્રગતિ, લોકપ્રિયતા, સારા મોટા ભાઈઓ, જાતે આગળ વધેલો, મિલ્કતનો માલીક, ઓછા પરંતુ વિશ્વાસુ મિત્રો.

(૧૨) ભય, ઈજા, કપટી, બદનામી, જેલની મુલાકાત લે છે. કેદ, છેતરનારો, સાથીદારનો વ્યય, મુશ્કેલી, નબળી આંખો.

## બુધ

આશ્લેષા, જયેષ્ઠા, રેવતી આ બુધના નક્ષત્રમાં રહેલ ગ્રહ બુધ જે ભાવની માલીકી ધરાવતા હોય અને જે ભાવમાં પોતે રહેલો હોય તેનું ફળ આપશે.



(૧) સારી ભાષા, વિદ્વાન, જાણકાર, જાદુ શીખે છે. ખગોળ શાસ્ત્ર, જયોતિષ શાસ્ત્ર, ગણિત, એન્જીનીયરીંગ વગેરે. અભ્યાસી ટેવો, પરિવર્તન શીલ, કળાકાર, સ્થિતિ સ્થાપક, મુસાફરીઓ ઉત્પાદક વિચારો.

(૨) શિક્ષણથી લાભ, લખાણ અથવા કમીશનથી ફાયદો, એડવર્ટાઈઝીંગ, સ્ટેશનરી, બુકસ, પ્રેસ, ઘણા બાળકો, મિલ્કત મેળવે. સુખી સંગ્રાહક અનાજનો.

(૩) ઘણી ટુંકી મુસાફરીઓ, વિશાળ દષ્ટિકોણ, વાંચન અને ભણાવવાનો શોખ, ચિંતાતુર, માનસિક વિકાસ, ઘણા ભાઈઓ, નબળું શરીર, કપટ

(૪) શિક્ષણ માટે સારો, મજબુત બાંધો, તંદુરસ્તી, આનંદી માતા, નવામિત્રો, સુખી ગૃહ જીવન, પરંતુ રહેઠાણની ફેરબદલી, અનિર્ણાયક રહેઠાણ, જમીન, ખાણ, એસ્ટેટ ન્યુઝ પેપર, લાયબ્રેરી, રજીસ્ટ્રાર ઓફિસ વગેરેથી લાભ, બુધ્ધિશાળ | માતા હંમેશા કાર બદલાવે છે.

(૫) શારીરીક કરતા માનસીક આનંદ વધારે, કોઈપણ કારણે ચિંતા, ઉપાધી, પ્રધાન અથવા સલાહકાર, બુધ્ધિશાળી સંતાનો, પ્રયત્નમાં સફળતા.

(૬) નાના ઝગડાઓ, લેબર ટ્રબલ, આરોગ્યશાસ્ત્ર, કેમેસ્ટ્રી, મેડીસીન નો અભ્યાસુ, કાર્યશીલ મગજ વધારે પડતું કાર્ય, નવર્સ બ્રેકડાઉન, આપઘાતી વિચારો, હોજરીમાં તકલીફ, મામા સાથે મતભેદો, દાવાદુવીથી આર્થિક વ્યય, અભ્યાસમાં અડચણ આંગળ |ના ઉપલા ભાગમાં રોગ



Scanned with CamScanner

(૭) અસ્થિર લગ્નજીવન, જીવનસાથી વધારે બુધ્ધિશાળી, હોશિયાર, નાનો જીવનસાથી કદાચ સર્વિસમાં હોય વિજ્ઞાપન જાહેરાતથી લગ્ન જો પીડીત હોય તો દાવાદુવી અને કાયદાકીય તકરારો જીવન શકિતનો વ્યય, ભભકાદાર, સુખી માતા ઘણા વાહનો, વ્યભીચારી.

(૮) અડચણો, મુશ્કેલીઓ, પાર્ટનસની સાથે કાદાકીય ઝગડા, પાડોશી સાથે ગેરસમજો, દફનક્રિયામાં હાજરી માટે મુસાફરી, નર્વસ બ્રેકડાઉન, પેરેલીસીસ લાંબી જીદગી, ઓછાં બાળકો, વધુ સંપતિ, લોકપ્રિય, સગાંસંબંધીને મદદ રૂપ.

(૯) અભ્યાસુ, ઉચ્ચ અભ્યાસ, લાંબી મુસાફરીમાં સફળતા, પરદેશમાં જીવન, અચોકકસ, ઉચ્ચ પદવી, પબ્લીકનું માન મેળ વનારો, ભાગ્યશાળી પિતા સંગીત શીખે છે.

(૧૦) બીઝનેસમાં સફળતા, પ્રમોશન, વધારાનો ચાર્જ, જાહેરજીવન, નવલકથાકાર, ટીચર, રીપોર્ટર, ઈલેકટ્રીશીયન, રેલ્વે, પૂરાત્વવિદ, સંશોધન, પ્રમોશન, સુંદર ઘર અને વાહન ધરાવે છે. અભ્યાસમાં સફળતા.

(૧૧) ઘણી મિલ્કતનો માલીક બને, સંપતિમાં વધારો, આબીદી, ઉદાર, પરોપકારી, માનને પાત્ર, ઘણી ઓળખાણો, ફકત થોડા કાયમી મિત્રો, યુવાનો સાથે સંકળાયેલ, ગણિત શાસ્ત્ર અને જ્યોતિષ વિદ્યા માટે સારો.

(૧૨) વ્યભીચારી, માતા અને કાકા માટે ભય, ઓછા સંતાનો, આળસુ, ગરીબાઈ, ગુપ્ત કળાઓ ગહન, વિષયોનો શોખીન, અયોગ્ય વિચારો, થોડા નાના ઝગડાઓ, ચિંતા છળ કપટ.



## ગુરૂ

પુનર્વસુ, વિશાખા અને પૂર્વાભાદ્રપદા આ ગુરૂના નક્ષત્રમાં રહેલો કોઈપણ ગ્રહ ગુરૂ જે ભાવનો માલીક હોય અને પોતે જયાં રહેલો હોય તેનું ફળ આપે.

(૧) મજબુત બાંધો, સારી તંદુરસ્તી, સંતોષકારક આર્થિક પરિસ્થિતિ, દૈવી મદદ, બાળકોનો જન્મ, ખ્યાતિ, કારકીર્દીમાં વિકાસ, વૃધ્ધિ, સારો અભ્યાસ, વ્યાકરણ, રાજકારણી, લાબુંજીવન, કદાવર શરીર, આશાવાદી, આનંદી, પ્રમાણીક, સાચો, બેંકર, ફીઝીશ્યન, જજ, વકીલ, ટીચર, ઈશ્વરજ્ઞાની, કેશીયર, જો પીડીત હોય તો કેન્સર ની ટ્રબલ લોહી બગાડ, અતિશય કદમાં વધારો, Plephorea. (રોગ)

(૨) સફળ કારકીર્દી, આવકમાં વધારો, આબાદી, ધંધા માટે સારો, લાગવગમાં વધારો, ઉદાર, પરોપકારી, અસરકારક, બેંકીંગ ધર્મ, શિક્ષણ વીમો વગેરેથી લાભ.

(૩) તત્વજ્ઞાની, સહાનુભૂતિ ધરાવે, વિવેકીનમ્ર, ઘણાભાઈઓ, પોતાનો હેતુસિધ્ધ કરવા દરેક અપ્રમાણીક રીતભાત અપનાવે, ખરાબ વ્યસનો, વિરુધ્ધ જાતિની સોબત ગમે, ત્રીજા ભાવની લગતી બાબતોથી લાભ, વિજ્ઞાપન–જાહેરાત વગેરે

(૪) સુખી ગૃહજીવન, માતા પિતાથી લાભ, સફળ જમીન જાગીર, મકાનોની માલીકી, વાહનો પશુઓ વગેરે નસીબદાર માતા, અભ્યાસમાં સફળતા, સુખી અંત.

(૫) સારા સંતાન, સ્નેહ સંબંધોથી લાભ, આનંદી જીવન. મનોરંજન સીનેમા નાટકનો શોખ, શરત સટાથી લાભ, હોલસેલ વેપારી સામાજીક સફળતા, રાજકીય કેરીયર, સારો સલાહકાર.



Scanned with CamScanner

(૬) તંદુરસ્તીની જાળવણી, જો માંદગી આવે તો સારી સારવાર મળે, દરેક પ્રકારે આરામ–સુવિધા મળે, અને માંદગીના સમય દરમ્યાન લાભ થાય. (કોઈ પૂછેકે એક વ્યક્તિ માંદી હોય ત્યારે તેને આર્થિક લાભ મળવો કઈ રીતે શક્ય બને? મારો એક મિત્ર બીમાર પડેલ તેને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો પીરયડ હતો જ્યુપીટર છઠે પડેલો તેના નક્ષત્રમાં જે ગ્રહ હતો તેનો. આ પીરીયડ દરમ્યાન તેને એક વિદેશી સાથે મિત્રતા થઈ. પછીની તારીખમાં આ મિત્રને ધંધા માટે વિદેશી સહયોગ અપાવવાનું તે મિત્રને લીધે શક્ય બન્યું. આ રીતે છઠે પડેલો જ્યુપીટરના નક્ષત્રમાં પડેલો ગ્રહ વ્યક્તિને લાભ અપાવે છે.) ચુંટણીમાં વિજય, વ્યભીચારી, અપચાની તકલીફ.

(૭) જીવન સાથી સાચો અને સારી વર્તુણક વાળો, ઉદાર, સંપતિમાં વધારો, ઘણો શ્રીમંત થાય. ખ્યાતિ, ખેતી વિષયક કાર્યમાં સફળતા, પાર્ટનરથી લાભ, સારો બીઝનેસ, દાવાદુવી માં જીત.

(૮) મિલ્કતનું નુંકશાન, ગુપ્ત કાર્યો, સંકુચિત દષ્ટિકોણ, પીવાનો શોખ, જાહેર નાણાંનો દુરૂપયોગ કરતાં કયારે અચકાય નહી. પ્રમાણીક અને ઉદાર હોવાનો ઢોંગી, લગ્ન પછી પ્રગતિ આબાદી, વારસાથી લાભ, બીજાના નાણાંનો છુટથી ઉપયોગ કરે.

(૯) પ્રસિધ્ધિ, ધાર્મિક, કાયદાને માન આપનારો, સાચી આંતર પ્રેરણા, સ્પષ્ટ વિચારો, જીવમાત્ર પ્રત્યે દયાળુ, મુસાફરી માટે સારો, આશાવાદી, તાર્કિક, પિતાને ભાગ્ય, વિદેશીઓ સાથે સંબંધ, સારો સલાહકાર, ઘણાં બાળકો.



(૧૦) ઉમદા જન્મ, આશાવાદી, લાગવગ ધરાવે, સારો ધંધો, રાજકીય જીવન, રમતવીર, યોગ્ય સમયે પ્રમોશન મળી જાય. ઉચ્ચ અફસરો સાથે સારા સંબંધો, સામાજીક આર્થિક સફળતા, પ્રશંશાપાત્ર કાર્યો કરે, વાહનો–જમીન ધરાવે, ગામનો વડો, ઘણાં નોકરોનો માલીક થાય.

(૧૧) સારા મિત્રો, જીવનમાં સારી રીતે સેટ થયેલ. જ્યપીટરની અસર વાળા લોકોથી લાભ, સામાજીક સફળતા, લોકપ્રિયતા, ઈચ્છાઓ પૂરી થાય. બીલ્ડીંગ મેળવે. તમામ સુખ સગવડો ભોગવો.

(૧૨) કાયદો, દવા અને ગુઢ ગહન વિષયો થી લાભ, જાહેર સંસ્થામાં સર્વીસ, હોસ્પીટલ અને આશ્રમોની મુલાકાત લે. વિદેશીઓ સાથે સંપર્ક સંતાનને ભય અથવા મર્યાદિત સંતાન, પિત, બરોળમાં વધારો, ખરાબ વિચારો વલણો અને છળકપટ. આ જો પીડીત હોય તો ભટકવું સંન્યાસી બને છે. ધાર્મિક જીવનમાં અંતે મોક્ષ.

## શુક્ર

ભરણી, પૂર્વા ફાલ્ગુની અને પૂર્વા ષાઢા આ નક્ષત્રમાં રહેલો કોઈપણ ગ્રહ શુક્ર જે સ્થાનમાં રહેલો હોય અને જે સ્થાન નો માલીક હોય તેનું ફળ આપશે. જયાં પડેલ હોય અને જે માલીકી હોય તે પ્રમાણે જુઓ.

(૧) વિશ્વાસુ, પ્રમાળ, લાગણીવાળો, સામાજીક લલીતકળાનો શોખ. આનંદ, સંગીત, ભાગ્ય સફળ, ગણીતશાસ્ત્રી, કવિ, જો પીડીત હોય તો ગર્ભાશયમાં તકલીફ, કીડની, ગાલ ઉપર અસર, ડાયાબીટીસ, સંપતિ એકઠી કરે છે. ઝવેરાત ખરીદે, કિંમતી કપડા ખરીદે વગેરે જાતીય સંબંધોમાં પાર્ટનરને ખુશ કરે છે.



Scanned with CamScanner

(૨) ભાગ્યશાળી, સ્ત્રીઓ મારફત અનુકુળ તરફેણ અને ઉચ્ચ અફસરો કળાકારો વગેરે પણ તરફેણ કરે સામાજીક સફળતા, લગ્ન આનંદ દાયક, ઝવેરાત ખરીદે, હોટલો ચલાવે, શણગાર અને સુખ સગવડોનો શોખીન અને છતાં સંપતિમાં વધારો સુખી લગ્ન જીવન સંદર પત્નિ, સંગીતકાર.(૩) ભાઈઓ પ્રગતિશીલ, ચિત્રકળા પસંદ કરે, ખુશ મિજાજ, આશાવાદી, સગાસંબંધી અને પાડોશી ફેવરેબલ અનુકુળ, નાણાં બચાવે, તંદુરસ્તી જાળવે. જો પીડીત હોય તો દુઃખી, ગરીબ, કરકસરીયો, અપ્રિય, લગ્નજીવનમાં અસંતોષ.(૪) સુખી ગૃહ ઘરેલું જીવન, પોતાની માતૃભૂમીમાં રહેવાનું પસંદ કરે. સહેલાઈથી વારસો મળે. મિલકતનો માલી થાય. નસીબદાર, ખાઉધરો, સુંદર માતા, ઢોરનો માલીક થાય. પૂષ્કળ દુધ અને દુધની વસ્તુઓ, જમીન જાગીર મેળવે. મોટર મળે. ટ્રન્સપોર્ટ અને શિક્ષણ વિભાગમાં સર્વિસ.(૫) રૂપાળા સંતાનો જન્મ, ખાસ કરીને પૂત્રીઓનો, સંગીતમાં પ્રતિભા શાળી, સ્નેહ સંબંધોથી લાભ, શરત, સટો, રોકાણો, સંગીત અને ટુંકા આશ્રયથી લાભ, સારો વહીવટકાર અને સલાહકાર, માતા માટે ભય.(૬) તંદુરસ્તી જાળવી શકે. અતીશયતા ન ઉભી કરે. લેબર પ્રોબ્લેમ ન થાય. મેટરનીટી, નર્સિંગ, પાડેલા પ્રાણીની જાળવણી વગેરેથી લાભ. ચામડીના રોગ. કીડની અથવા ગર્ભાશયમાં તકલીફ, ડાયાબીટીસ, ચુંટણીમાં વિજય, શત્રુપર વિજય.(૭) સામાજીક અને આર્થિક સફળતા. સારા પાર્ટનર્સ. બીઝનેસમાં સફળતા. સંતોષકારક જાહેર સંબંધો. વ્યભિચારીમાં ઘણો જ હોશિયાર. બીજી સ્ત્રીઓનો શોખીન. જાતીય આનંદના વધારે પડતા વિચારો, સુખી ગૃહ જીવન, આનંદી મુસાફરીઓ,



ઉડાઉ ખર્ચાઓ.

(૮) આવકમાં વધારો, માતાને બીમારી, સફળ બીઝનેસ, પાર્ટનર દ્વારા સંપતિ, ઈશ્વરનો ડર રાખે. વારસો, વીમા બળ તણ, જંગલથી લાભ, લાકડાનો વેપાર, કબાટ, બાથરૂમ ફીટીંગ્ઝ.

(૯) સહાનુભૂતિ વાળો, સમભાવી, પરગજુ, ઉચ્ચ અભ્યાસ, સફળતા, કળા, સંગીત, માટે સારો, સુખી લાંબી મુસાફરીઓ, પરદેશમાં સફળતા, જ્ઞાતિ બહાર અથવા વિદેશી સાથે લગ્ન કરે તેવી શકયતા, પ્રસિધ્ધિ, સારુ ભાગ્ય, પાયદળનો વડો, શિક્ષક અથવા પૂરોહિતની પૂત્રીના પ્રેમમાં પડે તેવી શકયતા, ઉચ્ચ પદવી, માન.

(૧૦) સારી વર્તણુંક, લોકપ્રિય, વિજાતીય વ્યકિતઓ સાથે સફળતા, કાયમી મિત્રો, નિષ્ફળતા મળે નહિ. વડીલ અને સંગીત થી લાભ, સુખી ઘરેલું જીવન, મધુર લગ્નજીવન, જસ્જવેરાત, મોજશોખ, આનંદ–મનોરંજન, શરત સટો, શણગાર વગેરેથી લાભ, મકાન હોય, વાહન, અભ્યાસમાં કાંઈક અડચણ, ઓછી મોટી બહેનો, દવાદુવીમાં સફળતા.

(૧૧) ઘણો જ શ્રીમંત, એશ આરામની સગવડો, વિજ્ઞાન, જમીનહોય, ખેતીથી લાભ, સારું વાહન હોય, આનંદદાયક મીત્રો, સામાજીક સફળતા, લગ્ન પછી પ્રગતિ.

(૧૨) રોમેન્ટીક જીવન, ગુપ્ત કળા આર્ટ શોધે છે. ચેરીટેબલ અને જાહેર સંસ્થાથી લાભ, એકાંતમાં શાંત જીવનનો આનંદ માણે છે. સંતોષકારક અને સુખી જાતીય જીવન નો પરમ આનંદ પૂષ્કળ પ્રમાણમાં અનીતિમય વલણ, હલકી નીચ જાતિની સ્ત્રીઓ હોય તો પણ છોડે નહિં. સારી વાતો વચનો અને નાલાયક વર્તન.



Scanned with CamScanner

## શનિ

પૂષ્ય, અનુરાધા અને ઉતરા ભાદ્રપદા નક્ષત્રમાં રહેલો કોઈપણ ગ્રહ શનિ જે ભાવમાં (કુંડલીમાં) પડેલો હોય અને જે ભાવમાં માલીક હોય તેનું ફળ આપશે.

(૧) આળસુ, સુસ્ત, કસુવાવડ, બાળકોનો વ્યય, અપ્રમાણીક, વ્યભીચારી, વિધ્નો, ભટકતો, ગરીબ, પત્નીનો લોસ, જો પોડીત હોય તો વ્યવસ્થિત, ઉદ્યોગી, જો ખરાબ ભાવમાં પડેલો હોય તો હાડકામાં ખામી, દાંત, જમણો કાન, ઘૂંટણ, બરોડ, કબજીયાત, સંધીવા, પથરી વગેરે તકલીફ.

(૨) મેકસીમમ મહેનત, મનીમમ વળતર, ઘણીજ મહેનત (સફળતા માટે નાણાં ની ખામી, જમીન–જાગીર, ખાણ, રોકાણો, કોલસો, રેફીજરેશન, સીસું વગેરેમાં સફળતા એકથી વધારે પત્નિ, અભ્યાસમાં બ્રેક, પીવાનો શોખ.

(૩) આવકમાં વધારો, સંપતિ મળે, ભાઈનું મૃત્યુ, શત્રુ પર વિજય, દાવામાં સફળતા, કુનેહબાજ, મૂત્સદી, માનસીક કંટ્રોલ, એકાગ્રતા, ઘણોજ જાગૃત, સત્યાની કાળજી રાખે.

(૪) માતાને જુનુ દરદ, જુની મિલ્કતનો વ્યય, જુદીજુદી જગ્યાએ પરદેશી મુસાફરી, પોતાની માતૃ ભૂમિમાં કમનસીબ, બદનામી, અપૂરતુ શિક્ષણ, કાળા અનાજ અને તેલીબીયાથી લાભ, રાજકારણીઓથી શત્રુતા, જીવનના અંતે એકાંતવાસ, જો સારી રીતે પડેલો હોય અને ૨,૭, અને ૧૧ ના માલીકની શુભ દષ્ટિ મેળવતો હોય તો ખજાનો મળે.



(૫) છતાં બાળક જન્મે, અધુરે બાળક જન્મે, કસુવાવડ, દતક લેવાય, સ્નેહ સંબંધોમાં નિષ્ફળતા, મોટી ઉમરેના વૃધ્ધ લોકો જ ગમે, સ્ત્રીના ચાર્ટમાં વિધુર પ્રત્યે આકર્ષણ બતાવે છે. બાળકો દ્વારા મુશકેલી, શરત–સટો, સીનેમા, ફોજદારી કાર્યવાહી • વગેરેથી નુકશાન, વારંવાર ભટકતો, નિરાશ થયેલો, પાછળથી સહન કરનારો.

(૬) બહેરો, અચળ સ્થિર, શત્રુ પર વિજય, રાજદ્વારી, આવકમાં વધારો, લોકપ્રિય, ઘણી વધારે સતા, જુનો રોગ, મજુરીની તકલીફ, પ્રાણી અને મરઘાં થી નુકશાન.

(૭) મોડા લગ્ન, માંદલી પત્નિ, બીજાની સ્ત્રીઓનો શોખ, કાનમાં દરદ, ડાહી અને વિશ્વાસુ પત્નિ, લાગણીમાં સ્થિર, ગરીબ, ભાગીદારીથી નુકશાન, ધંધા માટે અયોગ્ય, હંમેશા વિરોધી ઉભો થાય. દાવાદુવીમાં નિષ્ફળતા, ચુંટણીમાં હાર, બદનામી.

(૮) સંપતિનો વ્યય, ગુનોખોર પ્રવૃતિ, મતભેદ, ઝગડા, કહેવાય નહિ તેવા દુઃખ, વિધ્નો, નિરાશા, દિલગીરી, ધીમું મૃત્યું, જુનો રોગ, નિરાશાજનક સ્વપ્ન, પિતાનું મોત, ડુબવાનો ભય, ભારે સ્થુળ જાતીય અંગો, વ્યભીચારી, પીવાનો શોખ, કોઢ, દમ, ક્ષય, ભાઈને ડેન્જર, અપ્રમાણીક, કાળાબજારીયો, ગુપ્ત પ્રવૃતિઓ.

(૯) તત્વજ્ઞાની, છુટી છવાઈ પ્રીતિ, વૈજ્ઞાનિક, ચિંતન, ભૂસ્તરશાસ્ત્ર, ખનીજ વિદ્યા, ગુઢ ગહન વિદ્યા, આધ્યાત્મવિદ્યા, મંદિરનો જીર્ણોધ્ધાર, અનાચારી, કમનસીબી, દુઃખી ગૃહજીવન.



Scanned with CamScanner

(૧૦) ઉચ્ચ પદવી પર ઝડપી બઢતી અને ઓચિંતા પદવીમાં ઘટાડો, વિરૂધ્ધ પરિસ્થિતિ નીચી પોસ્ટ ઉપર, સતા અને પ્રેસ્ટીજ ઈજ્જત માટે મહાંત્વાકાંક્ષી, ઉદ્યોગી મહેનતુ, છતાં ધંધામાં ઓચિંતુ આર્થિક નુકશાન, (અમુક કેસોમાં જોવા મળેલું છે કે સીનેમાં એકટર અને એકટ્રેસમાં દસમે શનિ એ તેમને આવક અને સ્થાનમાં ઘણાંજ વધારો કરવામાં મદદ કરે છે. પરંતુ અંતમાં બધું ગુમાવાય છે. અને જીવન સામાન્ય નિરાશાજનક પસાર કરે છે. આવી જ રીતે મહાન રાજદ્વારીઓ અને સતાધારીઓ ને પણ શનિ ૧૦મે હોય તેમણે હાઈ એસ્ટ સૌથી ઉચ્ચ પદ મેળવેલ અને અંતે તેઓ એટલાજ નીચે પડેલા ઉચે ચઢેલા તેનાથી વધારે નીચે પડેલ (દા. ત. એક વ્યક્તિ દરીયાકીનારે એક ઝાડ ઉપર ચઢવા માંડે છે. ઝાડ ઉપર ખુબ ઉચે ચઢી અને દરીયામાં પડે છે. દરીયાનું ઉડાણ તે ઝાડ ની ઉંચાઈ ચઢલ તેના કરતા પણ વધારે હોય છે.)પવિત્ર ધાર્મિક સ્થળોની મૂલાકાત ની તકો, પરદેશી ભૂમિ પર જીવનનો આનંદ ભોગવે, ધાર્મિક સંસ્થા ઓનો વડો બને અને અચાનક પોતાની પાસે કાંઈ પણ નથી એમ માની અને સંન્યાસી બને છે.

(૧૧) મિત્રો તરીકે મોટે ભાગે વડીલો ને માટાને પસંદ કરે છે. ઈચ્છા મહાત્વકાંક્ષા પૂરી થાય. શ્રીમંત બને, જમીન હોય, રાજદ્વારી સતા, અભ્યાસમાં અડચણ મોટા ભાઈને ભય, વાહન ભોગવે, વેહિકલ, હુકમ સતા હોય, સાહસોમાં સફળતા, પ્રમોશન, લાગવગ, આવકમાં વધારો.

(૧૨) એકાંત જગ્યામાં નિવાસ, જેલકેદનો ભય, ગુપ્ત શત્રુ પ્રવૃતિનો ભય, પડતી, નુકશાન, અકસ્માત, ઈજા, ગુપ્ત દુઃખો, પ્રમસંબંધોમાં નિરાશા, જાતીય અસંતોષ, ગંદા ખરાબ હેતુ માટે



નાણાંનો વ્યય, નજર ખામી વાળી, બાળકોને બીમારી, નબળો શારીરીક બાંધો, અતિ દુઃખ. રાહુ અને કેતુ માટે બન્ને જે ગ્રહ સાથે યુતિમાં હોય તે તેનું ફળ આપે છે. જો કોઈ ગ્રહ સાથે યુતિમાં ન હોય તો જે ગ્રહ તેમના ઉપર દષ્ટિ કરતો હોય તેનું ફળ આપે છે.

જો રાહુ કેતુ કોઈ ગ્રહ સાથે યુતિમાં ન હોય અને કોઈ ગ્રહ તેના પર દષ્ટિ કરતો ન હોય તો રાહુ કેતુ જે ગ્રહના નક્ષત્રમાં હોય તે નક્ષત્ર પતિનું ફળ આપે છે. અને છેલ્લે જે રાશીમાં હોય તે રાશી પતિનું આપે છે. જો નક્ષત્ર પતિ લાભદાયી હોય તો ફાયદાકારક પરિણામની અપેક્ષા રાખી શકાય છે. જો નક્ષત્ર પતિ અથવા યુતિમાં રહેલા ગ્રહો અથવા દષ્ટિ કરતા ગ્રહો મેલેફીક અનિચ્છનીય ફળ આપતા ગ્રહો હોય તો ફકત ખરાબ પરિણામનો અનુભવ થાય.

રાહુ અને કેતુ નક્ષત્ર પતિ આપે તેના કરતાં વધારે તીવ્રતાથી અને વધારે જથ્થામાં ફળ આપે છે. ધારો કે રાહુ–કેતુ જયાં હોય ત્યાં નક્ષત્રનો માલીક પણ તેજ ભાવમાં હોય તો તે વધારે તીવ્રતાથી ફળ આપે છે. દા. ત. એક વ્યકિત કુંભ લગ્નમાં જન્મેલ છે. રાહુ ૧૦મા ભાવમાં અનુરાધા નક્ષત્રમાં છે. અને કોઈ પણ ગ્રહ યુતિમાં નથી અને દષ્ટિ પણ કરતો નથી. તો રાહુ શનિની માલીકીની રાશી પ્રથમ ભાવ અને બારમાં ભાવ અને શનિ જે ભાવમાં પડેલો છે તે ભાવનું ફળ આપશે. આ રીતે રાહુ અનુરાધામાં શનિના એજન્ટનું કાર્ય કરશે. પણ રાહુ જયેષ્ઠામાં હોય તો તે બુધનો પ્રતિનીધી બનશે. આથી બુધ જયેષ્ઠામાં હોય તેવી કલ્પના કરો અને ૫ અને ૮ મા ભાવના ફળનો નિર્દેશ કરશે. બુધ જે ભાવમાં પડેલો હોય તે ભાવના ફળનો વધારે મહત્વ આપો.



Scanned with CamScanner

## નવમાંશ કોષ્ટક (નાડી અંશ)

| | રાશિ અંશ / કલા | ૦૩ / ૨૦ | ૦૬ / ૪૦ | ૧૦ / ૦૦ | ૧૩ / ૨૦ | ૧૬ / ૪૦ | ૨૦ / ૦૦ | ૨૩ / ૨૦ | ૨૬ / ૪૦ | ૩૦ / ૦૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મેષ રાશિ અક્ષર | ચુ | ચે | ચો | લા | લી | લુ | લે | લો | આ |
| ૫ | સિંહ રાશિ અક્ષર | મા | મી | મૂ | મે | મો | ટા | ટી | ટૂ | ટે |
| ૯ | ધન રાશિ અક્ષર | યે | યો | ભા | ભી | ભુ | ધા | ફા | ઢા | ભે |
| | નવમાંશ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | નક્ષત્રપતિ | કેતુ | કેતુ | કેતુ | કેતુ | શુક્ર | શુક્ર | શુક્ર | શુક્ર | સૂર્ય |
| ૨ | વૃષભ રાશિ અક્ષર | ઈ | ઉ | એ | ઓ | વા | વી | વુ | વે | વો |
| ૬ | કન્યા રાશિ અક્ષર | ટો | પા | પી | પૂ | ષ | ણ | ઠ | પે | પો |
| ૧૦ | મકર રાશિ અક્ષર | ભો | જા | જી | ખી | ખૂ | ખે | ખો | ગા | મી |
| | નવમાંશ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | નક્ષત્રપતિ | સૂર્ય | સૂર્ય | સૂર્ય | ચંદ્ર | ચંદ્ર | ચંદ્ર | ચંદ્ર | મંગળ | મંગળ |



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | મિથુન રાશિ અક્ષર | કા | કી | કુ | ઘ | ડ. | છ | કે | કો | હા |
| ૭ | તુલા રાશિ અક્ષર | રા | રી | રૂ | રે | રો | તા | તી | તૂ | તે |
| ૧૧ | કુંભ રાશિ અક્ષર | ગૂ | ગે | ગો | સા | સી | સૂ | સે | સો | દા |
| | નવમાંશ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧ | ૨ | ૩ |
| | નક્ષત્રપતિ | મંગળ | મંગળ | રાહુ | રાહુ | રાહુ | રાહુ | ગુરૂ | ગુરૂ | ગુરૂ |
| ૪ | કક રાશિ અક્ષર | હી | હૂ | હે | હો | ડા | ડી | ડુ | ડે | ડો |
| ૮ | વૃશ્ચિક રાશિ અક્ષર | તો | ના | ની | નુ | ને | નો | ય | યી | યુ |
| ૧૨ | મીન રાશિ અક્ષર | દી | દૂ | જ્ઞા | ઝા | થા | દે | દો | ચા | ચી |
| | નવમાંશ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| | નક્ષત્રપતિ | ગુરૂ | શનિ | શનિ | શનિ | શનિ | બુધ | બુધ | બુધ | બુધ |
| રાશિ | ચરાદિ રાશી | ચર | સ્થિર | દ્વિ–સ્વભાવ | ચર | સ્થિર | દ્વિ–સ્વભાવ | ચર | સ્થિર | દ્વિ–સ્વભાવ |

## ગ્રહથી ગ્રહના બાર ભાવમાં શુભ અશુભ ફળ અંગેનું કોષ્ટક

| | સૂર્ય | | ચંદ્ર | |
|---|---|---|---|---|
| ભાવ | શુભ | અશુભ | શુભ | અશુભ |
| ૧ | શનિ–મંગળ સૂર્ય | ચંદ્ર,બુધ,ગુરૂ શુક્ર,લગ્ન | બુધ,ગુરૂ ચંદ્ર | સૂર્ય,મંગળ શુક્ર,શનિ,લગ્ન |
| ૨ | શનિ–મંગળ સૂર્ય | ચંદ્ર,બુધ,ગુરૂ શુક્ર,લગ્ન | મંગળ,ગુરૂ | સૂર્ય,બુધ શુક્ર,શનિ,લગ્ન,ચંદ્ર |
| ૩ | ચંદ્ર,બુધ,લગ્ન | મંગળ,ગુરૂ શુક્ર,શનિ,સૂર્ય | સૂર્ય ,મંગળ, બુધ,શુક્ર શનિ,લગ્ન,ચંદ્ર | ગુરૂ |
| ૪ | મંગળ,શનિ લગ્ન,સૂર્ય | ચંદ્ર,બુધ ગુરૂ,શુક્ર | બુધ,ગુરૂ શુક્ર | સુર્ય ,મંગળ શનિ,લગ્ન,ચંદ્ર |



| | | | | |
|---|---|---|---|---|
| ૫ | બુધ,ગુરૂ | ચંદ્ર,મંગળ,શુક્ર શનિ, લગ્ન,સુર્ય | મંગળ,બુધ શુક્ર,શનિ | સૂર્ય,ગુરૂ લગ્ન,ચંદ્ર |
| ૬ | ચંદ્ર,બુધ,ગુરૂ શુક્ર,લગ્ન | મંગળ,શનિ સુર્ય | સૂર્ય, મંગળ શનિ, લગ્ન,ચંદ્ર | બુધ,ગુરૂ શુક્ર |
| ૭ | મંગળ,શુક્ર શનિ, સુર્ય | ચંદ્ર,બુધ,ગુરૂ લગ્ન | સૂર્ય,બુધ ગુરૂ,શુક્ર,ચંદ્ર | મંગળ,શનિ લગ્ન |
| ૮ | મંગળ,શનિ સુર્ય | ચંદ્ર,બુધ ગુરૂ,શુક્ર,લગ્ન | સૂર્ય,બુધ ગુરૂ | મંગળ,શુક્ર શનિ, લગ્ન,ચંદ્ર |
| ૯ | મંગળ,બુધ ગુરૂ,શનિ,સુર્ય | ચંદ્ર,શુક્ર લગ્ન | શુક,ચંદ્ર | સૂર્યમંગળ બુધ,ગુરૂ શનિ,લગ્ન |



Scanned with CamScanner

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ચંદ્ર,મંગળ<br>બુધ,શનિ<br>લગ્ન, સુર્ય | ગુરૂ,શુક્ર | લગ્ન,સૂર્ય<br>મંગળ,બુધ,ચંદ્ર<br>ગુરૂ,શુક્ર | શનિ |
| ૧૧ | ચંદ્ર,બુધ,<br>મંગળ,ગુરૂ<br>શનિ,લગ્ન,સુર્ય | શુક્ર | દરેક ગ્રહો | – |
| ૧૨ | બુધ,શુક્ર<br>લગ્ન | ચંદ્ર,મંગળ<br>ગુરૂ,શનિ,સુર્ય | – | દરેક ગ્રહો |



**ગ્રહથી ગ્રહના બાર ભાવમાં શુભ અશુભ ફળ અંગેનું કોષ્ટક**

| | મંગળ | | બુધ | |
|---|---|---|---|---|
| ભાવ | શુભ | અશુભ | શુભ | અશુભ |
| ૧ | લગ્ન,શનિ<br>મંગળ | સૂર્ય,ચંદ્ર<br>બુધ,ગુરૂ,શુક્ર | લગ્ન,શનિ,મંગળ<br>શુક્ર,બુધ | સૂર્ય,ચંદ્ર<br>ગુરૂ |
| ૨ | મંગળ | સૂર્ય,ચંદ્ર,બુધ,<br>ગુરૂ,શુક્ર,શનિ | ચંદ્ર,મંગળ,શુક્ર<br>શનિ,લગ્ન | સૂર્ય,ગુરૂ,<br>બુધ |
| ૩ | સુર્ય,ચંદ્ર,બુધ<br>લગ્ન | ગુરૂ,શુક્ર<br>શનિ,મંગળ | શુક્ર,બુધ | સૂર્ય, ચંદ્ર,મંગળ<br>ગુરૂ,શનિ,લગ્ન |
| ૪ | શનિ,મંગળ | સૂર્ય,ચંદ્ર,બુધ,<br>ગુરૂ,શુક્ર,લગ્ન | ચંદ્ર,મંગળ,શુક્ર<br>શનિ,લગ્ન | સૂર્ય,ગુરૂ,બુધ |



Scanned with CamScanner

| ભાવ | શુભ | અશુભ | શુભ | અશુભ |
|---|---|---|---|---|
| ૫ | સુર્ય,બુધ | ચંદ્ર,ગુરૂ,શુક્ર, શનિ,લગ્ન,મંગળ | સુર્ય,શુક્ર,બુધ | સૂર્ય,મંગળ,ગુરૂ શનિ,લગ્ન |
| ૬ | સુર્ય,ચંદ્ર,બુધ ગુરૂ,શુક્ર,લગ્ન | શનિ, મંગળ | સુર્ય,ચંદ્ર,ગુરૂ લગ્ન,બુધ | મંગળ,શુક્ર, શનિ |
| ૭ | શનિ, મંગળ | સુર્ય,ચંદ્ર,બુધ ગુરૂ,શુક્ર,લગ્ન | મંગળ,શનિ | સુર્ય,ચંદ્ર,ગુરૂ, શુક્ર,લગ્ન,બુધ |
| ૮ | શુક્ર, શનિ | સુર્ય,ચંદ્ર,બુધ ગુરૂ,લગ્ન,મંગળ | ચંદ્ર,મંગળ,ગુરૂ શુક્ર,શનિ,લગ્ન | સુર્ય,બુધ |
| ૯ | શનિ | સુર્ય,ચંદ્ર,બુધ ગુરૂ,શુક્ર,લગ્ન, મંગળ | સુર્ય,મંગળ,શુક્ર શનિ,બુધ | ચંદ્ર,ગુરૂ,લગ્ન |



| ભાવ | શુભ | અશુભ | શુભ | અશુભ |
|---|---|---|---|---|
| ૧૦ | સુર્ય,ગુરૂ,શનિ લગ્ન,મંગળ | ચંદ્ર,બુધ,શુક્ર | ચંદ્ર,મંગળ,શનિ લગ્ન,બુધ | સુર્ય,ગુરૂ,શુક્ર |
| ૧૧ | દરેક ગ્રહો | — | દરેક ગ્રહો | — |
| ૧૨ | ગુરૂ,શુક્ર | સુર્ય,ચંદ્ર,બુધ, શનિ,લગ્ન,મંગળ | સુર્ય,ગુરૂ,બુધ | ચંદ્ર,મંગળ,શુક્ર શનિ,લગ્ન |
| | | | | |
| | | | | |



Scanned with CamScanner

## ગ્રહથી ગ્રહના બાર ભાવમાં શુભ અશુભ ફળ અંગેનું કોષ્ટક

| | ગુરૂ | | શુક્ર | |
|---|---|---|---|---|
| ભાવ | શુભ | અશુભ | શુભ | અશુભ |
| ૧ | લગ્ન,મંગળ સુર્ય,બુધ,ગુરૂ | ચંદ્ર,શુક્ર,શનિ | ચંદ્ર,લગ્ન,શુક્ર | સુર્ય,મંગળ,બુધ ગુરૂ,શનિ |
| ૨ | સુર્ય,ચંદ્ર,મંગળ બુધ,શુક્ર,લગ્ન,ગુરૂ | શનિ | ચંદ્ર,લગ્ન,શુક્ર | સુર્ય,મંગળ,બુધ ગુરૂ,શનિ |
| ૩ | સુર્ય,શનિ,ગુરૂ | ચંદ્ર,મંગળ,બુધ શુક્ર,લગ્ન | ચંદ્ર,મંગળ,બુધ, શનિ,લગ્ન,શુક્ર | સુર્ય,ગુરૂ |
| ૪ | સુર્ય,મંગળ,બુધ લગ્ન,ગુરૂ | ચંદ્ર,શુક્ર,શનિ | ચંદ્ર,મંગળ,શનિ લગ્ન,શુક્ર | સુર્ય,બુધ,ગુરૂ |



| ભાવ | શુભ | અશુભ | શુભ | અશુભ |
|---|---|---|---|---|
| ૫ | ચંદ્ર,બુધ,શુક્ર, શનિ,લગ્ન | સુર્ય,મંગળ,ગુરૂ | ચંદ્ર,બુધ,ગુરૂ શનિ,લગ્ન,શુક્ર | સુર્ય,મંગળ |
| ૬ | સુર્ય,બુધ,શનિ લગ્ન | ચંદ્ર,મંગળ,શુક્ર ગુરૂ | મંગળ,બુધ | સુર્ય,ચંદ્ર,ગુરૂ શનિ,લગ્ન,શુક્ર |
| ૭ | સુર્ય,ચંદ્ર,મંગળ લગ્ન,ગુરૂ | બુધ,શુક્ર,શનિ | – | દરેક ગ્રહો |
| ૮ | સુર્ય,મંગળ ગુરૂ | ચંદ્ર,બુધ,શુક્ર શનિ,લગ્ન | ગુરૂ,શનિ,લગ્ન સુર્ય,ચંદ્ર,શુક્ર | મંગળ, બુધ |
| ૯ | સુર્ય,ચંદ્ર,બુધ શુક્ર,લગ્ન | મંગળ,શનિ,ગુરૂ | ચંદ્ર,મંગળ,બુધ ગુરૂ,શનિ,લગ્ન શુક્ર | સુર્ય |



Scanned with CamScanner

| ભાવ | શુભ | અશુભ | શુભ | અશુભ |
|---|---|---|---|---|
| ૧૦ | સુર્ય,મંગળ,બુધ શુક્ર,લગ્ન,ગુરૂ | ચંદ્ર,શનિ | ગુરૂ,શનિ,શુક્ર | સુર્ય,ચંદ્ર,મંગળ બુધ, લગ્ન |
| ૧૧ | સુર્ય,ચંદ્ર,મંગળ બુધ,શુક્ર,લગ્ન,ગુરૂ | શનિ | દરેક ગ્રહો | — |
| ૧૨ | શનિ | સુર્ય,ચંદ્ર,મંગળ બુધ,શુક્ર,લગ્ન,ગુરૂ | સુર્ય,ચંદ્ર,મંગળ | સુર્ય,ચંદ્ર,લગ્ન શનિ |
| | | | | |
| | | | | |



| ગ્રહથી ગ્રહના બાર ભાવમાં શુભ અશુભ ફળ અંગેનું કોષ્ટક | | | | | |
|---|---|---|---|---|---|
| | શનિ | | | શનિ | |
| ભાવ | શુભ | અશુભ | ભાવ | શુભ | અશુભ |
| ૧ | સુર્ય,લગ્ન | ચંદ્ર,મંગળ,બુધ ગુરૂ,શુક્ર,શનિ | ૫ | મંગળ,ગુરૂ,શનિ | સુર્ય,ચંદ્ર,બુધ શુક્ર,લગ્ન |
| ૨ | સુર્ય | સુર્ય સિવાયના દરેક ગ્રહો | ૬ | સુર્ય સિવાયના દરેક ગ્રહો | સુર્ય |
| ૩ | ચંદ્ર,મંગળ,લગ્ન શનિ | સુર્ય,બુધ,ગુરૂ શુક્ર | ૭ | સુર્ય | સુર્ય સિવાયના દરેક ગ્રહો |
| ૪ | સુર્ય,લગ્ન | ચંદ્ર,મંગળ,બુધ ગુરૂ,શુક્ર,શનિ | ૮ | સુર્ય,બુધ | ચંદ્ર,મંગળ,શનિ ગુરૂ,શુક્ર,લગ્ન |
| | | | | | |

## ગ્રહથી ગ્રહના બાર ભાવમાં શુભ અશુભ ફળ અંગેનું કોષ્ટક

| ભાવ | શનિ – શુભ | શનિ – અશુભ |
|---|---|---|
| ૯ | બુધ | બુધ સિવાયના દરેક ગ્રહો |
| ૧૦ | સુર્ય,મંગળ,બુધ લગ્ન | ચંદ્ર,ગુરૂ,શુક્ર શનિ |
| ૧૧ | દરેક ગ્રહો | – |
| ૧૨ | મંગળ,બુધ ગુરૂ,શુક્ર | સુર્ય,ચંદ્ર, લગ્ન,શનિ |



## અષ્ટક વર્ગ બિન્દુ(શૂન્ય) = કરણ – અશુભ, રેખા – શુભ, સૂર્ય – બિન્દુ રેખા કોષ્ટક

| ઘર | ભાવ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | લગ્ન | અશુભ કરણ | શુભ રેખા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લગ્ન | ૧ | ० | ૧ | ० | ० | ० | ૧ | ० | ૫ | ૩ |
| ૨ | દ્વિતિય | ૧ | ० | ૧ | ० | ० | ० | ૧ | ० | ૫ | ૩ |
| ૩ | તૃતિય | ० | ૧ | ० | ૧ | ० | ० | ० | ૧ | ૫ | ૩ |
| ૪ | ચતુર્થ | ૧ | ० | ૧ | ० | ० | ० | ૧ | ૧ | ૪ | ૪ |
| ૫ | પંચમ | ० | ० | ० | ૧ | ૧ | ० | ० | ० | ૬ | ૨ |
| ૬ | ષષ્ટમ | ० | ૧ | ० | ૧ | ૧ | ૧ | ० | ૧ | ૩ | ૫ |
| ૭ | સપ્તમ | ૧ | ० | ૧ | ० | ० | ૧ | ૧ | ० | ૪ | ૪ |
| ૮ | અષ્ટમ | ૧ | ० | ૧ | ० | ० | ० | ૧ | ० | ૫ | ૩ |
| ૯ | નવમ | ૧ | ० | ૧ | ૧ | ૧ | ० | ૧ | ० | ૩ | ૫ |
| ૧૦ | દશમ | ૧ | ૧ | ૧ | ૧ | ० | ० | ૧ | ૧ | ૨ | ૬ |
| ૧૧ | એકાદશમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ० | ૧ | ૧ | ૧ | ૭ |
| ૧૨ | દ્વાદશ | ० | ० | ० | ૧ | ० | ૧ | ० | ૧ | ૫ | ૩ |



Scanned with CamScanner

## ગુરૂ બિન્દુ – રેખા કોષ્ટક

| ઘર | ભાવ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | લગ્ન | અશુભ કરણ | શુભ રેખા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લગ્ન | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૩ | ૫ |
| ૨ | દ્વિતિય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૭ |
| ૩ | તૃતિય | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૫ | ૩ |
| ૪ | ચતુથ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૩ | ૫ |
| ૫ | પંચમ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૩ | ૫ |
| ૬ | ષષ્ટમ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૪ | ૪ |
| ૭ | સપ્તમ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૩ | ૫ |
| ૮ | અષ્ટમ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૫ | ૩ |
| ૯ | નવમ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૩ | ૫ |
| ૧૦ | દશમ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૬ |
| ૧૧ | એકાદશમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૭ |
| ૧૨ | દ્વાદશ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૭ | ૧ |



## મંગળ બિન્દુ – રેખા કોષ્ટક

| ઘર | ભાવ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | લગ્ન | અશુભ કરણ | શુભ રેખા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લગ્ન | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ | ૩ |
| ૨ | દ્વિતિય | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૧ |
| ૩ | તૃતિય | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૪ | ૪ |
| ૪ | ચતુથ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૬ | ૨ |
| ૫ | પંચમ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૨ |
| ૬ | ષષ્ટમ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૬ |
| ૭ | સપ્તમ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૬ | ૨ |
| ૮ | અષ્ટમ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૫ | ૩ |
| ૯ | નવમ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૭ | ૧ |
| ૧૦ | દશમ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૩ | ૫ |
| ૧૧ | એકાદશમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૮ |
| ૧૨ | દ્વાદશ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૬ | ૨ |

Scanned with CamScanner

## બુધ બિન્દુ – રેખા કોષ્ટક

| ઘર | ભાવ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | લગ્ન | અશુભ કરણ | શુભ રેખા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લગ્ન | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૩ | ૫ |
| ૨ | દ્વિતિય | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૩ | ૫ |
| ૩ | તૃતિય | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૬ | ૨ |
| ૪ | ચતુથ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૩ | ૫ |
| ૫ | પંચમ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૫ | ૩ |
| ૬ | ષષ્ટમ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૩ | ૫ |
| ૭ | સપ્તમ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૬ | ૨ |
| ૮ | અષ્ટમ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૬ |
| ૯ | નવમ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૩ | ૫ |
| ૧૦ | દશમ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૩ | ૫ |
| ૧૧ | એકાદશમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૮ |
| ૧૨ | દ્વાદશ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૫ | ૩ |



## ગુરૂ બિન્દુ – રેખા કોષ્ટક

| ઘર | ભાવ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | લગ્ન | અશુભ કરણ | શુભ રેખા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લગ્ન | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૩ | ૫ |
| ૨ | દ્વિતિય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૭ |
| ૩ | તૃતિય | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૫ | ૩ |
| ૪ | ચતુથ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૩ | ૫ |
| ૫ | પંચમ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૩ | ૫ |
| ૬ | ષષ્ટમ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૪ | ૪ |
| ૭ | સપ્તમ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૩ | ૫ |
| ૮ | અષ્ટમ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૫ | ૩ |
| ૯ | નવમ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૩ | ૫ |
| ૧૦ | દશમ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૬ |
| ૧૧ | એકાદશમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૭ |
| ૧૨ | દ્વાદશ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૭ | ૧ |

| શુક્ર બિન્દુ – રેખા કોષ્ટક | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘર | ભાવ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | લગ્ન કરણ | અશુભ રેખા | શુભ |
| ૧ | લગ્ન | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૫ | ૩ |
| ૨ | દ્વિતિય | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૫ | ૩ |
| ૩ | તૃતિય | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૨ | ૬ |
| ૪ | ચતુથ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૩ | ૫ |
| ૫ | પંચમ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૬ |
| ૬ | ષષ્ટમ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૨ |
| ૭ | સપ્તમ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૦ |
| ૮ | અષ્ટમ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૬ |
| ૯ | નવમ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૭ |
| ૧૦ | દશમ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૫ | ૩ |
| ૧૧ | એકાદશમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૮ |
| ૧૨ | દ્વાદશ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૩ |



| શનિ બિન્દુ – રેખા કોષ્ટક | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘર | ભાવ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | લગ્ન | અશુભ કરણ | શુભ રેખા |
| ૧ | લગ્ન | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૬ | ૨ |
| ૨ | દ્વિતિય | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૧ |
| ૩ | તૃતિય | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૪ | ૪ |
| ૪ | ચતુથ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૬ | ૨ |
| ૫ | પંચમ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૫ | ૩ |
| ૬ | ષષ્ટમ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૭ |
| ૭ | સપ્તમ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૧ |
| ૮ | અષ્ટમ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૨ |
| ૯ | નવમ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૧ |
| ૧૦ | દશમ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૪ | ૪ |
| ૧૧ | એકાદશમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૮ |
| ૧૨ | દ્વાદશ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૪ | ૪ |

Scanned with CamScanner

| લગ્ન બિન્દુ – રેખા કોષ્ટક | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘર | ભાવ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | લગ્ન | અશુભ કરણ | શુભ રેખા |
| ૧ | લગ્ન | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ | ૫ |
| ૨ | દ્વિતિય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૫ | ૩ |
| ૩ | તૃતિય | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૨ | ૬ |
| ૪ | ચતુથ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ | ૫ |
| ૫ | પંચમ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૬ | ૨ |
| ૬ | ષષ્ટમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૭ |
| ૭ | સપ્તમ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૭ | ૧ |
| ૮ | અષ્ટમ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૬ | ૨ |
| ૯ | નવમ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૬ | ૨ |
| ૧૦ | દશમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૭ |
| ૧૧ | એકાદશમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૭ |
| ૧૨ | દ્વાદશ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૨ |